वर्ष : 4 ◆ અંક : 5
સપ્ટેમ્બર–ઑક્ટોબર 2014
સળંગ અંક : 23

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

રાષ્ટ્રીય કે સામાજિક સફાઈને આપણે જરૂરી ગુણ માન્યો નથી ને કેળવ્યો નથી. આપણે રિવાજથી અમુક ઢબે નાહીએ છીએ એટલું જ, બાકી જે નદી, તળાવ કે કૂવાને કાંઠે આપણે શ્રાદ્ધ અને એવા બીજા ધર્મવિધિ કરીએ છીએ, ને જે જળાશયોમાં આપણે પવિત્ર સ્નાન કરીએ છીએ તેમનું પાણી બગાડતાં કે ગંદુ કરતાં આપણને છીત થતી નથી. આપણી આ ખામીને હું એક મોટો દુર્ગુણ ગણું છું અને આપણાં ગામડાંઓની તેમ જ આપણી પવિત્ર નદીઓના પવિત્ર કાંઠાઓની નામોશી ઊપજાવે તેવી અવદશા અને ગંદવાડમાંથી પેદા થતા રોગો આપણે તે દુર્ગુણનાં ફળરૂપે ભોગવીએ છીએ... જે કોઈ ફાવે તેમ થૂંકી, કચરો કે ગંદવાડ નાખી, અથવા બીજી રીતે હવાને બગાડે છે તે કુદરતનો અને માણસનો ગુનેગાર છે. માણસનું શરીર ઈશ્વરનું મંદિર છે. એ મંદિરમાં જનારી હવાને દૂષિત કરનાર મંદિરને પણ અભડાવે છે. તેનું રામનામ લીધેલું મિથ્યા છે. આપણી મ્યુનિસિપાલિટીઓના સભ્યોમાં સાચી સેવાની ભાવના હોય તો તેઓ પોતે વગર પગારના ઝાડુવાળા, ભંગી ને રસ્તા બનાવનાર બને, અને તે કામ કરવામાં ગૌરવ માને... અને જો તેમનામાં પોતાને વિશે અને પોતાના કામના વિશે શ્રદ્ધા હશે તો તેમના દૃષ્ટાંતની અસર બીજા પર પડ્યા વિના નહીં રહે !

✳

મારા મિત્રો મારા કાર્યક્રમનું પોતાના જીવનમાં સંપૂર્ણ પાલન કરીને, અથવા તો તે વિષે તેમની શ્રદ્ધા ન હોય તો મારો સંપૂર્ણ વિરોધ કરીને જ, મને વધારેમાં વધારે માન આપી શકશે. આ કર્મયુગમાં અંધભક્તિ સદંતર નિરર્થક છે, ઘણીવાર મૂંઝવનારી છે અને તેટલી જ વાર દુઃખદેણ છે.

**- ગાંધીજી**



# સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ



નામદાર રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્‌હસ્તે ગુજરાત સરકારના 'શ્રેષ્ઠ આચાર્ય'ના એવોર્ડથી વિભૂષિત થતા શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના આચાર્ય શ્રી બચુભાઈ કે. પટેલ



નામદાર રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્‌હસ્તે ગુજરાત સરકારના 'શ્રેષ્ઠ શિક્ષક'ના એવોર્ડથી વિભૂષિત થતા શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના શિક્ષક શ્રી નટુભાઈ વી. લાડાણી

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૪, અંક : ૫, સપ્ટે.-ઑક્ટો., ૨૦૧૪; સળંગ અંક : ૨૩

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● **સંપાદકીય** : સ્વચ્છ ભારત અભિયાન ૧
મણિભાઈ પ્રજાપતિ
● **પ્રાસંગિક** : ૬
– સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ
– નોબેલ પારિતોષિક વિજેતાઓ-૨૦૧૪
૧. ભારત નવપરિવર્તન ઝંખે છે
સામ પિત્રોડા
અનુ. : નીતિનકુમાર ઢાઢોદરા ૯
૨. સ્વસ્થ શિક્ષણ, સબળ શિક્ષણ, સ-ફળ શિક્ષણ : ૨૧મી સદીના ભારતની તાતી જરૂરિયાત
ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી ૧૫
૩. સંવેદનાના સૂર – વારસો
ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ ૧૯
૪. 'ડેન્ચર' કેશુભાઈ પટેલ ૨૧
૫. બર્કલી, કેલિફોર્નિયા (Berkeliy California)
વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૩
૬. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૩૩
– Gandhian Peace, Non-Violence..... ed. by Anand Sharma.
– The Philosophy of Mahabharat.... by Dr. Mahendra Shah.
૭. સંસ્થા સમાચાર ૩૭
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
– શાળા વિભાગ

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### સ્વચ્છ ભારત અભિયાન

ઈ. સ. ૨૦૧૯ એ રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીની સાર્ધ જન્મશતાબ્દીનું વર્ષ છે – રાષ્ટ્રનું અસ્મિતાપર્વ છે. પૂ. બાપુના આદર્શો, સિદ્ધાંતો તથા તેમનાં આદર્યાં – અધૂરાં કાર્યોને પરિપૂર્ણ કરવા – ચરિતાર્થ કરવા માટે આપણે શું કર્યું ? શું ન કરી શક્યા ? તેનાં લેખાંજોખાં લેવાનું – આત્મમંથન કરવાનું પર્વ છે. આ મહાપર્વની ઉજવણીના ભાગરૂપે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે તેમના સીધા નિર્દેશ અનુસાર પાંચ વર્ષ આગોતરું આયોજન કરીને 'સ્વચ્છ ભારત અભિયાન'નો પ્રારંભ ગાંધીજયંતી, તા. ૨ ઑક્ટોબર, ૨૦૧૪થી કર્યો. આ અભિયાનમાં વડા પ્રધાનથી શરૂ કરીને ગ્રામ પંચાયત સુધીના સેવકો, અધિકારીઓ કલાકારો, ધનકુબેરો વગેરે હોંશે હોંશે જોડાયાના ફોટાઓ સહિતના સમાચારો વિવિધ માધ્યમોમાં પ્રસારિત – પ્રકાશિત પણ થયા ! અને થઈ રહ્યા છે. આ સંદર્ભે રાષ્ટ્રવ્યાપી ધ્યેયનિષ્ઠ અને સુનિયોજિત આયોજન થઈ રહ્યું છે જેની છેવાડાના ગામ – સમાજ – વ્યક્તિએ પણ નોંધ લીધી છે. આપણા દેશ માટે અનિવાર્યપણે જરૂરી એવી આ દૃષ્ટિવંત અને આવકાર્ય પહેલ છે. વડા પ્રધાનની આ અપીલ ભારતના પ્રત્યેક નાગરિકને સીધી રીતે જ લાગુ પડતી હોવાથી સૌને સ્પર્શી ગઈ છે. આ નવતર અભિયાનમાં પ્રજાહિત, રાષ્ટ્રહિત, રાષ્ટ્રીયચારિત્ર્ય, રાષ્ટ્રગૌરવ અને રાષ્ટ્રીયતાની આગવી ઓળખ સંનિહીત હોવાથી અહીં નકારાત્મક અભિગમને

કોઈ જ અવકાશ જ નથી – બલકે રાષ્ટ્રગૌરવ કાજે સૌએ હળીમળીને સ્વચ્છ ભારત નિર્માણનો આ પડકાર ઝીલી લઈને તેને સાકાર કરવામાં જોતરાઈ જવામાં તથા સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો વાસની ભાવનાને સાર્થક કરવામાં જ પ્રત્યેક ભારતીય નાગરિકનું ગૌરવ છે. ચાલો, આપણે સૌ આપણા આસપાસના પરિવેશની સફાઈ કાર્યમાં અને તેને હરહંમેશ સ્વચ્છ રાખવા માટે પ્રવૃત્ત થઈએ – સંકલ્પબદ્ધ બની રહીએ.

આપણે સૌ જાણીએ છીએ કે શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમની અનોખી ચિંતનશીલ પ્રકૃતિ, પહેલવૃત્તિ અને દૃઢ નિર્ણયશક્તિ માટે આગવી મુદ્રા ધરાવે છે. લીધેલ સંકલ્પને યથાર્થ રીતે પૂર્ણ કરીને જ તેઓશ્રી ઝંપે છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે અનેકવિધ અકલ્પનીય અભિયાનો સંપન્ન કર્યાં હતાં. ઉદા., તરીકે 'વાંચે ગુજરાત' વગેરે. વડા પ્રધાન બન્યા બાદ તેમણે સુનિયોજિત રીતે હાથ ધરેલ ગંગા શુદ્ધીકરણનો પ્રકલ્પ સર્વાંશે શ્લાઘનીય છે. પ્રાપ્ત ઐતિહાસિક ઉલ્લેખો અનુસાર રાજા અશોક (ઈસવીસન પૂર્વે ત્રીજી સદી)ના સમયથી વખતોવખત ગંગા નદીના શુદ્ધીકરણના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ પ્રયાસો પૈકી પ્રસ્તુત પ્રયાસ અનેકવિધ રીતે સ્તુત્ય બની રહે છે. અનુભવે જણાયું છે કે રાજકીય સ્તરે શરૂ કરવામાં આવતાં આવાં અભિયાનોમાં સરકારની પ્રતિબદ્ધતાની સાથે સાથે પ્રજાનો હૂંફાળો સહયોગ પ્રાપ્ત થાય તો જ આવાં કાર્યો સુચારુ રીતે સંપન્ન થતાં હોય છે. અન્યથા રાજકીય ઉદ્દેશોની પરિપૂર્તિની સાથે લાખોના ખર્ચે તૈયાર કરવામાં આવેલાં હોર્ડિંગ્સ ઉપર જ રહી જતાં હોય છે. રાજકારણીઓ આવી લોભામણી જાહેરાતોના પ્રચાર-પ્રસારમાં જ ઇતિઅલમથી સંતૃપ્તિનો ઓડકાર અનુભવતા હોય છે. ઉદા., તરીકે 'વાંચે ગુજરાત' અભિયાન પ્રજાની વાચનભૂખ જગાડવાનો, વાચન થકી પ્રજાના સુસંસ્કારી ઘડતર – સામાજિક સમરસતા કેળવવી વગેરે લાંબા ગાળાના અનેકવિધ ઉદ્દેશો સાથે ગુજરાતની સુવર્ણજયંતીની ઉજવણી નિમિત્તે વર્ષ દરમિયાન ભારે ઉત્સાહ સાથે હાથ ધરવામાં આવ્યું હતું. વિશ્વમાં કોઈએ હાથ ન ધર્યો હોય એવો આ એક શ્રેષ્ઠ નવતર પ્રયોગ હતો. તેને શતાબ્દીઓ સુધી સતત ગુંજતો રાખવા જેવો કાર્યક્રમ હોવા છતાં ગુજરાતની સુવર્ણજયંતીની ઉજવણીની પૂર્ણાહુતિ સાથે જ તેની પણ પૂર્ણાહુતિ થઈ ગઈ ! કાળના પ્રવાહમાં તેનું અસ્તિત્વ વિગલિત થઈ ગયું ! સ્થાયી ઉત્સાહભાવ જળવાઈ રહે તે રીતે આ કાર્યક્રમ પુનઃ જીવિત કરવા પુનર્વિચારણા અપેક્ષિત છે.

મહાત્મા ગાંધી કૃત સાહિત્ય ઉપર દૃષ્ટિપાત કરતાં – અરે, તેનો અનુક્રમ કે સૂચિ ભાગ જોતાં તેમણે આ ચરાચર જગતના કેટકેટલા બધા વિષયોમાં ખેડાણ કર્યું છે તેની સહજમાં પ્રતીતિ થાય છે. સ્વચ્છતાના તેઓશ્રી કેટલા ભારે આગ્રહી હતા તે તેમનાં વિધાનો અને સ્વચ્છતા સંબંધી તેમણે કરેલ કાર્યોના આધારે પ્રતિફલિત થાય છે. તેમણે કહ્યું છે કે – "રાષ્ટ્રીય કે સામાજિક સફાઈને આપણે જરૂરી ગુણ માન્યો નથી ને કેળવ્યો નથી. આપણે રિવાજથી અમુક ઢબે નાહીએ છીએ એટલું જ, બાકી જે નદી, તળાવ કે કૂવાને કાંઠે આપણે શ્રાદ્ધ અને એવા બીજા ધર્મવિધિ કરીએ છીએ, ને જે જળાશયોમાં આપણે પવિત્ર સ્નાન કરીએ છીએ તેમનું પાણી બગાડતાં કે ગંદુ કરતાં આપણને છીત થતી નથી. આપણી આ ખામીને હું એક મોટો દુર્ગુણ ગણું છું... આપણી મ્યુનિસિપાલિટીઓના સભ્યોમાં સાચી સેવાની ભાવના હોય તો તેઓ પોતે વગર પગારના ઝાડુવાળા, ભંગી ને રસ્તા બનાવનાર બને, અને તે કામ કરવામાં ગૌરવ માને... અને જો તેમનામાં પોતાને વિશે અને પોતાના કામના વિશે શ્રદ્ધા હશે તો તેમના દૃષ્ટાંતની અસર બીજા પર પડ્યા વિના નહીં રહે !" આ પ્રકારનાં અનેકવિધ વિધાનો ગાંધી સાહિત્ય ફંફોસવાથી મળી રહેશે.

બાપુ પાયખાનાની સફાઈ કરવામાં પણ હિચકિચાટ અનુભવતા ન હતા. આ સંબંધી આપણા કવિ ઉમાશંકર જોશીએ નોંધેલ એક ઉદાહરણ પર્યાપ્ત થઈ પડશે. તેમના જ શબ્દોમાં :

"દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા ફર્યા પછી પોતાના થોડાક સાથીઓ સાથે એક વાર ગાંધીજી ગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા. અલબત્ત, સૌ ત્રીજા વર્ગના ડબામાં હતા. જાજરૂ અસ્વચ્છ જોઈને એ સાફ કરવાનો ગાંધીજીએ સાથીઓ આગળ પ્રસ્તાવ મૂક્યો.

પણ પાણીની ટાંકી ખાલી હતી. મંડળી પાસે એક

લોટો પાણી ભરેલો હતો એ જ.

ગાંધીજીએ રસ્તો કાઢ્યો. એક છાપું લીધું. બોલ્યા : ચાલો, આ છાપાની મદદથી પાણીના માત્ર એક લોટા વડે આખું જાજરૂ કેમ સ્વચ્છ થઈ શકે છે એ બતાવું.

અને પછી પોતાને હાથે જાજરૂની બધી ગંદકી સાફ કરી સ્વચ્છતા-કાર્યનો એક પદાર્થપાઠ સાથીઓને આપ્યો.

વડા પ્રધાનશ્રીએ સ્વચ્છ ભારત કરવા સંબંધી સેવેલ સ્વપ્નાં સાકાર કરવા આપણે સૌ – નેતાઓ સહિત – ગાંધીચીંધ્યા આ માર્ગે પ્રવૃત્ત થઈ શકીશું ?

આપણે આસપાસ ગંદકી, અનીતિપૂર્ણ વ્યવહાર, ભ્રષ્ટાચાર વગેરે વગેરે જોઈએ છીએ ખરા, પરંતુ એક યા બીજા કારણોસર તેને અટકાવવા નિસ્પૃહી રહીએ છીએ. – મારે શું ? હું શું કરી શકું ? તેમ કહીને હાથ ખંખેરી નાખીએ છીએ. આ સંદર્ભે આપણા વાચનસમૃદ્ધ પ્રબુદ્ધ ચિંતક ગુણવંત શાહ કહે છે કે આજે જરૂર છે 'જટાયુવૃત્તિ'ની, જેનો આપણામાં સદંતર અભાવ છે. તેમણે જટાયુના પાત્ર દ્વારા પ્રવર્તમાન સમસ્યાઓના ઉકેલ અર્થે જે પ્રબોધન કરેલ છે તે હૃદયંગમ હોઈ તેમના જ શબ્દોમાં જોઈએ :

''સીતાના અપહરણ વખતે જટાયુ જ્યારે પોતાનું બલિદાન આપવા તૈયાર થયો, ત્યારે ગીધોના સમાજમાં જે વ્યવહારુ લોકો હતા એમણે કહ્યું હશે કે, ''જટાયુ, આ રામ ને રાવણની તકરારમાં તું કાં પડ્યો ? એ બહુ બળવાન લોકો છે. એમાં તારો પત્તો નહીં લાગે. રાવણ ક્યાં અને તું ક્યાં ? જરા વિચાર કર.''

તો જટાયુએ વડીલોને જવાબ આપ્યો : ''મારા જીવતાં રાવણ સીતાનું અપહરણ કરી શકે નહીં. મારા જીવતાં ન થઈ શકે.'' અને જટાયુ લડ્યો.

ગાંધીજીના ગયા પછી આ સમાજની જટાયુવૃત્તિ ખતમ થતી ગઈ છે. આ સમાજનું એક ધ્રુવ વાક્ય છે કે, આપણે એમાં શું કરી શકીએ ?

ગાંધીજી ચંપારણ ગયા. ચંપારણમાં એમ કહી શક્યા હોત કે, આપણે તો હવે શું કરી શકીએ ? બારડોલી ગયા ત્યારે બોલી શક્યા હોત કે, આપણે એમાં શું કરી શકીએ ? ખેડૂતના મહેસૂલનો પ્રશ્ન છે ને એમાં આપણે ક્યાં પડીએ ? તો 'આપણે એમાં શું કરી શકીએ ?'' એમ બોલતાં બોલતાં જ ગાંધીજી વિદાય થયા હોત. અંગ્રેજોના રાજમાં એવું જ હતું કે ઘણાખરા લોકો બોલતા કે અંગ્રેજ સરકાર સામે આપણે નહીં પહોંચી વળીએ. આ જ દેશમાં માટીમાંથી મરદ બનાવ્યા ગાંધીએ. આ નિર્વીર્ય સમાજ હતો તદ્દન. એની પાસે ગાંધીએ જે રીતે કામ લીધું એમાં જટાયુ જીવતો થયો.''

આ સ્વચ્છતા અભિયાન સંદર્ભે – સફાઈ કાર્ય કરવા સંદર્ભે આપણને પણ એમ જ થાય કે આપણે એમાં શું કરી શકીએ ? આ વિચાર માત્ર ભયાવહ છે. આપણે ગંદકી સાફ પણ કરી શકીએ. અને કમ સે કમ ગંદકી ફેલાવતાં અટકી શકીએ જ. આપણા ભારતીય ભાઈ-બહેનો સિંગાપોર, યુરોપ, અમેરિકા ઇત્યાદિના વિદેશ પ્રવાસ દરમિયાન ડાહ્યા- ડમરા થઈને ત્યાંના આચાર-વિચારનું પાલન કરીને ત્યાં કાગળનો એક ટુકડો પણ રોડ ઉપર ફેંકવાનું સાહસ કરતા નથી. અને વક્રતા તો એ છે કે સ્વદેશ પરત થઈને ત્યાંની સ્વચ્છતાનાં અહોભાવથી ગુણગાન ગાતાં ગાતાં ગમે ત્યાં કચરો નાખવાની પોતાની મૂળભૂત ટેવો પુનઃ ચાલુ કરી દે છે અને કહેતા ફરે છે કે અહીંના લોકોને સ્વચ્છતાનું ભાન જ નથી ! 'પરોપદેશે પાંડિત્યમ'એ આપણી પ્રકૃતિ રહી છે. આ સંદર્ભે ગાંધીજીનું વિધાન – ''જો આપણે એક વસ્તુ પશ્ચિમ પાસેથી શીખવાની હોય તો તે તેની ચોખ્ખાઈની પદ્ધતિ છે. પશ્ચિમના લોકોએ સામુદાયિક સ્વચ્છતાનું જે શાસ્ત્ર કાઢ્યું છે તેમાં આપણે ઘણું શીખવાનું છે.'' – દૃષ્ટવ્ય બની રહે છે.

આપણા ત્યાં ઠેર ઠેર ગંદકી અને સ્વચ્છતાનો અભાવ દર્શાવતી કેટલીક નોંધો વિદેશી પ્રવાસીઓએ તેમના પ્રવાસ વર્ણનોમાં પણ કરી છે. આ પૈકી અમેરિકાની મિસ કેથરિન મેયોએ તેના ગ્રંથ Mother India (1427)માં કોલકાતાના કાલિમંદિરમાં સ્વચ્છતાના સદંતર અભાવ સંદર્ભે કરેલ વર્ણન તેના વાચક માત્રને દ્રવિત કરી મૂકે તેવું છે. તેની કેટલીક ટીકા-ટિપ્પણીઓ સામે આપણે સંમત ન થઈ શકીએ. આમ છતાં આ ગ્રંથ અનેકવિધ દૃષ્ટિએ આપણી આંખ ઉઘાડનાર છે.

'સ્વચ્છ ભારત અભિયાન'ને સાર્થક કરવા નીચે દર્શાવ્યા મુજબનાં કેટલાંક પગલાં ઉપયોગી થઈ શકે :

૧. કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત રાષ્ટ્રીય સેવા યોજના

(N.S.S.)ના રાષ્ટ્રનાં શાળા-કૉલેજો-યુનિવર્સિટીઓનાં બધાં જ એકમોની વાર્ષિક શિબિરો આગામી પાંચ વર્ષ માટે સ્વચ્છ ભારત અભિયાનને કેન્દ્રમાં રાખીને આયોજિત કરવી. આ ઉપરાંત વેકેશન દરમિયાન આ સંબંધી ખાસ શિબિરોનું આયોજન કરવું. (નોંધ : આ યોજના હેઠળ સમગ્ર દેશના ૩૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ જોડાયેલા હોવાથી તેમની સેવાનો અકલ્પ્ય લાભ મળી શકે.)

૨. ગ્રામપંચાયતથી સંસદ સુધીના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતપોતાનાં ક્ષેત્રોમાં ગાંધીજીની અપેક્ષા મુજબ સ્વચ્છતા અભિયાન માટે પ્રવૃત્ત થાય – સક્રિય ભાગીદારી નોંધાવે.

૩. શાળા-કૉલેજ-યુનિવર્સિટી કે સરકારી - બિનસરકારી કાર્યાલયો અને આસપાસના વિસ્તારને સ્વચ્છ અને સુંદર રાખવા માટે પ્રતિ સપ્તાહદીઠ ફરજના કાર્યકાળ બાદ પ્રત્યેક વિદ્યાર્થી / કર્મચારી / અધિકારીએ એક કલાક શ્રમદાન માટે સ્વેચ્છાએ છતાં ફરજિયાતપણે ફાળવવો અને તે પણ સેવક કે અધિકારીનું વળગણ દૂર કરીને.

૪. તીર્થસ્થાનો અને અન્ય જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા સંબંધી નિયમોના ચુસ્તપાલનમાં કડક વલણ અપનાવવું.

૫. સ્વચ્છતા જાળવવા સંબંધી જાગરૂકતા કેળવવા માટે જાહેર રસ્તાઓ ઉપર નયનરમ્ય સૂચનાપટ્ટ તથા સુબોધગમ્ય સૂક્તિઓ મૂકવાં તેમજ પર્યાપ્ત માત્રામાં કચરાપેટીઓની વ્યવસ્થા કરવી અને કચરાના નિકાલ માટે યોગ્ય તે વ્યવસ્થાતંત્ર ગોઠવવું.

૬. વિવિધ માધ્યમોમાં સમયાંતરે કાયમી ધોરણે – યાવદ ચંદ્ર દિવાકરૌ – સ્વચ્છતા અભિયાન જીવંત રાખવું.

આજના સમયનો તકાજો એ છે કે વિશ્વના વિકસિત દેશોની હરોળમાં ભારતને લઈ જવા માટે સ્વચ્છતા સંદર્ભે આંખ આડા કાન દૂર કરીને તેમજ પક્ષાપક્ષી ત્યજીને સ્વચ્છ ભારત નિર્માણમાં આપણે સૌ સંકલ્પબદ્ધ થઈએ. અને આટલેથી ન અટકતાં લાંચ-રુશ્વત, ભ્રષ્ટાચાર, કામચોરી, સમયપાલન તથા ઉત્તરદાયિત્વનો અભાવ વગેરેની અમર્યાદ રીતે સર્વત્ર ફૂલી ફાલી રહેલી વૃત્તિને નાથવી જ રહી ! હવે આરોગ્ય અને સુંદરતાની સુખાકારી હાંસલ કરવાની સાથે સાથે રાષ્ટ્રીય ચારિત્ર્યને વધુ સ્વચ્છ બનાવવા આ પ્રકારની સ્વચ્છતાનું અભિયાન વહેલી તકે શરૂ કરવું જોઈએ.

* * *

આ સાથે પ્રસંગોચિત વાત કરવી છે સર્વ વિદ્યાલયના પાયામાં રહેલા તેના કલ્ચરની અને તેના દૂરંદેશી કર્ણધારોના ખમીરની. સંસ્થાની સ્થાપનાના ૪ જ વર્ષ બાદ તા. ૪ જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ વડોદરા નરેશ સર સયાજીરાવ ગાયકવાડ આ સંસ્થાની મુલાકાત લેશે તેમ ગોઠવાયું હતું; પરંતુ રાજ્યના સ્કાઉટ કમિશનરે સંસ્થાની આગળના દિવસે મુલાકાત લઈને મહારાજાની મુલાકાત સમયે સ્કાઉટે ઈશ્વર, રાજા અને દેશ માટે વફાદારીના સોગંદ લેવા સૂચવ્યું. આ ત્રણ પૈકી રાજા શબ્દ ઇંગ્લૅન્ડના રાજા માટે પ્રયોજાયેલ હોવાથી રાજાની વફાદારીના સોગન એટલે ભારતને કાયમ માટે અંગ્રેજોના હાથ નીચે આપવાનું તથા ભારતની આઝાદીનો દ્રોહ કરવાનું ગણાય તેથી સંસ્થાના કર્ણધારોએ દેશ માટે વફાદારીનો સ્વીકાર કર્યો, પરંતુ રાજાના નામે સોગંદ લેવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. કમિશનરે નારાજ થઈ દીવાનને મળીને મહારાજાની મુલાકાત રદ કરાવી અને સંસ્થાને બંડખોર ગણાવી; પરંતુ રદ કરેલ મુલાકાતના દિવસે મહારાજા સાહેબ સવારે કડીના રેલવે સ્ટેશન ઉપર ફરવા નીકળતાં બૅંડની સુમધુર સુરાવલીઓ સાંભળતાં આ બંડખોર સંસ્થાની મુલાકાતે જઈ ચડ્યા અને આશ્રમની મુલાકાત લેતાં ત્યાં ચાલતી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત થતાં જણાવ્યું હતું કે ''આવાં બંડ મારા રાજ્યમાં ગામે ગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું.''

મહાત્મા ગાંધીએ પણ આ શાળાની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને તા. ૨૩–૭–૧૯૨૯ના રોજ મુલાકાત લીધી હતી. તેમણે રાજીપો વ્યક્ત કરતાં કહ્યું હતું કે ''આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે

વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થતું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવા જોગ છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.''

આઝાદી બાદ ઈ. સ. ૧૯૬૪–૬૬માં રચાયેલ કોઠારી કમિશને શાળાઓમાં વ્યવસાયિક અભ્યાસક્રમો શરૂ કરવા ભલામણ કરી હતી. આશ્ચર્ય તો એ છે કે કોઠારી કમિશનની ભલામણો પૈકીના કેટલાક અભ્યાસક્રમો જેમ કે સુથારી, લુહારી, પ્રિન્ટિંગ વગેરે સંસ્થાના સ્થાપનાકાળથી જ ચલાવવામાં આવતા હતા.

કેળવણી મંડળના સદ્‌ગત ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની સંસ્થાભક્તિ અને ખુમારીનાં બે ઉદાહરણો જ પર્યાપ્ત થઈ પડશે – ૧. ડૉ. કનુભાઈ ધ. પટેલે સાહેબ સાથેનાં સંસ્મરણો વર્ણવતાં નોંધ્યું છે કે : ''વર્ષો પહેલાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને બે કરોડ ઉપરાંત દેવું હતું ત્યારે ઑફિસમાં મેં સાહેબને સવાલ કરેલ કે આપણી સંસ્થાને સમાજ પોષે છે, પણ ધારો કે કાંઈક અણધાર્યું બની જાય તો સંસ્થાનું દેવું કેવી રીતે પૂરું કરીશું ? મારા આશ્ચર્ય વચ્ચે એમણે એક કાગળ પરનું લખાણ મને વંચાવેલ અને તેનો સાર એ હતો કે જો સંસ્થા ઉપર કોઈક મુસીબત આવે અને દેવું ભરવાનું આવે તો મારી (સાહેબની) મિલકતમાંથી આ દેવું પૂરું કરવું. કોણ આટલી જવાબદારી રાખે ? કોણ આટલી ખુમારીથી સેવાકાર્ય કરી શકે ?'' ૨. KSVના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ પોતાની હાજરીમાં બનેલ ઘટના વર્ણવતાં નોંધ્યું છે કે, ''નર્સિંગ કૉલેજની જમીન માટેની ચર્ચા દરમિયાન રાજ્ય સરકારના સેક્રેટરીશ્રીએ રૂ. એક કરોડ રોગી કલ્યાણ સમિતિમાં દાન આપો તો કાલે જ તમને જમીન આપીએ તેમ કહેતાં તે જ સમયે કાલુપુર બૅંકમાં ફોન કરી રૂ. એક કરોડની લોનની માગણી કરી અને બીજા જ દિવસે તેટલી રકમનો ડ્રાફ્ટ સેક્રેટરીશ્રીના હાથમાં મૂક્યો ત્યારે સેક્રેટરી ખુરશીમાંથી સફાળા ઊભા થઈ ગયા હતા.''

અને તાજું ઉદાહરણ એ કે ગાંધીજયંતી તા. ૨ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ વડા પ્રધાનશ્રીએ ''સ્વચ્છ ભારત અભિયાન''નો શુભારંભ સમગ્ર દેશમાં કરાવ્યો, જ્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે ઑગસ્ટ ૨૦૧૪માં સર્વ વિદ્યાલય સ્તરે 'સ્વચ્છતા અભિયાન' શરૂ કરવા ઉપરાંત અંતર્ગત 'મારું સ્વચ્છ અને સુંદર વિશ્વ' વિષય હેઠળ વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા સૂચના આપતાં સપ્ટેમ્બર, ૨૦૧૪માં આયોજિત કરવામાં આવેલ આ સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી તથા ગાંધીનગર શાખાની તમામ શાળા-કૉલેજોમાં અભ્યાસ કરતાં અંદાજિત ૫૨૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૨૭૨૯૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'સ્વચ્છતા અભિયાન'ના થીમને કેન્દ્રમાં રાખીને ધોરણ ૩થી ૮નાં બાળકો માટે 'સ્વચ્છ ઘર, સ્વચ્છ શાળા, સ્વચ્છ ગામ/શહેર', ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છતા લાવે સુંદરતા' અને સ્નાતક – અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છ ભારતના નિર્માણ માટે મારી ભૂમિકા' વિષયો નક્કી કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના બૌદ્ધિક સ્તર અનુસાર આ વિષય પસંદગી પાછળનું મૂળભૂત કારણ એ કે વિદ્યાર્થીઓ પોતે પોતાના આસપાસના પરિવેશને સ્વચ્છ રાખવા માટે શો ફાળો આપી શકે, તેમજ પોતાની શી ભૂમિકા હોવી જોઈએ તે સંબંધી વિચારતા – ચિંતન કરતા થાય અને પોતાના પરિવેશને સ્વચ્છ રાખવા પ્રેરાય તે રહેલ હતો.

આ ઉદાહરણો સર્વ વિદ્યાલયના કર્ણધારોનાં શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રહિત કાજે તેમનું ચિંતન કેટલું આગોતરું અને ખમીરવંતું છે તેનાં દ્યોતક છે.

**મણિભાઈ પ્રજાપતિ**

> [અમેરિકન કરોડપતિ] કાર્નેગીએ ઘણાં પુસ્તકાલયોને દાન આપ્યાં, એની જોડે જે શરતો કરી તેને ઘણા વિદ્વાનો વશ થયા. પણ સ્કોટલૅંડના વિદ્વાનોએ કાર્નેગીને કહી દીધું કે, તમારે શરત કરવી હોય તો અમારે તમારું દાન ન જોઈએ; કેવાં પુસ્તકો જોઈએ એની તમને શી ખબર પડે ?
>
> **મો૦ ક૦ ગાંધી** ['હરિજનબંધુ' : ૧-૧૦-૧૯૩૩]

# પ્રાસંગિક
# સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ

### ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ આચાર્યના ઍવોર્ડથી વિભૂષિત
### આચાર્યશ્રી બચુભાઈ કે. પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના આચાર્યશ્રી બચુભાઈ કે. પટેલને ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ના શ્રેષ્ઠ આચાર્ય તરીકેના ઍવોર્ડથી શિક્ષકદિન, તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ રોજ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી–જી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના વરદહસ્તે વિભૂષિત કરવામાં આવ્યા. શ્રી બચુભાઈ પટેલ (૧૯૬૦)નું વતન સૂરજ, તા. જોટાણા, જિ. મહેસાણા છે. તેમણે ગણિતશાસ્ત્ર સાથે M.Sc. B.edની ડિગ્રી મેળવી આદર્શ વિદ્યાલય, પાટણમાં પ્રારંભમાં શિક્ષક અને ત્યાર બાદ સુપરવાઈઝર તરીકે (૧૯૮૬-૨૦૦૪) સેવાઓ આપી હતી. અહીંના સેવાકાળ દરમિયાન વિદ્યાર્થીઓમાં ગણિતમાં રસ લઈ પરીક્ષામાં ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરે તે માટે તેઓશ્રી સતત પ્રયત્નશીલ બની રહેતાં. પાટણની હાઈસ્કૂલમાં આ શાળાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. વધુમાં, તેમણે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સ્થપાયેલ 'પાટણ ગણિત પરિવાર મંડળ'ના મંત્રી તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપી ગણિતના પ્રચાર-પ્રસાર અર્થે અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત 'પાટણ રોટરી સિટી'ના સભ્ય તરીકે જોડાઈને અનેકવિધ સેવાકાર્યો જેમ કે બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, વિકલાંગ સહાયતા, પલ્સ પૉલિયો રસીકરણ વગેરેમાં સક્રિય કામગીરી કરી હતી. શેઠ સી. એમ. હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે જોડાયા (૨૦૦૪) બાદ આ શાળાને ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પ્રસ્થાપિત કરવામાં તેમની અહમ્ ભૂમિકા રહી છે. તેમના નેતૃત્વ હેઠળ અને સમગ્ર શાળા-પરિવારના ધ્યેયનિષ્ઠ પ્રયાસોના કારણે આ શાળાએ ગાંધીનગર જિલ્લાનો શ્રેષ્ઠ શાળા ઍવોર્ડ (૨૦૦૮-૦૯) મેળવ્યો હતો. આ શાળાની નોંધપાત્ર ઉપલબ્ધિ એ કે પ્રતિવર્ષ ૩૫-૪૦ જેટલા વિદ્યાર્થીઓ મૅડિકલમાં પ્રવેશ મેળવે છે, તેમજ ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં આ શાળાનું પરિણામ સર્વાંશે શ્રેષ્ઠ રહે છે. આ શાળાના વિદ્યાર્થીઓ શિક્ષણને પૂરક એવી અનેકવિધ પ્રવૃત્તિઓ જેમ કે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગણિત – વિજ્ઞાન મેળાઓ વગેરેમાં ઘણી મોટી સંખ્યામાં ભાગ લઈને શ્રેષ્ઠ સિદ્ધિઓ હાંસલ કરતા રહે છે, જેનું શ્રેય આચાર્યશ્રીના કુશળ નેતૃત્વ અને શિક્ષકોના શિરે જાય છે. શાળા છાત્રાલયના મુખ્ય ગૃહપતિ તરીકે તેમની વિદ્યાર્થીઓની ઉજ્જ્વળ કારકિર્દીલક્ષી પ્રવૃત્તિઓ અને સેવાઓ પ્રશસ્ય રહી છે. તેઓશ્રી ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ ધોરણ-૭ના ગણિત વિષયના પાઠ્યપુસ્તકના સમીક્ષક તરીકે, કર્મયોગી તાલીમ અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કે. આર. પી. અને આર. પી. તરીકે તેમજ અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં તજજ્ઞ તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે તેમની કર્મઠતા અને કાર્યનિષ્ઠાના કારણે એકલવ્ય એજ્યુકેશન સંસ્થા દ્વારા તેમને 'એક્સલન્ટ ઇન્સ્ટિટ્યૂટ બિલ્ડર ઍવોર્ડ'થી વર્ષ ૨૦૧૩માં અલંકૃત કરવામાં આવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને બૃહદ સર્વ વિદ્યાલય પરિવાર આ ગરવા પ્રસંગે આચાર્યશ્રી બચુભાઈ કે. પટેલને હાર્દિક અભિનંદન પાઠવે છે અને ઉત્તરોત્તર સિદ્ધિનાં ઉચ્ચતમ શિખરો સર કરતા રહે તેવી અભિલાષા સેવે છે.

## ગુજરાત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષક'ના ઍવોર્ડથી વિભૂષિત શ્રી નટવરભાઈ વી. લાડાણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના શિક્ષક શ્રી નટવરભાઈ વી. લાડાણીને ગુજરાત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષક'ના ઍવોર્ડથી ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી ઓમ પ્રકાશ કોહલી-જી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના વરદહસ્તે શિક્ષકદિન, તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વિભૂષિત કરવામાં આવ્યા. શ્રી નટવરભાઈ લાડાણીનું વતન જૂનાગઢ જિલ્લાનું અંતરિયાળ ગામ પાજોદ છે. તેઓશ્રી ભૌતિકશાસ્ત્ર વિષયમાં M.Sc. B.edની ડિગ્રી ધરાવે છે. શ્રી લાડાણી હાડે એક સંનિષ્ઠ શિક્ષક છે, જેની પ્રતીતિ પ્રાપ્ત ફરજપાલનમાં નિષ્ઠાના માધ્યમથી તેમજ M.Sc. થયા બાદ પી. એસ. આઈ, આર. એફ. ઓ., એક્સાઈઝ ઑફિસર, બૅંક ઑફ ઇન્ડિયા વગેરેની પરીક્ષાઓ પાસ કરતાં આ તમામ કાર્યક્ષેત્રો આર્થિક અને સામાજિક મોભો પ્રદાન કરે તેવાં હોવા છતાં આત્મસ્ફુરણાથી આ ક્ષેત્રોનો સ્વેચ્છાએ ત્યાગ કરીને શિક્ષણના વ્યવસાયને શ્રેષ્ઠ ગણીને શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં શિક્ષક થવાનું પસંદ કર્યું અને આજે પૂર્ણનિષ્ઠા અને કાર્યશીલતા સાથે પોતાની ફરજો બજાવી રહ્યા છે. અહીં જોડાયા બાદ વર્ષ ૧૯૮૭માં આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકેની વિધિવત્ ઑફર મળી હોવા છતાં સર્વ વિદ્યાલય સાથે જ જોડાઈ રહ્યા ! વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે તેઓશ્રી હરહંમેશાં અનેકવિધ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓમાં તત્પર રહે છે. વિજ્ઞાન વિષયના શિક્ષકની સાથે સાથે N.C.C. ઑફિસર તરીકે પણ તેઓશ્રી નોંધપાત્ર સેવાઓ આપી રહ્યા છે. તેમના NCCના વિદ્યાર્થીઓ આર. ડી. સી. દિલ્હીની પરેડ માટે પણ પસંદગી પામ્યા છે, તેમજ ૨ વિદ્યાર્થીઓ ડી.વાય.એસ.પી., ૧૧ પી.આઈ. અને ૭ પી.એસ.આઈ. તરીકેની નિમણૂંક પામ્યા છે. જે તેમની એક આગવી ઉપલબ્ધિ છે. અધ્યાપનકાર્યની ફરજો ઉપરાંત સમાજસેવા ક્ષેત્રે પણ તેઓશ્રી સતત સક્રિય રહ્યા છે. તેમણે લાતુર ભૂકંપ અને કચ્છ ભૂકંપમાં સેવાકાર્યો કરવા ઉપરાંત વન મહોત્સવ, બ્લડ ડોનેશન કેમ્પ વગેરે પ્રવૃત્તિઓમાં અગ્રેસર ભૂમિકા અદા કરી છે. તેમણે શિક્ષકોના વ્યવસાયિક મંડળ ગાંધીનગર જિલ્લા ઉચ્ચ માધ્યમિક સંઘના ખજાનચી અને મંત્રી તરીકેની ફરજોની સાથે-સાથે ગાંધીનગર જિલ્લા રાઇફલ કલબના મંત્રી તથા ઉપપ્રમુખ તરીકેની તથા જેસીઝના પ્રમુખ તરીકેની ફરજો પણ કુશળતાપૂર્વક નિભાવી છે. વધુમાં તેઓશ્રી જિલ્લા કક્ષાની એર રાઇફલ સ્પર્ધામાં ચીફ રેન્જ ઑફિસર તરીકે નિયુક્ત થયેલા છે. આ ઉપરાંત STTIમાં વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ દરમિયાન ૭૭ વખત KRP તરીકેની કામગીરી બજાવી ચૂક્યા છે. આમ શ્રી લાડાણી શિક્ષકધર્મનું સાંગોપાંગ નિવર્હણ કરી રહ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને બૃહદ સર્વ વિદ્યાલય પરિવાર આ ગરવા પ્રસંગે શ્રી નટુભાઈ વી. લાડાણીને હાર્દિક અભિનંદન પાઠવે છે અને ઉત્તરોત્તર સિદ્ધિનાં ઉચ્ચતમ શિખરો સર કરતા રહે તેવી અભિલાષા સેવે છે.

## મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના વરદહસ્તે શ્રી રઘુવીર ચૌધરીને એનાયત કરવામાં આવેલ 'મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર'

કેન્દ્રીય હિંદી સંસ્થાન, માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦ માટેનો 'મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર' મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના હસ્તે લબ્ધપ્રતિષ્ઠ ગૂર્જરભાષી ભારતીય સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીને તા. ૨૭ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે એનાયત કરવામાં આવ્યો. આ પુરસ્કાર હિંદીમાં સંશોધન, અનુસંધાન તેમજ યાત્રા વર્ણન માટે

દર વર્ષે બે વ્યક્તિને આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩ દરમિયાન સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા 'ફેલોશીપ ઍવોર્ડ' મેળવનાર શ્રી રઘુવીર ચૌધરી પાંચમા ગુજરાતી સાહિત્યકાર છે. આ પૂર્વે તેઓશ્રી 'ઉપરવાસ કથાત્રયી' માટે સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના ઍવોર્ડ (૧૯૭૫) સાહિત્ય ગૌરવ પુરસ્કાર (૨૦૦૧), સૌહાર્દ સન્માન - ઉત્તર પ્રદેશ સરકાર (૧૯૮૮), દર્શક ઍવોર્ડ (૧૯૯૪), કુમાર ચંદ્રક (૧૯૬૫) ગોવર્ધનરામ ત્રિપાઠી પુરસ્કાર (૧૯૯૭), ક. મા. મુનશી સુવર્ણચંદ્રક (૧૯૯૫), નંદશંકર મહેતા ચંદ્રક (૧૯૯૫), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૭૫) વગેરે અનેકવિધ પુરસ્કારોથી અલંકૃત કરવામાં આવ્યા છે. આજદિન સુધી તેમના નવલકથા, ટૂંકીવાર્તા, કાવ્ય, નાટક, એકાંકી, રેખાચિત્ર, નિબંધ, પ્રવાસ, વિવેચન, સંસ્કૃતિ અને ધર્મ ચિંતન વિષયક ૯૧ મૌલિક ગ્રંથો, ૮ અનુવાદ ગ્રંથો અને ૩૨ સંપાદિત ગ્રંથો પ્રકાશિત થયા છે.

તાજેતરમાં તેમના સમગ્ર કૃતિત્વને બે ખંડોમાં આવરી લેતો અધ્યયનગ્રંથ 'અમૃતાથી ધરાધામ' (૨૦૧૪) પ્રકાશિત થયેલ છે, જેનું સંપાદન દૃષ્ટિ પટેલ અને સુનીતા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું છે. પ્રસ્તુત ગ્રંથ બહુમુખી પ્રતિભાસંપન્ન સર્જક, માનવીય ગૌરવના ઉદ્‌ગાતા તથા બહુવિધ સમાજની આસ્થાના પ્રતીકના સર્જકત્વ અને વ્યક્તિત્વને માણવા માટે – પામવા માટે તેના ભાવકો તથા સંશોધકો માટે આધારસ્રોત બની રહેશે. તેમની સર્જનયાત્રાને ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, નિરંજન ભગત વગેરે શીર્ષસ્થ સર્જકો – ચિંતકોથી શરૂ કરીને નવોદિત સર્જકોએ પોંખી છે, જે તેમની સર્જનયાત્રાની મહત્તા દર્શાવે છે.

આ ગૌરવશીલ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગરના ચેરમેન અને બૃહદ સર્વ વિદ્યાલય પરિવાર શ્રી રઘુવીર ચૌધરીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## નોબેલ પારિતોષિક વિજેતાઓ : ૨૦૧૪

૧. **ભૌતિકશાસ્ત્ર** : સસ્તો પ્રકાશ એટલે કે એલઇડી (લાઇટ એમેટિંગ ડાયોડ)ની શોધ માટે જાપાનના ઇસામુ આકાસાકી (Isamu Akasaki), હિરોશી અમાનો (Hiroshi Amano) અને અમેરિકન શુઝીના કામુરા (Shujina kamura)ને સંયુક્ત.

૨. **રસાયણશાસ્ત્ર** : સુપર રિઝોલ્વડ ફ્લોરેસેન્સ માઇક્રોસ્કોપ વિકસાવવા માટે અમેરિકાના બેજિંગ (Eric Betzig) અને વિલિયમ ઈ મોર્નર (William E. Moerner) તથા જર્મનીના સ્ટેફાન ડબ્લ્યૂ હેલ (Stefan W. Hell)ને સંયુક્ત.

૩. **વૈદકશાસ્ત્ર** : માનવશરીરની જીપીએસ સિસ્ટમની શોધ કરનારા અમેરિકાના જોન ઓ કિફે (John O'Keefe) અને નોર્વેના મે–બ્રિટ મોઝર (May_Britt Moser) તથા એડવર્ડ મોઝર (Edvard Imosar) દંપતીને સંયુક્તરૂપે.

૪. **અર્થશાસ્ત્ર** : ફ્રાન્સના જિન ટિરોલે (Jean Tirole)

૫. **સાહિત્ય** : ફ્રેન્ચ લેખક પેટ્રિક મોદિયાનો (Patrick Modiano).

૬. **શાંતિ** : ભારતના કૈલાસ સત્યાર્થી (Kailash Satyarthi) અને પાકિસ્તાનની મલાલા યુસુફ ઝઈ (Malala Yousafzai)ને સંયુક્ત.

### ફોજદારી કાયદામાં ઉમેરવાની કલમ

જ્યારે આપણી પાર્લમેન્ટ થશે ત્યારે ફોજદારી કાયદામાં એક કલમ દાખલ કરવાની હિલચાલ કરવી પડશે, એમ જોઉં છું : બંને હિંદુસ્તાની એક જ ભાષા જાણતા હોવા છતાં એક માણસ બીજાને અંગ્રેજીમાં લખે, અથવા બીજા સાથે તે ભાષામાં બોલે, તેને ઓછામાં ઓછી છ માસની સખત મજૂરી સાથે સજા કરવામાં આવશે. આવી કલમ વિશે તમારો અભિપ્રાય જણાવશોજી, અને સ્વરાજ મળ્યું નથી તે દરમિયાન જે ગુનો કરે તેને સારુ શા ઇલાજ લેવા ઘટે એ પણ જણાવશો. **મો૰ ક૰ ગાંધી**

# ભારત નવપરિવર્તન ઝંખે છે

સામ પિત્રોડા

[શ્રી સામ પિત્રોડા (સલાહકાર, પબ્લિક ઇન્ફોર્મેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઍન્ડ ઇનોવેશન, ભારત સરકાર), એ તારીખ ૨૨ નવેમ્બર, ૨૦૧૩ના રોજ શ્રી સત્ય સાંઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હાયર લર્નિંગ, અનંતપુરમાં અંગ્રેજી ભાષામાં આપેલ દીક્ષાંત પ્રવચનનો પ્રો. નીતિનકુમાર ઢાઢોદરા કૃત ગુજરાતી અનુવાદ]

હું પહેલી જ વાર તમને બત્રીસમું દીક્ષાંત પ્રવચન આપવા અહીં આવ્યો તે મારા માટે એક વિશેષ સન્માન અને સદ્ભાગ્યની બાબત છે. મને આ તક આપવા બદલ હું આયોજકોનો આભારી છું. મારે એ વાત પણ તમને કહેવી જોઈએ કે આજ સુધીમાં મેં લગભગ પચીસથી વધુ દીક્ષાંત પ્રવચનો આપ્યાં છે પણ આ પ્રકારનો આનંદ ક્યારેય નથી આવ્યો. ખરેખર મારા માટે આ તક મારી શક્તિમાં વધારો કરનારી, પ્રેરણા પૂરી પાડનારી, ભાવનાથી ભીંજવનારી, શાંતિ આપનારી અને અવિસ્મરણીય છે.

હું પહેલી જ વાર આ યુનિવર્સિટીની મુલાકાતે આવ્યો છું. આ યુનિવર્સિટી વિશે મારી આજુબાજુના લોકો પાસેથી ઘણુંબધું સાંભળ્યું છે અને વાંચ્યું પણ છે. પરંતુ મારી સાથે જ છેલ્લાં પાંચ વરસથી કામ કરતા શ્રી વિકાસ બાગરી કે જે અહીંથી ૨૦૦૮માં વાણિજ્ય વિદ્યાશાખામાં ગ્રેજ્યુએટ (એમ.બી.એ.) થયા છે. તેઓ અમારા સૌનું પ્રતિનિધિત્વ કરતા હોય તેનું ઉદાહરણ છે. જે હું અહીં જોઈ રહ્યો છું તેમ તેઓ કોઈ પણ બાબતનું વિશ્લેષણ કરવાની અને બધું જ કરી છૂટવાની તમન્ના સાથે સાથે ખૂબ જ ઈમાનદાર, પ્રામાણિક, સખત મહેનતુ, સાહસિક, પ્રતિબદ્ધ, સંયમી, સર્જનાત્મક, નૈતિક માણસ છે. તમે જે કંઈ પણ ઇચ્છો તે બધું જ તેમનામાં છે અને મારા તમારા સૌ માટે એ ગર્વ લેવા જેવી બાબત છે કે તમે આ સંસ્થામાં છો.

તમારી પાસે એક મહાન સંસ્થાની સાથે સાથે અનેક સન્માનનીય લોકો પણ છે. આ પદવીદાન પોશાક પહેરતાં પહેલાં હું આ સૌ સન્માનનીય વ્યક્તિને મળ્યો અને તેમાંના કેટલાકને મળતી વખતે મને વિસ્મય થયું કે જેમને હું મારા કામમાં ભાગરૂપે ઘણાંબધાં વરસોથી, એંશીના દસકાથી ઓળખું છું. મને એ પણ ખબર ન હતી કે તેઓ બધા જ આ સંસ્થા સાથે જોડાયેલા છે. ખરેખર તમે સૌ ભાગ્યશાળી છો કે તમારી પાસે ખરા અર્થમાં જુસ્સાવાળા, ખરા અર્થમાં બુદ્ધિશાળી હોય તેવા સલાહકારો, વરિષ્ઠ લોકો અને યોગ્ય વાતાવરણ છે અને તમે સૌ આ સંસ્થામાંથી પદવી પ્રાપ્ત કરવા જઈ રહ્યા છો એ તમારું સદ્ભાગ્ય છે.

પદવી પ્રાપ્ત કરવા જઈ રહેલા પ્રત્યેક વિદ્યાર્થીને હું અભિનંદન પાઠવું છું. શુભેચ્છા આપું છું કે તમારી જીવનયાત્રામાં તમને શ્રેષ્ઠ જે કંઈ પણ હોય તે બધું જ મળે અને હું આશા રાખું છું કે તમે માત્ર તમારા માટે, તમારા પરિવાર માટે, તમારા સમુદાય માટે જ નહીં પણ દેશ અને દુનિયા માટે કશુંક નક્કર પ્રદાન કરશો.

આ સુંદર મજાના યુવાન ચહેરાઓ જોઈને મને મેં જે દિવસે પદવી પ્રાપ્ત કરી હતી એ દિવસ યાદ આવે છે. મેં આજથી ફક્ત બાવન વરસ પહેલાં જ એક મહાવિદ્યાલયમાંથી ભૌતિકશાસ્ત્રમાં સ્નાતકની પદવી મેળવી હતી. જાણે ગઈ કાલે જ એ પદવી પ્રાપ્ત કરી હોય એવું મને લાગે છે. પણ નસીબજોગે હું તે દિવસે તમારી જેમ શિસ્તમાં બેઠો ન હતો. સ્વાતંત્ર્ય ચળવળમાંથી બહાર આવનાર ભારતનો હું યુવાન હતો. મારો જન્મ ૧૯૪૨માં થયો હતો. મહાત્મા ગાંધી, પંડિત નહેરુ, સરદાર પટેલ અને એવા બીજા લોકો અમારા આદર્શ હતા. તે દિવસોમાં ટેલિફોન તો ભાગ્યે જ ક્યાંક જોવા મળતો. હકીકત તો એ છે કે હું ૧૯૬૪માં અમેરિકા

ગયો તે પહેલાં મેં મારા જીવન દરમિયાન ક્યારેય ટેલિફોનનો ઉપયોગ કર્યો ન હતો. હું ૧૯૬૪માં અમેરિકા ગયો તે પહેલાં મેં ક્યારેય ટેલિવિઝન જોયું ન હતું. જીવન ખૂબ જ સાદું હતું. જરૂરિયાતો ખૂબ ઓછી હતી અને ધ્યેય ખૂબ સ્પષ્ટ હતું.

હું તમને મારી જીવનયાત્રા વિશે થોડું જ કહેવા માગું છું. હું તમને એ બાબતનું ઉદાહરણ આપવા માગું છું કે આપણું જીવન કેવા વળાંક લે છે. જીવન જુદો જ વળાંક લે છે. તમે કંઈ પણ પૂર્વ આયોજન કરો તેનો કોઈ જ અર્થ રહેતો નથી. આપણા માટે બાબત ઉશ્કેરનારી અને પડકારજનક હોય છે, પરંતુ તમે જે કંઈ પણ મહાવિદ્યાલયમાંથી શીખો તેમાં સારા અનુભવો ઉમેરતા રહો.

હું ઓરિસ્સાના અત્યંત નાના એવા એક આદિવાસી ગામડામાં જન્મ્યો અને મોટો થયો. મારાં માતા-પિતા ગુજરાતી હતાં. તેઓ ઓરિસ્સામાં આવીને વસ્યાં હતાં. જ્યારે હું મોટો થતો હતો ત્યારે ગાંધી, નહેરુ, સરદાર અને એવા બીજા લોકો અમારા આદર્શ હતા. આ ગામમાં શાળા ન હતી, પાણી ન હતું, વીજળી ન હતી, ફોન ન હતા, ડૉક્ટર ન હતા કે નર્સ ન હતી. મારી માતાએ આઠ બાળકોને જન્મ આપ્યો હતો. બધાની પ્રસૂતિ ઘરે જ થઈ હતી – ખર્ચવિહીન પ્રસૂતિ ! આઠેઆઠ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થતાથી મોટાં થયાં અને આઠેઆઠ અમેરિકા ગયાં કારણ કે, તે સમયે ગરીબીમાંથી બહાર નીકળવાનો આ જ રસ્તો હતો. મારા પિતા ચાર ધોરણ ભણેલા હતા. તેઓ સુથાર હતા. દરેક ભારતીય પિતાની જેમ તેમનું પણ એક જ સ્વપ્ન હતું – તેમનાં બાળકોને સારું શિક્ષણ મળે. મારે તમને એ પણ કહેવું જ જોઈએ કે દુનિયામાં ભારત સિવાય કોઈ પણ દેશમાં બાળકોને સારું શિક્ષણ આપવા માટે માતાપિતા આટલાં સમય-શક્તિ-નાણાં અને સંસાધનોનો ખર્ચ કરતાં નથી.

હું વિજ્ઞાનમાં સ્નાતક થયો અને પછી અનુસ્નાતક થયો અને મેં વર્તમાનપત્રમાં વાંચ્યું કે પ્રમુખ કેનેડીએ માણસને ચંદ્ર પર મોકલવાનો નિર્ણય કર્યો છે. હું યુવાન હતો, શક્તિવાન હતો. થોડો મૂર્ખ પણ કહી શકો અને મેં અમેરિકા જવાનો નિશ્ચય કર્યો. મારી પાસે પૈસા ન હતા. કોઈનો સહયોગ ન હતો અને હું કોઈને ઓળખતો પણ ન હતો. તેથી મેં થોડા રૂપિયા શોધ્યા, થોડા ઉછીના લીધા અને મુંબઈથી જીનીવા વાયા કરાંચી-એડન-પોર્ટ સેડ-એલેક્ઝાન્ડ્રિયા - નેપલેસ લઈને જનારી આગબોટ પકડી. જીનીવાથી લંડન જવા રેલવેમાં ચડ્યો અને લંડનથી ન્યૂયોર્ક વિમાનમાં ગયો અને ન્યૂયોર્કથી શિકાગો જવા બસ પકડી. હું આ પહેલાં ક્યારેય ત્યાં ગયો ન હતો. મારી અજ્ઞાનતા સિવાય મને કોઈ મદદ કરનારું ન હતું. હું ત્યાંના મહાવિદ્યાલયમાં ભૌતિકશાસ્ત્રમાં પીએચ.ડી.નો અભ્યાસ કરવા માટે ગયો ત્યારે મારા પ્રાધ્યાપકે મને કહ્યું કે તેના માટે સાત વરસ જેટલો સમય લાગશે.

મારી પ્રાથમિકતા બદલાઈ અને મેં ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કર્યો. કારણ કે તે માત્ર હું એક જ વરસમાં પૂર્ણ કરી શકું તેમ હતો. ત્યાર બાદ મેં મારા પરિવારના સભ્યોને એક પછી એક અમેરિકા બોલાવવામાં ઘણાં વરસો ખર્ચી નાખ્યાં. તેમને મહાવિદ્યાલયમાં ભણાવ્યા, સખત મહેનત કરી અને ૧૯૭૪માં ધંધો જમાવ્યો. આ ધંધો ૧૯૭૯માં વેચી નાખ્યો અને ત્યાર બાદ ૧૯૮૦માં હું દિલ્હીમાં આવ્યો. આ પહેલાં ક્યારેય હું દિલ્હી આવ્યો ન હતો. મેં મારી પત્નીને ફોન કરવા માટે પ્રયાસ કર્યો, પણ ફોન જોડાયો જ નહીં અને હું ફોન ઉપર ફોન કરતો જ રહ્યો. હું ફોન દ્વારા વાત કરી શક્યો નહીં. તેથી મેં થોડાં વાજબી કહી શકાય તેવાં અભિમાન અને ગેરવાજબી અજ્ઞાન સાથે નક્કી કર્યું કે હું, ‘આ ફોનની સુવિધાને સારી રીતે કામ કરતી કરીને જ જંપીશ. જો હું બધું જ જાણું છું, તો મારે આજે ભારત વિશે જાણવું જ પડશે. જેના માટે અત્યાર સુધી મેં ક્યારેય પ્રયત્ન જ નથી કર્યો. મને એ શીખવા મળ્યું કે અજ્ઞાન એ મહાન સંપત્તિ છે. જો તમે ઘણું બધું જાણતા હો તો તમે ક્યારેક શીખવાની દિશા તરફથી પાછા ફરો છો. હું શિકાગો પાછો ફર્યો અને મારી પત્નીને કહ્યું કે, ‘ભારતમાં ટેલિફોન સુવિધાને સારી રીતે કામ કરતી કરવા માટે હું દસ વરસ ખર્ચવા જઈ રહ્યો છું. હું જાણતો ન હતો કે આ કેવી રીતે થશે અને કોની સાથે થશે.’

અંતે મને શ્રીમતી ઇન્દિરા ગાંધીને મળવાની તક

મળી અને ત્યારે જ હું પહેલી વાર રાજીવ ગાંધીને મળ્યો. મેં શ્રીમતી ઇન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીને એ બાબતે સંમત કર્યાં કે ટેલિફોન આ દેશની સૂરત બદલી શકે છે. મેં તેમને કહ્યું આપણે જે હજુ સુધી જોઈ નથી તેવી સુવિધા અને સ્રોત આપણને ઇન્ફર્મેશન ટેક્નૉલોજી આપશે, પણ તેના માટે દસથી પંદર વરસનો સમય લાગશે. અમે જાણીએ છીએ કે અમે તે કામ કરી શકીશું. બસ અમને એક તક આપો. શ્રીમતી ઇન્દિરા ગાંધી ટેક્નૉલોજીમાં માનતાં હતાં.

રાજીવ બસ મારી ઉંમરના જ હતા અને અમે એક સારી ટીમ બનાવી. પણ આ કામ પૂર્ણ કરવા માટે મારે યુવાન લોકોની જરૂર હતી કારણ કે, પાંચસો યુવાન ઇજનેર સિવાય હું કશું જ કરી શકું તેમ ન હતો. આ બધા માટે યોગ્ય રાજકીય હિંમત, આ વિષયની નિપુણતા અને યુવા પ્રતિભાના સમન્વયની જરૂર હતી. તે સમયે આ દેશમાં વીસ લાખ ટેલિફોન હતા. ટેલિફોન કનેકશન માટે હજી દસ વરસ લાગવાનાં હતાં. આજે આપણી પાસે નવસો મિલિયન ટેલિફોન છે અને આપણી પાસે કરોડો લોકોથી જોડાયેલું રાષ્ટ્ર છે. આ વૈવિધ્યપૂર્ણ દેશ આટલો જોડાયેલો હોય તેવું ઇતિહાસમાં પહેલી વાર બન્યું છે. દેશના કોઈ પણ ખૂણેથી કોઈ પણ ફોન ઉપાડી શકે છે અને કોઈ પણ સાથે વાત કરી શકે છે. આ એક શક્તિશાળી ફેબ્રિક છે કે જેનું અમે આ દેશની એકતા માટે સર્જન કર્યું હતું. તે એક જુદી જુદી જ રીતે આ દેશના વિકાસ માટે બન્યું હતું. તેણે સમગ્ર દેશના જોડાણ અવરોધતાં પરિબળો જેવાં કે ધાર્મિક, ભાષાકીય, સ્થળ સંબંધિત અને રીતિરિવાજો વગેરેને કાપી નાખ્યાં. આ શક્તિશાળી સાધન હવે નવા ભારતને ઘડનારું સાધન બનવા તરફ જઈ રહ્યું છે. ભાગ્યે જ બહુ ઓછા લોકો આ જોડાણની શક્તિને સમજી શકે છે. ટેલિફોન ક્રાંતિનો પ્રથમ તબક્કો પૂરો થઈ ગયો છે અને બીજો હવે શરૂ થવાની તૈયારીમાં છે.

પછી મને હૃદય હુમલો આવ્યો. મારે ચારેબાજુથી બાયપાસ સર્જરી કરાવવી પડી. મેં દસ વરસ સુધી કામ કર્યું અને મેં ઘણાં જ નાણાં ખર્ચી નાખ્યાં. જ્યારે રાજીવ ગાંધીનું અવસાન થયું ત્યારે મેં મારું હૃદય ગુમાવ્યું હોય એવું લાગ્યું અને હું મારાં બાળકોના શિક્ષણ પ્રત્યે ધ્યાન આપી શક્યો. યુ.એસ. પાછો ફર્યો. હું ત્યાં ટુરિસ્ટ વિઝા પર ગયો હતો. મને યુ.એસ.નું નાગરિકત્વ આપવામાં આવ્યું હતું. પણ હું ટુરિસ્ટ વિઝાને આધારે કામ કરી શકું નહીં. તેથી મેં મારા જીવનને ફરી ગોઠવવા માટે ઘણો સમય આપ્યો. મારી માતા ત્યાં હતી, મારા પિતા મૃત્યુ પામ્યા હતા અને મારા પરિવારનો કોઈપણ સભ્ય જાણતો ન હતો કે હું હવે હૃદયથી સંપૂર્ણ ભાંગી ગયો હતો. મેં મારા મિત્રો ગુમાવી દીધા હતા; કારણ કે, દરેક એમ માનતા હતા કે હું શક્તિશાળી છું અને મારે જે જોઈએ તે બધું જ મારી પાસે છે. મેં આ બધું જ ગુમાવી દીધું છે એવું માનવા માટે કોઈ જ તૈયાર ન હતું. પણ, બેઠા થવા માટે તમારે આંતરિક શક્તિની જરૂર પડે છે. તેથી હું મારા મિત્રોને હંમેશાં કહું છું કે – મારા આદર્શો અત્યંત ઊંચા છે. નબળાઈઓ સાવ નીચી છે. આ રીતે જોઈએ તો મારી આ ચકડોળ સવારી માનવામાં ન આવે તેવી છે.

હું પાછો આવ્યો અને નેશનલ નોલેજ કમિશનમાં કામ કર્યું અને પછી મેં માહિતીના ખરા લોકશાહીકરણ માટે પબ્લિક ઇન્ફર્મેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું. કારણ કે, હું માનતો હતો કે આજની આપણી ગરીબી એ માહિતીની ગરીબી છે. જો આપણે લોકોનું સશક્તીકરણ જ્ઞાન, શિક્ષણ અને માહિતી વડે કરી શકીએ તો બાકીનું બધું તેઓ જાતે જ કરી લેશે. ભારતનાં ગામડાંમાં રહેતા લોકોની શક્તિની કિંમત ઓછી ન આંકો, આપણા યુવાનોનાં જ્ઞાનની કિંમત ઓછી ન આંકો. આપણે હજી તેમને સાધનો પૂરા પાડવા માટે સમર્થ બન્યા નથી. બીજી તરફ જોઈએ તો ગાંધીજીનું રામ રાજ્યનું સપનું પૂર્ણ થવું શક્ય ન હતું કારણ કે, આપણી પાસે સાધનો અને ઇન્ટરનેટ નથી.

વિકાસની બાબતમાં ભારતે હરણફાળ ભરી છે. આજે એ હકીકત છે કે આપણે ૧૩ મિલિયન લોકોનાં પોષણ માટે સ્વનિર્ભર બન્યા છીએ. એ જ આપણા કૃષિવિજ્ઞાનીઓની એક મહત્ત્વની ઉપલબ્ધિ છે. આપણી પાસે આણ્વિક શક્તિ છે. આપણે હમણાં જ માર્સ પર અભિયાન હાથ ધર્યું. આપણે દુનિયામાં સૌથી વધારે દૂધનું ઉત્પાદન કરનારા છીએ. આપણે પોલિયોને જડમૂળથી ઉખાડીને ફેંકી દીધો છે. આપણને હવે કોઈ કૃમિ કે કીડા જનિત રોગો થતા નથી અને આપણાં કરોડો

બાળકો શાળા-મહાશાળાઓમાં જઈ શકે છે.

ઇન્ટરનેટ અને વેબસાઈટે બધું જ બદલી નાખ્યું છે. તેણે વ્યવસાય અને પ્રત્યાયનનું સ્વરૂપ બદલી નાખ્યું છે અને તેનાથી વહીવટ, શિક્ષણ, ખેતી, બૅંકિંગ બદલાઈ રહ્યાં છે. આજે આપણે જે કંઈ કરી રહ્યા છીએ તે ગજા બહારનું છે. ઇન્ટરનેટ અને નવી ટેક્નૉલોજી ધ્યાનમાં રાખીને આપણે જે કંઈ કરી રહ્યા છીએ તે જુદી રીતે કરવાની જરૂર છે. આજે જ્યારે સરકારે માહિતી મેળવવાનો અધિકાર દાખલ કર્યો છે ત્યારે હું માનું છું કે આ ભારતના ઇતિહાસમાં એક મોટો નિર્ણય છે. બહુ ઓછા લોકો માહિતી મેળવવાના અધિકારની તાકાતને સમજી શકે છે. માહિતી મેળવવાનો અધિકાર દાખલ કરીને આપણે કહી શકીએ કે, આ દેશમાં આપણે દરેક માણસનું સશક્તિકરણ કરવા જઈ રહ્યા છીએ. તે સમય લેશે. તે લગભગ દસ કે વીસ વરસ જેટલો સમય લેશે, પણ પ્રક્રિયા ચાલુ છે. જ્યાં પણ અમે આવાં સાધનો દાખલ કર્યાં ત્યાં તેને ગોઠવતા સમય લાગ્યો છે. તે ગોટાળા ઊભા કરે છે. લોકો તેનો ખોટો કે દુરુપયોગ કરે છે. આપણને માહિતી મેળવવાનો અધિકાર છે. પણ આપની પાસે ઉપયોગમાં લઈ શકાય તેવી રીતે માહિતી રાખવાની કોઈ વ્યવસ્થા નથી. તેથી અમારું કામ એ છે કે સાચા અર્થમાં માહિતીનું સંગઠન કરવું.

અમે બહુ મોટા બે નેટવર્ક બનાવી રહ્યા છીએ. જેમાંનું એક નૉલેજ નેટવર્ક ઓળખાય છે જે ૪૦ જી.બી. બેન્ડવીથ માહિતીના મોટા જથ્થાનું સ્થળાંતર કરવાની સાથે આપણી યુનિવર્સિટીઓ રિસર્ચ ઍન્ડ ડેવલોપમૅન્ટ ઇન્સ્ટિટ્યૂશન્સ અને પુસ્તકાલયોને જોડે છે. જેનાથી આપણા વિજ્ઞાનીઓ સારી રીતે સહયોગ આપી શકે, સાધનોની વહેંચણી કરી શકે અને ઝડપથી સંશોધન અને વિકાસ કરી શકે.

બીજું નેટવર્ક ૨,૫૦,૦૦૦ પંચાયતોને ઓપ્ટીકલ ફાઇબરથી જોડાવા માટેનું છે. જ્યારે તે કામ કરશે ત્યારે આપણાં બધાં જ ગામડાંઓ પાસે વધુ ક્ષમતાવાળી બ્રોડબેન્ડ કનેક્ટીવિટી હશે. આ બંને નેટવર્કની કિંમત આશરે ૫૦,૦૦૦ કરોડ થવા જાય છે. પહેલું નેટવર્ક થઈ ચૂક્યું છે અને બીજું નેટવર્ક આવતા અઢાર મહિનામાં થઈ જશે. વધુ વાત કરીએ તો, અમે 'આધાર' જેના પર નંદન નિકેતન કામ કરી રહ્યા છે, 'જીઓગ્રાફિક ઇન્ફર્મેશન સિસ્ટમ' જેના પર ડૉ. કસ્તૂરી રંગન, ડૉ. રામાસ્વામી, ડૉ. નાયક કામ કરી રહ્યા છે તેવી બાબતો માટે પણ એક મંચ તૈયાર કરી રહ્યા છીએ. 'નેશનલ ઈ-ગવર્નન્સ પ્લાન' જેના પર ડૉ. ગૈરોલા કામ કરી રહ્યા છે, તેનાથી અનાજ વિતરણ, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ, ઇન્કમટેક્ષ, આ બધાનું એક જ જગાએ સંયોજન થશે. અમે ૩૨ મિલિયન કોર્ટ કેસોનું કમ્પ્યૂટરાઇઝેશન કરવા તરફ જઈ રહ્યા છીએ કારણ કે, આજે ન્યાય મેળવવામાં જ પંદર વરસ નીકળી જાય છે. આપણી પોલીસ, સી.બી.આઈ. અને કેદીઓને લગતી વિગતોનું પણ કમ્પ્યૂટરાઇઝેશન કરવાની જરૂર છે.

ભારતમાં આજે જે ચર્ચાઓ થઈ રહી છે તે તદ્દન વાહિયાત છે. તે મોટા ભાગે ક્રિકેટ, બોલિવુડ અને રાજકારણને લગતી નિંદા-કૂથલી હોય છે. આપણે આ ચર્ચાઓ બદલવાની જરૂર છે. આપણે ખરેખર ભારતીય મૂલ્યોની, ભારતીય પરંપરાઓની અને સ્વદેશના વિકાસની ચર્ચાઓને આગળ વધારવાની, નેતૃત્વ કરવાની જરૂર છે. આ દેશમાં લાખો લોકો એવા છે જે ખૂબ સરસ કામ કરી રહ્યા છે. તેમને કોઈ આદર-સન્માન મળ્યું નથી. આ દેશમાં ચર્ચાઓના વિષયો બદલવાની જરૂર છે. યુવાનો આ કામ સારી રીતે કરી શકે છે. તેનું નેતૃત્વ કરી શકે છે.

ભારતીય લોકો પરિવર્તન ઝંખતા નથી તે જોઈને હતાશ થઈ જાઉં છું. તમે જ તો એવું મતક્ષેત્ર છો જે પરિવર્તનની માંગ કરે. પણ તમે પરિવર્તનની માગણી કરતા જ નથી ! તમે જે કંઈ ચાલે છે તેને તેમનું તેમ જ રહેવા દો છો.

જ્યારે પબ્લિક ઇન્ફોર્મેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થઈ જશે ત્યારે શિક્ષણનું સ્વરૂપ સંપૂર્ણ બદલાઈ જશે, પણ તેમાં હજુ બે-ત્રણ વરસનો સમય લાગશે અને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. ખરેખર આપણે વિષયવસ્તુની રજૂઆત કરવા માટે કે વિષયવસ્તુનું સર્જન કરવા માટે શિક્ષકોની જરૂર નથી. વિષયવસ્તુનું તો દુનિયાના શ્રેષ્ઠતમ લોકોએ સર્જન કરી દીધું જ છે. જે ઇન્ટરનેટ પર મળી શકે છે. આજે આપણે એવા શિક્ષકોની જરૂર છે કે જે માર્ગદર્શક બની શકે. પણ આપણા કોઈ

શિક્ષકને માર્ગદર્શન બનવા માટેની તાલીમ આપવામાં આવી નથી.

આ સાથે સાથે ખૂબ જ ટૂંકા ગાળામાં સ્વાસ્થ્ય સેવાઓ, સરકારી સેવાઓ આ બધામાં પરિવર્તન આવવાનું છે. અને તમારે આ પરિવર્તનના પ્રહરી બનવાની જરૂર છે. માહિતીની મુક્તતા-સુલભતા, જોડાણ, નેટવર્કિંગ, લોકશાહીકરણ, વિકેન્દ્રીકરણ અને સામાજિક પરિવર્તન જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને તમારે કશુંક નવીન કરવાની જરૂર છે. તમારે જુદી જુદી રીતે વિચારવાની જરૂર છે.

ભારત આજે અણી પર આવીને બેઠું છે. મારી વાત માનો તો જો આપણે આવતા દસ વરસની ચિંતા નહીં કરીએ તો ભવિષ્યમાં અનેક આફતો આવી પડશે. ટૅક્નૉલોજીની ક્ષમતા અને આપણા યુવાનોની શક્તિને ધ્યાને લેતાં આવતાં દસ વરસ ભારતના ઇતિહાસનાં સૌથી વધુ કટોકટીનાં વરસો છે. ટૅક્નૉલોજી એટલે માત્ર આઈ. ટી. જ નહીં પણ બાયોટૅક્નૉલોજી, સ્ટેમસેલ રિસર્ચ અને અન્ય વૈકલ્પિક ઊર્જાઓનો પણ તેમાં સમાવેશ થાય છે. આ બધું જ તેમને કશુંક નવું અને નવીન રીતે કરવાનું કહે છે. તેના માટે યુવાપ્રતિભા અને નવું જોઈએ કારણ કે, આપણા ભારતનું સમગ્ર તંત્ર ઘમંડ, અધિકારની ભાવના અને ઉત્તેજનાને પ્રોત્સાહિત કરનારું છે. આ તંત્ર ઉત્પાદન, કાર્યક્ષમતા અને પ્રક્રિયાને ધ્યાને લઈને કામ કરતું નથી. આપણે આ બધું જ બદલવાની જરૂર છે. હવે એ તબક્કો પૂરો થઈ ગયો છે, જે તે સમયના લોકોએ ખૂબ જ સરસ કામ કર્યું છે. તેમને સલામ, પણ આપણે હવે આગળ વધવાની જરૂર છે.

એક નવી શક્તિ મેળવવા માટે ઇતિહાસમાં ડોકિયું કરવું તે સારી વાત છે, પણ તેમાં જ રચ્યાપચ્યા રહેવું તે નઠારી વાત છે. હવે ભૂતકાળમાં નહીં, પણ ભવિષ્યકાળમાં જોવાનો સમય પાકી ગયો છે. જગતને દિશા પૂરી પાડવા માટે દુનિયા આપણી તરફ મીટ માંડીને બેઠી છે કારણ કે, પશ્ચિમી મૉડેલ ઉપભોગવાદી વિચારસરણીના આધાર પર બનેલાં છે. સાંપ્રત સમયમાં તે ઊભાં રહી શકે તેવાં નથી. સંપોષિત કરે તેવાં નથી, ઇચ્છનીય નથી, કામ લાગે તેવાં નથી. ભારતે વિકાસનું એક નવું મૉડેલ દુનિયાને પૂરું પાડવાની જરૂર છે. ભારતે વિકાસદરમાં વધારો કરવાની જરૂર છે. આપણે આઠથી દસ ટકાના વિકાસ દરે આગળ વધવાનું ચાલુ રાખવું જ પડશે. આપણે ગરીબી રેખા નીચે રહેલા ૪૦૦ મિલિયન લોકોને ઉપર લાવવા પડશે અને એક સમાવેશક સમાજની રચના કરવી પડશે. એક એવો સમાજ જેમાં દરેકને સ્થાન હોય. દરેક સમાન હોય અને દરેકને સન્માન હોય. આપણે ચાર સદીથી બસ એમ જ જીવી રહ્યા છીએ, પણ આવા જડતંત્રને તોડી શકે તેવો વિચાર આપણી પાસે નથી. આ જ એ બાબત છે જ્યાં યુવાનો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

આપણે નવપરિવર્તનની જરૂર છે. પણ, આપણે આ પ્રકારનાં નવપરિવર્તનો કેવી રીતે લાવી શકીએ ? તેના માટે અમે નેશનલ ઇનોવેશન કાઉન્સિલની રચના કરી છે. આ સાથે જ વિભાગીય અને રાજ્ય સ્તરની કાઉન્સિલ પણ રચાઈ છે. અમે બિલિયન ડૉલરનું ભંડોળ એકઠું કરી રહ્યા છીએ. અમે નાના સમૂહમાં પણ જઈ રહ્યા છીએ. આ માત્ર ઉત્પાદન, બજાર અને સેવા પૂરતાં જ નવપરિવર્તનનો જ હોવાં જોઈએ. નવપરિવર્તન એટલે વૈશ્વિક હરીફાઈનું બજાર એટલો જ અર્થ કરી શકાય નહીં. જ્યારે વહીવટમાં, જીવનશૈલીમાં, શિક્ષણમાં અને સ્વાસ્થ્ય સેવાઓમાં નવપરિવર્તન આવે ત્યારે જ સાચા અર્થમાં નવપરિવર્તન કહી શકાય. હું જ્યાં જ્યાં જોઉં છું, ત્યાં ત્યાં મને મોટા પરિવર્તનની જરૂર જણાય છે.

જ્યારે હું લોકોને પરિવર્તનનો અસ્વીકાર કરતા જોઉં છું ત્યારે માનસિક રીતે અસ્વસ્થ બની જાઉં છું. ભારતમાં દરેક માણસ એવું કહે છે કે શા માટે આપણે પરિવર્તિત થવું જોઈએ ? અહીં દરેક માણસ સમસ્યાઓને શોધી કાઢવા બદલ ગર્વ અનુભવે છે. સમસ્યાઓને શોધી કાઢવા માટે તમારે બુદ્ધિ દોડાવવાની જરૂર નથી પણ સમસ્યાના ઉકેલ માટે તમારે બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રકારની વિચિત્રતાઓ સામે લડવા માટે તમારે હિંમત અને બુદ્ધિનો ઉપયોગ કરવાની જરૂર છે. ડૉ. કુરિયને જ્યારે દૂધ પર કામ કરવાનું શરૂ કર્યું ત્યારે તેણે કોઈની રાહ જોઈ ન હતી. તે તેમાં કૂદી પડ્યા અને કામ પૂર્ણ કર્યું અને તે માટે તેમને ચાળીસ વરસ લાગ્યાં. રાષ્ટ્રના ઘડતર માટે જે વસ્તુઓ પર આપણે ધ્યાન આપવાની જરૂર છે તેના માટે લાંબાગાળાની

પ્રતિબદ્ધતાઓ જોઈએ. વીસ વરસથી ઓછા સમયમાં કંઈ થવાનું નથી.

રાષ્ટ્રને ઘડવાનું કામ અત્યંત અલગ છે, અત્યંત મુશ્કેલ છે. તેના માટે જુદા જ માપદંડો જોઈએ. એક કંપની બનાવવી સરળ છે. ઉત્પાદકતા, કાર્યક્ષમતા, કિંમતમાં ઘટાડો કરવો, નીતિ-નિયમો વગેરે બધું જ તમે કરી શકો છો.

આપણું સામૂહિક કાર્ય ખૂબ જટીલ છે. જ્યારે હું એમ કહું છું કે 'આપણે' ત્યારે એનો અર્થ એ છે કે આપણા બધાએ મળીને એવા રાષ્ટ્રની રચના કરવાની છે જે ખૂબ જ મજબૂત હોય, બિનસાંપ્રદાયિક હોય. એક રાષ્ટ્ર જે માત્ર ભારતને જ નહીં પણ સમગ્ર વિશ્વને દિશા આપી શકે. વિશ્વને ભારતના વિકાસમાં રસ પડ્યો છે. વિશ્વ ભારતના વિકાસ તરફ મીટ માંડીને બેઠું છે. આપણે કેવી રીતે એક બની શકીએ ? જો આપણે આપણા ઘરથી આ શરૂઆત ન કરી શકતા હોય તો પછી બીજાને શું કહી શકીએ ? જ્યારે તમે મીડિયા તરફ નજર કરશો ત્યારે તમે અનુભવશો કે બધું જ પડી જ ભાંગ્યું છે. નૈતિકતા ઘટી છે. કામ કરવા માટેનાં મૂલ્યો તળિયે ગયાં છે. લોકો દરેક સ્થળેથી બધું જ ચોરી રહ્યાં છે. ધનવાનો વધુ ધનવાન બનતા જાય છે અને ગરીબો વધુ ગરીબ – આ કેવી અવ્યવસ્થા, મૂંઝવણ અને વિરોધાભાસ છે.

પણ જ્યારે તમે યુવાનો સાધનો અને ટેક્નૉલોજી તરફ જુઓ છો ત્યારે મોટી આશા બંધાય છે. જો આપણે યુવાનો તરફ ધ્યાન આપીશું તો તમે અનુભવશો કે આપણે વીસ વરસમાં આ દેશની સૂરત બદલી શકીએ છીએ. અને આ જ આજની જરૂરિયાત છે.

આજે જ્યારે હું આ સ્નાતક થતા વિદ્યાર્થીઓને મળી રહ્યો છું ત્યારે મારો તેમને એક જ સંદેશ છે પોતાની જાતનું ઘડતર કરો જે લોકોની સેવા કરી શકે. પરંતુ સૌથી પહેલાં તમારે તમારી જાતની સેવા કરવી પડશે. જો તમે તમારી જાતની સેવા નહીં કરો તો અન્યની પણ નહીં કરી શકો. માટે જ કહું છું સારી નોકરી મેળવો. કઠોર પરિશ્રમ કરો - કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. તમારી અંગત બાબતોથી બહાર આવીને સમુદાયની બાબતોમાં રસ દાખવો અને એક સાચી આશાનું નિર્માણ કરો.

આજે સવારે મને તમારા કુલપતિના પિતાજી જે સો વરસની વયના છે તેવા પ્રા. જાવરે ગાવડાને મળવાની તક મળી. તેઓ અમારી સાથે અલ્પાહારમાં જોડાયા હતા. તેઓ ગજબની કાર્યશક્તિ ધરાવે છે. સાંભળી શકે છે, વાત કરે છે અને વિચારે પણ છે. તેમણે ચર્ચા કરતાં મને કહ્યું. ''શ્રીમાન પિત્રોડા મેં તમારો નેશનલ નૉલેજ કમિશનનો અહેવાલ વાંચ્યો. જ્યારે તમે 'મિશન ઓન ટ્રાન્સલેશન'ની ભલામણ કરી ત્યારે હું રોમાંચિત થઈ ઊઠ્યો.'' એક સો વરસનો વૃદ્ધ માણસ પોતાના ભૂતકાળ માટે નહીં પણ પોતાના ભવિષ્યકાળ માટે વાત કરી રહ્યો હતો ! આ જ ભારત છે. આપણે તેમને ઓળખવાની જરૂર છે. તેમની પાસે કોઈ ફરિયાદ ન હતી. તેઓ કોઈ નકારાત્મકતા ધરાવતા ન હતા અને તેમણે મને ખુશ કર્યો. તેમને મને એવો અનુભવ કરાવ્યો કે હજુ પણ આશાવાન બની રહો. હું વિચારું છું કે આપણા સમાજમાં રહેતા વિવિધ પ્રકારના લોકો પાસેથી આપણને શીખવા માટે ઘણા પાઠ મળી શકે. પણ લોકોની વચ્ચે પ્રકાશિત થવાની તેમને તક મળતી નથી.

કેટલાક ફિલ્મી નાયકો અને ક્રિકેટરો જ લોકોમાં લોકપ્રિય થયા છે. આ બધા જ ભારતના આદર્શ બની ગયા છે.

સ્નાતક થતા બધા જ વિદ્યાર્થીઓને હું ફરી શુભકામના પાઠવું છું. પોતાના બાળકને આ સંસ્થામાં પ્રવેશ મેળવવામાં સહયોગ આપવા બદલ હું બધા જ વાલીઓનો આભાર માનું છું. આ સંસ્થાને સહયોગ અને માર્ગદર્શન આપવા બદલ હું દરેક શિક્ષક, પ્રાધ્યાપક અને સમિતિસભ્યોનો આભાર માનું છું. સંવાદ કરવા માટે આ મહાન મંચ પૂરો પાડવા બદલ અંતમાં હું હૃદયપૂર્વક સૌનો આભાર માનું છું.

**અનુ. નીતિનકુમાર ઢાઢોદરા**
(મદદનીશ પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય,
ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૪. મો. ૯૮૨૪૮૬૨૨૧૯)
('સમણું', જૂન ૨૦૧૪માંથી સાભાર)

◆

## સ્વસ્થ શિક્ષણ, સબળ શિક્ષણ, સ-ફળ શિક્ષણ :

# ૨૧મી સદીના ભારતની તાતી જરૂરિયાત

ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી

**વિદેશની ભૂમિ પરથી યથાર્થ દર્શન** : ભારતની શિક્ષણ વ્યવસ્થાની છેલ્લાં સાઠ વર્ષની ગતિવિધિથી મારે એક રીતનો આત્મિક ઘરોબો રહ્યો છે, એ જ વ્યવસ્થાનો હું એક વખતનો વિદ્યાર્થી, એની માધ્યમિક કક્ષાનો એક વખતનો શિક્ષક, આચાર્ય અને સંચાલક, એની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાનો હું એક વખતનો અધ્યાપક, આચાર્ય, ઉપકુલપતિ અને કુલપતિ. વળી એનાં અનેક પરિણામોને આવરી લેતી નીતિવિષયક બાબતો સંબંધી સલાહસૂચન કરતાં અનેક સત્તામંડળોનો હું સક્રિય ભાગીદાર. શિક્ષણ સંબંધી ચિંતન કરવું, ચિંતા પણ કરવી અને એના પરિપાકરૂપે પ્રત્યાયન કરવું, ચર્ચાઓમાં સામેલ થવું, યોજનાઓ રચવી, લેખો લખવા, પાઠ્યપુસ્તકો તેમજ મૌલિક સંદર્ભગ્રંથો લખવા વગેરે જેવાં અનેક વાનાં કરવાની મને છેલ્લાં સાઠ વર્ષોમાં અનેક તકો મળ્યા કરી છે જેનું મને ગૌરવ છે અને ફરજ પાલન કર્યાનો અહેસાસ પણ છે.

આવી બહુ-આયામી શૈક્ષણિક કારકિર્દીના એક ભાગ તરીકે મેં અનેકવાર વિદેશોની યાત્રા કરી છે અને એના અનુભવોથી મારી શૈક્ષણિક વિચારસૃષ્ટિને મેં વૈવિધ્યપૂર્ણ બનાવ્યા કરી છે. પેલી કવિ ઇકબાલની ઉર્દૂ પંક્તિઓ મેં શ્વસી તો છે, પણ ઉપરાંત મારી નક્કર અનુભવસૃષ્ટિમાં એ જીવી પણ જાણી છે.

**किस तरह तय की हैं हमने मंझिलें**
**गिर पडे, गिर कर उठे, उठ कर चले ।**

એ સિલસિલા મુજબ મેં ૧૬ મે, ૨૦૧૪થી ૧૬ જુલાઈ, ૨૦૧૪ના સમયગાળામાં બ્રિટનની મુલાકાત લીધી. મારી વિદેશયાત્રાને મેં હંમેશાં મારા શૈક્ષણિક વિચાર અને વિકાસનું માધ્યમ ગણ્યું છે, અને પ્રત્યેકમાંથી કશુંક ને કશુંક વિચારભાથું પ્રાપ્ત કર્યું છે.

**અમારે જિંદગીના રંગને સાકાર કરવો છે,**
**હૃદયની ભાવનાની ખુશ્બો તણો વિસ્તાર કરવો છે;**
**અમે આવ્યાં છીએ અહીંયાં બધાં થોડાંક ફૂલો લઈ,**
**અમોને થોડીક ધરતી દો તો એક ગુલજાર કરવો છે.**

આ વખતે મેં વિશેષ કરીને Nottingham University અને University of Leedsના કાર્યક્રમો જાણવા-સમજવા કોશિશ કરી અને તે બંનેના સંદર્ભે ભારતના ઉચ્ચશિક્ષણની પરિસ્થિતિ સમજવા કોશિશ કરી.

નોટિંગહામનું કેમ્પસ કુદરતી સૌંદર્યનો અદ્‌ભુત નજારો જ છે. એમાં ભળી માનવીની કલ્પના જેણે જન્મ આપ્યો Landscapingનો એક અજનબી કરિશ્મો. આ વખતે એ યુનિવર્સિટીના મેદાન પર રમાયેલી ક્રિકેટની ટેસ્ટ મેચના ભારતીય ખેલાડીઓ અને એમના ભારતીય ચાહકો-દર્શકો યુનિવર્સિટીના પરિસરની નૈસર્ગિક નજાકત પર મોહી ગયેલા જોવા મળતા હતા. બહુ જ સ્વાભાવિક છે કે યુનિવર્સિટીના અધ્યાપકો વિદ્યાર્થીઓ વગેરે કેમ્પસની સુંદરતા અને સુઘડતાને એમના જીવનમાં ઉતારતા જતા હશે અને એમ કરીને એક સ્વસ્થ, સુચારુ અને સુમધુરુ જીવન સ્વપ્ન જીવી રહ્યા હશે.

બંને યુનિવર્સિટીઓની પ્રતિષ્ઠા એમના ભૌતિક માનવીય અને સાંસ્કૃતિક પર્યાવરણ ઉપરાંત ઉત્તમ અધ્યાપકો, સંશોધકો અને નવપ્રસ્થાનક અને ખૂબ અભિપ્રેરિત એવાં ચેતનાથી ઊભરાતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વડે બનવા પામી છે એમ ભારપૂર્વક કહેવું ઘટે. એમાંય ત્યાં છેક ભારતથી અભ્યાસ કરવા આવેલાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને મળવાનું થાય તો એવો ઊર્મિગત અહેસાસ થયા વિના ન રહે જેવો કવિ "બેફામે" આ પંક્તિઓ દ્વારા વ્યક્ત કરેલો. અડગ આત્મવિશ્વાસ, નિરંતર આદરેલી શ્રમનિષ્ઠા અને કશુંક ઉન્નત પામવાની ઝંખના વગેરે એમનામાં તરબતર જોવા મળતાં લક્ષણો મને દેખાણાં. એમને પૂછીએ કે આ દેશની શિક્ષણ વ્યવસ્થામાં એવું શું છે જેના પરિણામે તમારાં હૈયાં

આનંદથી હિલ્લોળા લેતાં થયાં છે ? તેમનો એક જ જવાબ : અહીંની સંસ્થાઓમાં અમને આત્મીયતાની હૂંફ મળે છે, અમારી જ્ઞાનયાત્રામાં અમને પુષ્કળ પ્રોત્સાહન મળે છે, અમને પ્રયોગો કરવાની, અરે ભૂલો કરવાની, સલામતી સાથેની સ્વતંત્રતા મળે છે, અને અમને સહપાન્થ બનાવતા સખા જેવા અધ્યાપકો મળે છે.

આ અને આવી છે ઇંગ્લૅન્ડની ઉચ્ચશિક્ષણની સંસ્થાઓની સંસ્કૃતિ ! લંડનની એક કૉલેજમાં, અમદાવાદની મૂળ વતની એવી એક વિદ્વાન યુવાન વ્યક્તિ અધ્યાપક તરીકે કામ કરે છે, એ છે પ્રા. પંચમ શુક્લ, જેઓ ગુજરાતના નામી કવિ શ્રીયુત રાજેન્દ્ર શુક્લના નજીકના સગા એવા કુટુંબીજન છે. પોતે બ્રિટનની ગુજરાતી સાહિત્ય એકેડેમીના એક સક્રિય કાર્યકર તો છે જ, વિશેષમાં તો તે એક ખૂબ મેધાવી અને વિદ્યાર્થીઓમાં પ્રિય એવા અધ્યાપક છે. શ્રી શુકલ અનુસાર ગુજરાત અને ભારતના ઉચ્ચશિક્ષણમાં બ્રિટનના ઉચ્ચ શિક્ષણના કેટલાક ગુણવત્તાલક્ષી તત્ત્વો દાખલ કરવાની તાતી જરૂર છે, શિક્ષણક્ષેત્રને ધાર્મિકરૂપ આપવું જરૂરી છે અને એ માટે દેશ-પરદેશ વચ્ચે આપ-લે વધારવાની જરૂર છે.

મને પણ ઇંગ્લૅન્ડ બેઠાં, ભારતની શિક્ષણ વ્યવસ્થાનું પુનર્દર્શન કરવાની તક મળતાં એક વાતની પ્રતીતિ થઈ કે શિક્ષણને સ્વસ્થ બનાવીએ, તેને સબળ બનાવીએ અને એને રૂડાં-રૂપાળાં ફળ આપતું એક ઉત્પાદક માનવ સાહસ બનાવીએ તો શિક્ષણની તાસીર બદલી શકાશે અને તેમ થતાં દેશની તકદીર પણ બદલી શકાશે.

### શિક્ષણની નૂતન ત્રિવેણી :

ભારતની શિક્ષણ વ્યવસ્થા કદની દૃષ્ટિએ વિશ્વમાં ત્રીજા સ્થાને છે. એના ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ૭૦૦થી વધુ યુનિવર્સિટીઓ આવેલી છે. કૉલેજોની સંખ્યા ૩૭૦૦૦ જેટલી છે. તેમાં આશરે બે કરોડ વિદ્યાર્થીઓને સાત લાખ જેટલા અધ્યાપકો શિક્ષણ આપી રહ્યા છે. દુર્ભાગ્યે, આવો ગંજાવર માનવ-ઘડતર કાર્યક્રમ ઇચ્છિત ફળ આપતો નથી. એમાંથી ડિગ્રી મેળવી બહાર પડનારો યુવા વર્ગ મહદ્અંશે આધુનિક ધંધા-રોજગારમાં જોડાવાની પૂરી ક્ષમતા ધરાવતો હોતો નથી. એટલું જ નહીં પણ કેટલાંય સાધારણ પ્રકારનાં માનવકૌશલ્યોમાં પણ તે ઊણો ઉતરતો જણાયો છે. અધ્યાપકોનો મોટો વર્ગ સંશોધન, સામાજિક વિધિવિસ્તરણ, જ્ઞાન સર્જન જેવી આવશ્યક અધ્યાપકીય ક્ષમતાઓમાં બહુ જ કાચો માલૂમ પડે છે. સૌથી વિશેષ તો, વિશ્વની ઉત્તમ યુનિવર્સિટીઓ પૈકીની પ્રથમ ૨૦૦ જેટલી યુનિવર્સિટીઓની યાદીમાં ભારતની એક પણ યુનિવર્સિટી જોવા મળતી નથી !

આ અને આવી અનેક ઊણપોથી ઘેરાયેલી ભારતની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાને નવી દિશા આપવાની જરૂર ખડી થઈ છે. નવનિર્માણ પામેલી ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા જ ૨૧મી સદીના વિશ્વમાં પોતાનું યોગ્ય સ્થાન માનપૂર્વક પામી શકશે એ વાત નિશ્ચિત છે. આપણી તમામ સંસ્થાઓએ જે લઘુતમ કાર્યક્રમની ત્રિવેણી વિકસાવવી પડશે તેની આછી રૂપરેખા હવે જોઈએ. અત્રે એ યાદ રહે કે વર્ષ ૨૦૧૩ના ડિસેમ્બર મહિનાથી ભારત સરકારે દેશની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થામાં પ્રાણ પૂરવા માટેનો RUSA કાર્યક્રમ શરૂ કરેલ છે. એ એના વ્યાપમાં મર્યાદિત છે, કારણ કે એનો અમલ ફક્ત સરકારની અને સરકાર દ્વારા અનુદાન પામતી અને યુ.જી.સી. ધારાની કલમ ૨ (એફ) અને ૧૨ (બી) અન્વયે માન્ય ગણાતી સંસ્થાઓમાં જ કરવામાં આવનાર છે. આ સંજોગોમાં ''વધુ સારો સમય આવશે'' એવી વિફળ આશા સેવ્યા કરતાં, હાલથી જ ત્રિવેણીનો કાર્યક્રમ સૌ સંસ્થાઓએ અપનાવવાની નોબત આવી ચૂકી છે. આ રહી એ કાર્યક્રમની સંક્ષિપ્ત માહિતી.

### ત્રિવેણી પરિમાણ-૧ : સ્વસ્થ શિક્ષણ

ઉચ્ચ શિક્ષણ આપતી પ્રત્યેક સંસ્થા અને સર્વ દૃષ્ટિએ સ્વસ્થ, તંદુરસ્ત અને રોગમુક્ત હોય તે જરૂરી છે. આવી સ્વસ્થતા વિકસાવવા દરેક સંસ્થાએ બે પ્રયત્નો કરવા જોઈએ.

(૧) સંસ્થાની સ્થાપના પાછળ રહેલા શૈક્ષણિક ઉદ્દેશો, શિક્ષણનું દર્શન, સામાજિક-સાંસ્કૃતિક-આર્થિક માર્ગદર્શક સિદ્ધાંતો અને સંસ્થાનું સમગ્ર સંચાલન કયા નૈતિક માપદંડો વડે કરવામાં આવશે તેનું બયાન તૈયાર કરવું, એ જાહેર કરવું અને તે પ્રમાણે જ સમગ્ર વ્યવહાર થાય તેનું વહીવટી તેમજ મૉનિટરીંગ માળખું રચવું અને કાર્યરત કરવું એ દરેક સંસ્થાની પ્રથમ ફરજ રહેશે.

(૨) સંસ્થા જે શૈક્ષણિક અભ્યાસક્રમો અનુસરવાની હોય તેની સવિસ્તર રૂપરેખા તૈયાર કરવી, તેમાં સમયાંતરે કરાનારા સુધારા, વધારા, પ્રયોગો, ઇનોવેશન્સ વગેરેની રેખાઓ આંકવી, અધ્યયન, અધ્યાપન, પરીક્ષણ અને વ્યવસ્થાપન કયા સિદ્ધાંતો અને જાતિનિયમો અનુસાર ક્રિયાન્વિત કરાશે તેની સમગ્ર કાર્યપદ્ધતિ તૈયાર કરવી, સમયાંતરે તેમાં ફેરફાર કરવા વગેરેનું બયાન તૈયાર કરવું, તે જાહેર કરવું, તેને અમલમાં મૂકવાનાં ધારાધોરણો ઠરાવવાં, જાહેર કરવા અને તદ્નુસાર કાર્યાન્વયન કરવું. આ બધું સંસ્થાએ ચીવટથી કરવું જોઈએ. આ પ્રબંધો જાગ્રત મને, જવાબદારીપૂર્વક અને સહયોગની ભાવનાથી થાય અને સદાકાળ થતા રહે તો જ એ સંસ્થાના સ્વાસ્થ્ય માટે ખૂબ ઉપકારક નીવડે એમ સ્વીકારીને સંસ્થાએ કાર્યરત રહેવું પડશે.

## ત્રિવેણી પરિમાણ-૨ : સબળ શિક્ષણ

શિક્ષણનું પ્રયોજન વ્યક્તિએ ઘડવાનું છે. વ્યક્તિનું શરીર, મન, હૃદય અને આત્મા એ સર્વેને આવરી લેતું શિક્ષણ તે સર્વગ્રાહી શિક્ષણ કહેવાય છે. આવું શિક્ષણ ખુદ સત્ત્વશીલ હોવું ઘટે તો જ એ વ્યક્તિને અને સમાજને સશક્ત બનાવી શકે. સંસ્થાઓમાં અપાતું શિક્ષણ જો કર્મકાંડ પ્રધાન, ગોખણપટ્ટી કરાવનારું યંત્ર કાર્ય જ હોય તો એવું શિક્ષણ વ્યક્તિ કે સમાજનું ટકાઉ કલ્યાણ કે સશક્તિકરણ (empowerment) ન કરી શકે. ૨૧મી સદીના તકાદાઓને પહોંચી વળવાની તાકાત વ્યક્તિમાં ખીલવે એ માટે શિક્ષણની દરેક સંસ્થાએ બે પ્રબંધો કરવા જોઈએ જે નીચે સૂચવ્યા છે.

(૧) શિક્ષણ સર્વથા સક્ષમ, ઊંચી ગુણવત્તા ધરાવતું, આધુનિક પ્રસાધનો વડે સર્વોત્તમ પારમિતા ધરાવતું એવું એક આગવું, અનોખું બળ હોવું જોઈએ. Excellence એનો લાજવાબ ગુણ હોવો જોઈએ. સંસ્થા NAACનો A ગ્રેડ મેળવે કે ISO ૯૦૦૦નું પ્રમાણપત્ર મેળવે એ પૂરતું નથી, એનાં બધાંય પાસાં Total Qualityથી તર-બતર હોવાં જોઈએ. આવી પારમિતા ત્યારે જ હાંસલ થતી હોય છે કે જ્યારે આખી સંસ્થા એક જૂથ (Team) તરીકે સંસ્થાને વરેલી હોય છે, એના ઉદ્દેશોને અર્પિત થયેલી હોય છે.

(૨) શિક્ષણની સબળતા, ક્ષમતા અને સાંપ્રતતા ત્યારે જ સ્થાપિત થતી હોય છે કે તે તમામ પ્રકારની નબળાઈઓ – વહીવટી, શૈક્ષણિક, તાંત્રિક, માનવીય, નૈતિક – વગેરે નબળાઈઓથી મુક્ત રહેવા હંમેશાં સતર્ક હોય. સંસ્થાનાં શૈક્ષણિક લક્ષ્યાંકો ખૂબ ઊંચાં હોય અને એ પામવાની પાત્રતા કેળવવા એના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંચાલકો વગેરે પ્રતિબદ્ધતાપૂર્વક પાત્રતા અને સજ્જતા કેળવતા રહેતા હોવા જરૂરી છે જેમ કે સંશોધન કાર્ય શિક્ષણને સબળ બનાવનારું ખૂબ પ્રભાવશાળી બળ પુરવાર થયું છે. સંસ્થાકીય શિક્ષણ તેથીજ સંશોધન આધારિત બનવું જ જોઈએ. આ માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને સંશોધન પ્રવૃત્તિનો રંગ લાગવો જોઈએ. આમ, જેમ કહેવાય છે કે Knowledge is power, but yes, it should be a strong power એ સૂત્ર સૌના માટે ધ્રુવતારક બનવું જોઈએ.

## ત્રિવેણી પરિમાણ-૩ : સ-ફળ શિક્ષણ

અનેક દષ્ટિએ શિક્ષણનો ઉદ્યમ કોઈ ચોક્કસ પરિણામ લાવનારો, હેતુલક્ષી પરિશ્રમનો હોવો જ જોઈએ. એમ કહેવાય છે કે વ્યક્તિ શિક્ષણ વડે ઘડાય છે. ઘડાયેલી વ્યક્તિઓ વડે રચાતો સમાજ ખુદ એક ફળરૂપ છે, જેના વડે માનવ પરિવારો, માનવસમાજો અને માનવજગત સુખી, આબાદ, પ્રગતિશીલ સંસ્કારી અને કર્મઠ બનતાં હોય છે. 3H કે 3Rનું શિક્ષણ કહીએ કે સમગ્ર માનવ [Whole Man]નું શિક્ષણ કહીએ, એ બધી સંકલ્પનાઓ માનવીના પરિવર્તન [Transformation]નો સંકેત કરે છે. શિક્ષણ તો આધુનિક અર્થશાસ્ત્રના શબ્દોમાં મૂડી રોકાણ [Investmant] માગી લેતું સાહસ છે, અને કોઈ પણ સાહસમાં Maximum gain with Minimum Loss હોય એ જરૂરી છે. આવું શિક્ષણ સંસ્થાઓમાં અપાતું રહે એ માટે બે શરતો પાળવી રહી.

(૧) શિક્ષણ અનેકવિધ રીતે ઉત્પાદક [Productive] હોવું જોઈએ. એ લેવાથી વ્યક્તિ ઉત્પાદક બને એ

જરૂરી છે. ગાંધીજીની ''નઈ તાલીમ''ની સંકલ્પનાના પાયામાં ઉત્પાદકતા એક મહત્ત્વનું ઘટક હતી. ઉત્પાદક વ્યક્તિઓનો સમાજ પણ ઉત્પાદક બનતો હોય છે. ૨૧મી સદીના જ્ઞાનયુગમાં પ્રત્યેક શિક્ષણસંસ્થા જ્ઞાનનું ઉત્પાદન કરતી રહે, અને એ જ્ઞાન દ્વારા અનેક વસ્તુઓ અને સેવાઓ [Products and services]નું ઉત્પાદન સમાજમાં ઠેરઠેર થતું રહે એ અપેક્ષા રહેલી છે. કમભાગ્યે, ભારતમાં અપાતું શિક્ષણ મહદ્અંશે વ્યક્તિ/સમાજની ઉત્પાદકતા વધારવામાં કે વધુ ધારદાર બનાવવામાં ઉપયોગી નીવડ્યું નથી એ એક કડવી વાસ્તવિકતા છે.

(૨) શિક્ષણનું સર્વોત્તમ ફળ તે વ્યક્તિની સર્જનશીલતા [Creativity] છે. દરેક સમાજમાં સર્જનશીલતાની સંભવિતતા [Potential] ધરાવતી વ્યક્તિઓ હોય છે. આપણી સંસ્થાઓમાં પણ આવાં ચીંથરે લપેટાયેલાં કેટલાંક રત્નો હશે જ, પણ એમની એ સંભાવના બહાર લાવવાનો શિક્ષણમાં ઠોસ પ્રબંધ કરાતો નથી. આથી આપણા અનેક ન્યૂટનો, ભાસ્કરાચાર્યો, આઇન્સ્ટાઈનો સંસ્થાકીય બેદરકારીના પેટાળમાં ઘરબાયેલા રહે છે. જ્યારે આવાં છૂપાં રત્નો સંસ્થાકીય શિક્ષણ દ્વારા ઘડાઈને બહાર પડતાં થશે, ત્યારે ભારત દેશે પશ્ચિમના દેશો, કે ચીન-જાપાન જેવા પૂર્વના દેશો તરફથી સ્પર્ધા થવાનો ડર રાખવો પડશે નહીં અને દેશ, એના સ્વસ્થ, સબળ અને સફળ શિક્ષણ વડે એક સુજલામ્ સુફલામ્ ધરતી બની ચૂક્યો હશે. આવો દિવસ નજીક લાવવા આપણે શિક્ષણની ત્રિવેણી અપનાવવી જોઈએ.

**ઉપસંહાર** : હું ઇંગ્લેન્ડની બે માસની મારી છેલ્લી યાત્રા કરીને શિક્ષણની ત્રિવેણીની કલ્પના કરતો કરતો સ્વદેશના શિક્ષણજગત સાથે મારો નાતો ચાલુ રાખતાં, નવો આનંદ, નવો વિશ્વાસ અને નવો આશાવાદ મારા અધ્યાપક મિત્રો અને યુવાન વિદ્યાર્થીઓ - વિદ્યાર્થિનીઓમાં સંક્રમિત થતો રહે એવા સહિયારા યુગની રાહ જોઈશ. એ રાહ જોવા પાછળની ધીરજ અને તમન્ના મને ગત સદીના અમેરિકાના મહાન અશ્વેત સામાજિક કર્મશીલ ફાધર માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરે ગાયેલા આ પ્રેરકગીતમાંથી મળી છે. મને શ્રદ્ધા છે કે શિક્ષણજગતના મારા સાથીઓ પણ એ જ ગીતની ભાવના એમના રોજિંદા વ્યવસાયી કાર્યમાં પરોવતા રહી, ''સ્વસ્થ શિક્ષણ, સબળ શિક્ષણ અને સ-ફળ શિક્ષણની''ની વિભાવનાને પોતપોતાની સંસ્થાઓમાં અવતરિત કરવા શક્ય એવું બધું કરી છૂટશે.

**हम होंगे कामियाब**
**हम होंगे कामियाब,**
**हम होंगे कामियाब एक दिन,**
**हो हो मन में है विश्वास,**
**पूरा है विश्वास**
**हम होंगे कामियाब एक दिन.**

**(ડૉ. દાઉદભાઈ ઘાંચી**
(પૂર્વ ઉપકુલપતિ, હે.ઉ.ગુ.યુ., પાટણ)
ટાવર પાસે, બજારમાં,
કલોલ, જિ. ગાંધીનગર)
e-mail : ghanchida1927@yahoo.com

◆

અફઘાનિસ્તાનમાં અહમદિયા કોમના બે ભાઈઓની સંગસારી થયાનો (પથ્થર મારીને જીવ લેવાયાના ખબરનો) લાંબો તાર મને મળ્યો છે. મેં સાંભળ્યું છે કે 'કુરાન'માં પથ્થર મારવાની સજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈશ્વરથી ડરીને ચાલનારા માણસ તરીકે આ સજાની નૈતિક યોગ્યતાની સામે હું સવાલ ઉઠાવી શકું છું. પયગંબરની હયાતી દરમ્યાન અને તે યુગમાં ગમે તે બાબત જરૂરી અને યોગ્ય મનાતી હોય, પણ સજાનો આ પ્રકાર તો 'કુરાન'ને નામે પણ અક્ષમ્ય છે. આ બુદ્ધિયુગમાં દરેક ધર્મની કોઈ પણ કલમને વિશ્વમાન્ય કરાવવી હોય તો તેને તર્કની અને ન્યાયની આકરી કસોટીમાંથી પસાર કરવી જોઈએ. ભૂલને દુનિયાના કોઈ પણ શાસ્ત્રનો ટેકો હોય તોપણ તે અપવાદરૂપ ન ગણાય. મો૦ ક૦ ગાંધી **['યંગ ઇન્ડિયા' : ૨૬-૨-૧૯૨૫]**

# સંવેદનાના સૂર – વારસો

ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી તથા ગાંધીનગરના મેનેજમેન્ટની ઑફિસ સદા દરેક જણ માટે ખુલ્લી હોય છે. મેનેજમેન્ટ હંમેશાં વિદ્યાર્થીઓના હિતમાં જે કાંઈ શક્ય હોય – ટેક્નિકલી પોસિબલ હોય તેવી મદદ કરી વિદ્યાર્થીનો અભ્યાસ સારી રીતે ચાલે તે માટે તત્પર હોય છે. કોઈ પણ વિદ્યાર્થી અથવા વિદ્યાર્થિનીનો અભ્યાસ આર્થિક પરિસ્થિતિને કારણે અટકી ન પડે તે માટે મેનેજમેન્ટ તત્પર હોય છે. સ્વ. શ્રી માણેકલાલ સાહેબની કંડારેલી કેડી પર હવે તેમના સુપુત્ર ખૂબ નિષ્ઠાથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન તરીકે તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટનો હોદ્દો સંભાળી રહ્યા છે. તેઓશ્રી સરદાર તરીકે ઓળખાતા પોતાના નામને સાર્થક કરી રહ્યા છે.

દર શુક્રવારે અમો ગાંધીનગર ઑફિસમાં સાથે હોઈએ છીએ. જોકે પટેલ વલ્લભભાઈ માણેકલાલ (સરદાર) સોમવાર, મંગળવાર, ગુરુવાર અને શુક્રવાર એવા ચાર દિવસ સવારે ૯.૦૦થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી પોતાની સેવાઓ આપે છે, જ્યારે બુધવાર અને શનિવારે કડીમાં ઉપસ્થિત રહે છે. આ બધા દિવસો દરમિયાન ઑફિસમાં અવનવા પ્રશ્નો લઈ આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ વગેરે સતત આવતા રહે છે. સરદાર દરેકને શાંતિથી, સ્વસ્થતાથી, કાળજીપૂર્વક સાંભળે છે અને યોગ્ય નિર્ણય લેતા હોય છે. ક્યારેક ઑફિસમાં લાગણીશીલ દશ્યો પણ સર્જાતાં હોય છે અને આપણી સંવેદનાને જગાડતાં હોય છે. આજે એવા એક લાગણીશીલ પ્રસંગની વાત કરવી છે. આમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન તરીકેની સરદારની નિષ્ઠાની, વ્યક્તિને કસવાની–પરખવાની અને રસ્તો કાઢવાની આવડતનાં દર્શન થાય છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નેજા હેઠળ ચાલતી પોલિટેક્નિક કૉલેજની એક વિદ્યાર્થિની કાંઈક ગ્લાનિભર્યા ચહેરે પ્રિન્સિપાલના શેરા સાથે અભ્યાસ છોડવાની અને ફી પરત લેવાની માંગણી સાથે ઑફિસમાં પ્રવેશ કરે છે. પૃચ્છા કરતાં પોતાની કરુણ દાસ્તાન રજૂ કરતાં જણાવ્યું કે પિતાશ્રીનું અચાનક અવસાન થવાને કારણે પોતે અભ્યાસ છોડી રહી છે. કોઈ પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પોતાનો ચાલુ અભ્યાસ છોડવાની વાત કરે તો સર્વ વિદ્યાલયનું મેનેજમેન્ટ ખૂબ સેન્સિટિવ હોઈ તેનાં કારણોમાં ઊંડું ઊતરે છે. અહીં તુરત સરદારે પરિસ્થિતિ કળી જતાં તેને પૂછ્યું કે કેમ અભ્યાસ છોડવો છે ? તારા પિતાશ્રીના અવસાનથી આર્થિક સંકળામણને કારણે તું ફી ન ભરી શકતી હો તો તારી ફી માફ કરી દઈશું. તું અભ્યાસ ચાલુ રાખ અને તારી કારકિર્દી બગાડીશ નહિ. આ સાંભળતાં દીકરી રડી પડી ! થોડીક વાર શાંત થયા પછી તેણે જવાબ આપ્યો કે સાહેબ, તમે ફી માફ કરશો તો મારો અભ્યાસ ચાલુ રહેશે, પણ મારે શિરે મારાં માતુશ્રી અને નાના ભાઈ માટે ઘર ચલાવવાની જવાબદારી છે. અને તેથી હું સવારે ૮.૩૦ થી સાંજના ૮.૦૦ સુધીની નોકરી નક્કી કરીને આવી છું, એટલે અભ્યાસ ચાલુ રાખવા માટે સમય પણ નથી. આટલા લાંબા સમયની નોકરી માટે તે વિદ્યાર્થિનીએ રૂ. ૨૫૦૦.૦૦માં હા પણ પાડેલી. પરિસ્થિતિ ખરેખર મૂંઝવણભરી હતી. પણ આ તો સર્વ વિદ્યાલયનું મેનેજમેન્ટ ! અત્યારે તેનું સુકાન સરદારે સંભાળેલું છે. પોતાના પિતાશ્રી સ્વ. શ્રી માણેકલાલનો વારસો – (ત્વરિત નિર્ણય લેવાનો) સંભાળતા હોઈ તેમણે તે દીકરીને કહ્યું કે તું તારો અભ્યાસ ચાલુ રાખ. તારી ફી તો માફ કરી જ દઈશું. પણ તારા અભ્યાસ સિવાયના સમયમાં તેં નક્કી કર્યો છે તેનાથી પણ રૂ. પાંચસો વધારે પગાર આપી સંસ્થામાં તને ક્યાંક પાર્ટ ટાઈમ નોકરીમાં

ગોઠવી દઈશું. તારો અભ્યાસ પણ ચાલશે અને તારું ઘર ટકાવવા માટે પણ રસ્તો થઈ જશે. વિદ્યાર્થિની ખૂબ સંતોષ સાથે આભારની લાગણી સાથે વિદાય લે છે.

ખૂબ કરુણા હૈયે હોય, વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહિ તેવી હૈયે ખૂબ ઝંખના હોય અને કાંઈક રસ્તો કાઢવાની ત્વરિત નિર્ણયશક્તિ હોય અને સંચાલક તરીકે ''કર ભલા હોગા ભલા'' મંત્ર જેણે હૈયે બરાબર ગોઠવ્યો હોય તે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મોભી તરીકે જવાબદારી નિભાવી શકી. શ્રી વલ્લભભાઈએ આ ગુણો બરાબર આત્મસાત કર્યા છે. સંવેદનાના આવા પ્રસંગો ડગલે ને પગલે આવવાના અને પૂ. છગનભા, દાસકાકા, પૂ. શ્રી ધનાભાઈ વકીલ તથા પૂ. શ્રી માણેકલાલ સાહેબ તથા સંસ્થાના અન્ય ભૂતપૂર્વ અને વર્તમાન વડીલોના આશીર્વાદથી સર્વ વિદ્યાલયની પરંપરા સુપેરે નભશે જ તેવી હૈયાધારણા આવા પ્રસંગો પૂરી પાડે છે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીના હર એક ચડતી પડતીના પ્રસંગોએ પાલકે (વાલીએ), ચાલકે (આચાર્યશ્રી / અધ્યાપકો) અને સંચાલકે જાગૃત રહી સંવેદનાના સૂરને ઝીલવા પડશે.

**ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ**

તા. ૦૪/૦૫/૨૦૧૨ વાઈસ પ્રેસિડેન્ટ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી

## રાણીની વાવ

ચન્દ્રકાંત ટોપીવાળા

(રોળાવૃત્ત)

*બની રાણીની વાવ, રાણી બેઠી સદીઓથી,*
*રાજા, હવે તું આવ રાણી બેઠી સદીઓથી.*
*ઊંડે ખૂબ હું સજળ, છતાં રહી સદાય તરસી,*
*ધારી રાખી સકળ યાદને હૈયા-સરસી.*
*ભભક ભર્યો શણગાર, અંગ ના કોઈ બાકી*
*હરખ ન તોય લગાર સાવ હું તો એકાકી.*
*ચઢું ઊતરું રોજ પગથિયાં સૂનાં સૂનાં,*
*પાંપણ સહે ન બોજ, આંસુઓ ઊનાં ઊનાં.*
*ઊભું મંડપ માંહ્ય ચઢે ત્યાં મન ચકરાવે*
*ઝાલું તોરણ, લાહ્ય મારી ભીતર ભડકાવે.*
*ગોખ ઝરૂખા સ્થંભ, માળ પરસાળ વટાવું,*
*રઝળું હું વણથંભ, કાળને કેમ રિઝાવું ?*
*પછાડ એક કઠોર અને સૌ માટી-ભેળા,*
*જોશે ચારેકોર અહીં આ હાડ પડેલાં.*
*બને એવું કે ક્યાંક તારાથી ન અવાયું,*
*બને એવું કે ક્યાંક લલાટ દટાવું લખાયું.*
*જલદી કર, તું આવ રાણી બેઠી સદીઓથી*
*બની રાણીની વાવ, રાણી બેઠી સદીઓથી !*

**૨૦/૨૧, એપ્રિલ-૨૦૧૧ છપાયું : 'નવનીત સમર્પણ' દીપોત્સવી ઓક્ટો. ૨૦૧૧**

(**નોંધ** : રાણી ઉદયમતિએ પોતાના પતિ રાજા ભીમદેવની સ્મૃતિમાં પાટણમાં 'રાણીની વાવ' બંધાવેલી. નરસિંહરાવ દિવેટિયાએ 'સહસ્રલિંગ તળાવના કાંઠા પરથી પાટણ' રચના કરી છે. એમાં 'રાણીવાવ તણાં આ હાડ પડેલાં / મોટા આ અહીં બુરજ મળ્યા માટીમાં ભેળા' જેવી પંક્તિ આવે છે, એનો અહીં ઉલ્લેખ (Allusion) તરીકે ઉપયોગ કર્યો છે. રોળાવૃત્તમાં લખવાની વાત પણ નરસિંહરાવની આ રચનાને આભારી છે.)

# 'ડેન્ચર'

કેશુભાઈ પટેલ

સવારના પહોરમાં મારા નિવાસની સામે એક ઊંચો, પાતળો અને સહેજ શ્યામવર્ણી છોકરો આંટાફેરો કરતો હતો. એ વિદ્યાર્થી મને મળવા ઇચ્છતો હોય એવું અનુમાન કરી, મેં એને 'હાક' મારી, બોલાવ્યો. આમેય માણસાની બંને કૉલેજોના અમે આચાર્યોએ પ્રિન્સિપાલનો રૂઆબ ધારણ કર્યો નહોતો. એટલે કૉલેજનો કોઈ પણ વિદ્યાર્થી ખચકાટ વગર અમને મળતો.

આ આવ્યો અને ઓસરીમાં વિનમ્રતાપૂર્વક અદબ વાળી ઊભો 'કંઈ કામ છે, ભઈ ?' મેં ઇરાદાથી પ્રેમપૂર્વક પૂછ્યું. મારા શબ્દોથી એને રાહત થઈ, પણ હજી ખચકાટ હતો. થોડી વારના મૌન પછી સહેજ ગભરાતાં ગભરાતાં એ બોલ્યો. 'સા'બ હું પાટણપુરાનો છું. આપણી કૉલેજમાં ઇન્ટર સાયન્સમાં છું. આજે મારે કેમિસ્ટ્રીનો પ્રેક્ટિકલ છે. એક સર તમારા ઓળખીતા છે. આમ તો ખેડૂતનો છોકરો છું. ને ખૂબ મહેનત કરી છે. પણ કદાચ થોડા માટે મેડિકલનું રહી જાય એટલે... સમજ્યો, તારો નંબર આપ. એણે કાપલી પર નંબર નોંધી આપ્યો. અને નમન કરી વિદાય થયો.

એક અધ્યાપક તરીકે યુનિવર્સિટી પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીનો વિશેષ 'ફેવર' કરી ગુણ વધારવા માટે ભલામણ કરવી તે ગેરકાયદેસર તો છે જ. પણ એક આચાર્ય કક્ષાની વ્યક્તિ માટે અનૈતિક પણ ખરું અને આ ગંભીર બાબતોથી હું સભાન હોવા છતાં એ વિદ્યાર્થીની રજૂઆતમાં મને 'જેન્યુઇન તથ્ય' લાગ્યું. ગરીબ ખેડૂતનો ગામડાનો દીકરો મસ મોંઘાં ટ્યૂશન કેવી રીતે રાખે ? માત્ર પૈસાના અભાવને કારણે તેના મિત્રો જે વધારાની શૈક્ષણિક સગવડ ભોગવે છે એ ગરીબ વિદ્યાર્થીઓને ન જ મળે. આપણો સમાજ અને શિક્ષણની વ્યવસ્થા આમ જાણે-અજાણે પણ એમને અન્યાય કરે છે. એવું મને હંમેશાં લાગ્યું છે એટલે કૉલેજ એડમિશનથી લઈ ફી, નિયમિતતા, હાજરી, ફૉર્મ ભરવામાં મોડા પડવું, પૈસા ન હોવા - આવા અનેક પ્રસંગોએ મેં વ્યક્તિગત મદદ તો કરી છે પણ નિયમોની ઉપરવટ જઈને કોઈ ખાસ જેન્યુઈન કેસમાં વિદ્યાર્થીને મદદ કરી છે.

આમાં મારા જીવનના કડવા મીઠા-કપરા અનુભવોમાંથી મને જે શીખવા મળ્યું તે મારી માનસિકતા તેમજ વિચારસરણી બંધાઈ - કહો કે મારું વિશિષ્ટ વ્યક્તિત્વઘડતર થયું એ કારણરૂપ છે. મને નિયમોનાં બંધનો ફગાવી દઈ હિંમતપૂર્વક મદદ કરનારા હિતેચ્છુ મળ્યા ત્યારે જ હું પ્રિન્સિપાલને પદે પહોંચ્યો છું. એ બધા અનુભવો કાળજે લખાયા છે. મારી દુર્દશામાં હૂંફ આપનારા સજ્જનોનો હું ઋણી છું, ઓશિંગણ છું, એટલે ''લા મિઝરેબલના પેલા વાલજીનની જેમ લાયક અને ગરીબ વિદ્યાર્થીનું ભલું કરવા તત્પર રહું છું અને એમ કરીને સમાજનું મારા પર ચઢેલું ઋણ યત્કિંચિત પણ પાછું વાળું છું.

પરિણામ આવ્યું ત્યારે પેલો વિદ્યાર્થી કાન્તિ હરખાતો હરખાતો પેંડાનું બોક્સ લઈને આવ્યો. સર, તમારા કારણે માર્ક તો સારા આવ્યા છે. એમ કહી પેલું બોક્સ મારી સામે ધર્યું. 'વાહ ! અભિનંદન ! ત્યારે તું ખુશાલી વહેંચવા નીકળ્યો છે. મેં પેંડાનો ટુકડો લઈ મોંમાં મૂક્યો. બોક્સ પાછું આપતાં એ અચકાયો કહે સાહેબ આ તો તમારા માટે જ છે. એટલે તું બદલો વાળવા માગે છે ? ગરીબ બાપના પૈસે તારો પેંડો ના ખવાય - આખું બોક્સ મારાથી ના રખાય. લે ભઈ તારા મિત્રોને વહેંચી દેજે. એ વખતે પ્રેક્ટિકલ્સના ગુણ પણ ટોટલ ગુણમાં ગણાતા ને એના પરથી રેન્ક નક્કી થતી. પેલા કાન્તિને મેડિકલમાં તો નહિ પણ ડેન્ટલ કૉલેજમાં પ્રવેશ મળ્યો. એ ખુશ હતો, પછી બી.ડી.એસ. થઈ દાંતના ડૉક્ટર તરીકે માણસામાં જ પ્રૅક્ટિસ શરૂ કરેલી. એક તો આ

વિસ્તારનો વતની, પાટીદાર અને માણસામાં એક માત્ર ડેન્ટીસ્ટ એટલે થોડા સમયમાં પણ એની પ્રૅક્ટિસ જામી ગયેલી.

મારા દાંત પહેલેથી જ અખડબખડિયા. તેમાં નાનપણમાં ચૉકલેટ અને ગોળ પુષ્કળ ખાધેલાં. પચીસ વર્ષની ઉંમરે તો પેઢાં ખરાબ થયાં ને સડો લાગેલો. એક ડેન્ટીસ્ટે તો પાયોરિયાનો સડો થયો છે માટે બધા જ દાંત કાઢી નાખવા સલાહ આપેલી. પણ પછી દાંતની સંભાળ માટે સભાન થઈને ગાડું ગબડાવ્યું પણ છેવટે વારંવાર દુખાવાને કારણે મારા એક મિત્રે અમદાવાદમાં તેના ઘેરે રાખી બે-ત્રણ દિવસમાં બાકીના બધા દાંત કાઢી નખાવ્યા. સાવ બોખા મોઢે ખાવામાં તો તકલીફ પડે પણ દરરોજ કૉલેજમાં વર્ગોના અધ્યાપનમાં તો ભારે તકલીફ પડે. હું પેલા ડેન્ટીસ્ટ કાન્તિભાઈના દવાખાને ગયો. મારી વિગત જણાવી.

ડૉ. કાન્તિ માટે તો હિતેચ્છુ અને આદરપાત્ર એવા મને આવેલો જોતાં જ જાણે સાક્ષાત ભગવાન પધાર્યા હોય એટલો ઉમંગ અને આદર હું તેના હાવભાવ પરથી પામી ગયો. 'મને કહે સરસ ડેન્ચર બનાવી દઉં પણ તે પહેલાં થોડા સમય માટે કામચલાઉ ડેન્ચર પહેરવું પડશે, કહી તેણે કશાક કેમિકલને ગરમ કરી મારા ચોકઠાનું માપ લીધું. મેં એક વખતની ચોખવટ કરી ડૉ. કાન્તિ આ તારી શરૂઆતની પ્રૅક્ટિસ છે. એટલે આ ડેન્ચરની ફી તો લેવી જ પડશે. એણે કાયમી ડેન્ચર મારા મોંમાં બેસાડી બરાબર જોઈ લીધું. સર, તમને સારું ફીટ થયું છે. કશો પ્રોબ્લેમ થાય તો આવજો. ડેન્ચરના પૈસા બાબતે ખાસી રકઝક ચાલી. એણે એક પૈસો પણ લેવાનો પ્રેમપૂર્વક ઇન્કાર કર્યો. માંડ માંડ મેં માત્ર બસો રૂપિયા એના ખિસ્સામાં ખોસ્યા.

આ ડેન્ચર મને ખૂબ માફક આવી ગયું છે. ચાલીસ વરસથી ચાલે છે. શી ખબર એણે એમાં કેવું મટીરિયલ વાપર્યું છે કે આટલાં વર્ષોના વપરાશ પછી ન તો ખરાબ થયું છે કે ન તો ઘસાયું છે. ઘણી વાર સાફ કરતાં હાથમાંથી પડી ગયું છે. કેટલાંક ડેન્ચર તૂટી જાય પણ આ તૂટતું પણ નથી. વળી આ ડેન્ચરથી હું ચણા, ટોપરું, સોપારી, પાન જેવી કઠણ વસ્તુઓ પણ ખાઈ શકું છું. ઘણાને એનું આશ્ચર્ય પણ થાય છે. વળી મારી ઉંમરના વયસ્કો પડેલા દાંતે ખોરાક ખાતાં જે વલખાં કરે છે. ક્યારેક તો ચાવ્યા વગર ટુકડા ઉતારી પેટ બગાડે છે તેની સામે વયોવૃદ્ધ ૮૩ વર્ષની ઉંમરે પણ આ ડેન્ચર માટે મારી જાતને સદ્‌ભાગી માનું છું વળી દરરોજ સવારમાં સાફ કરતાં એ ઊંચા શ્યામવર્ણી ડૉક્ટરને યાદ કરી ભગવાન પાસે પ્રાર્થના કરું છું.

જાણે ડેન્ચર દ્વારા મને નવજીવન બક્ષવા જ કાન્તિ ડૉક્ટર થયો હોય એમ થોડાં વર્ષોમાં ભરયુવાન વયે આંતરડાના કશા વ્યાધિમાં સપડાઈ એ ઈશ્વરને પ્યારો થયો. હું દરરોજ એને યાદ કરું છું. આ ઈશ્વર પણ કેવા ઋણાનુબંધ ગોઠવે છે. દિવંગત થયો છતાં આ ડેન્ચર નિમિત્તે મારે માટે તો રોજ સવારે નવજીવન લે છે, એ જ શ્યામલ કાયા ને હસતો ચહેરો !


એ/૪૦, ઉત્સવ બંગલોઝ, સુખાપુરા,
મહેસાણા-૩૮૪ ૦૦૨
મો. ૯૮૨૫૬ ૭૯૯૬૩


હું મુસલમાન મિત્રો તરફથી જોવા ઇચ્છું તે તો એ છે કે, જેને આજની દુનિયાનો શુદ્ધ લોકમત દયાધર્મ ઉપર કુહાડારૂપ ગણી સર્વથા નિંદ્ય સમજે છે તેને, તેનાં કશાં મૂળ કે પ્રમાણ શોધવા ન બેસતાં, વગર સંકોચે વખોડી કાઢે. ઇસ્લામને નામે બચાવ કરવામાં આવતા રિવાજોને વિશે હું મારો પ્રામાણિક અભિપ્રાય જાહેર કરું એટલી જ વાત ઉપરથી 'આખી ઇસ્લામી દુનિયામાંના મારો મોભો' જો શૂન્યવત્ થઈ જનારો હોય, તો તેવા મોભાને એક દિવસને સારુ પણ હું કાણી કોડીની કિંમતે ન ખરીદું. 'કુરાન'ની પેઠે જ હિંદુ શાસ્ત્રોમાંના સુધ્ધાં કોઈ પણ વચનનો બચાવ હું કેવળ તે શાસ્ત્રના પ્રામાણ્યથી જ કરતો નથી. દરેક વચનને બુદ્ધિની કસોટી પર ચડવું રહ્યું છે. હું મુસલમાનોનો મિત્ર છું એટલા સારુ મારે ઇસ્લામના કોઈ પણ કૃત્ય વિશે કશી ટીકા કરવી ન જોઈએ એ સૂચના, મને ધાસ્તી છે કે, હું સ્વીકારી શકું નહીં.

**મો૦ ક૦ ગાંધી** ['નવજીવન' : ૨-૪-૧૯૨૫]

# બર્કલી, કૅલિફૉર્નિયા (Berkeliy California)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

ફેબ્રુઆરી ૫, વસંતપંચમી, ૧૯૬૫ના રોજ રમેશ અને હું વિદ્યાભ્યાસ માટે અમદાવાદના રેલવે સ્ટેશનથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં મુંબઈ જવા નીકળ્યા અને મુંબઈથી હાલથી તદ્દન ઊલટી છાપવાળી (સારામાં સારી) એર-ઇન્ડિયામાં (Air-India) બેંગકૉક (Bangkok), હૉન્ગકૉન્ગ અને ટોકિયો સુધી અને પછી પાનએમ (Pan Am) તરીકે પ્રખ્યાત એરલાઈનમાં અમારે ટોકિયોથી સાનફ્રાન્સિસ્કો જવાનું હતું. રમેશ મારો ભાણો થાય. મારા પિતાજીના ખાસ મિત્ર અને ધંધાઓમાં ભાગીદાર ગણપતબાપાનાં પુત્રી અનસૂયાબહેનનો (પૂંજીબહેન) પુત્ર રમેશ. રમેશ પણ ગણિત વિભાગમાં ડૉ. હુસૈનના હાથ નીચે Ph.D. કરતો હતો.

અમદાવાદ રેલવે સ્ટેશને ઘણા બધા મિત્રો, સગાંસંબંધીઓ મૂકવા આવેલાં. તે સમયે અમે બધાના ફોટાઓ લીધા હોત તો ઘણા બધા મિત્રો અને યુવાન સંબંધીઓની યુવાનીની યાદ રહી હોત. અત્યારે તો તેમની યુવાનીની કલ્પના જ કરવાની રહી. તે સમયે ૪ રૂ.માં એક ડૉલર મળતો હતો. મુંબઈ ઍરપોર્ટ ઉપર પણ શેરથાના ઘણાં કુટુંબીઓ તેમનો અગત્યનો સમય કાઢીને અમને મૂકવા આવેલા. ઘણા બધાની અમારા માટેની લાગણીઓ જોઈ શકાતી. બધાનો ખૂબ જ પ્રેમ અને અમારા કામમાં સફળ થઈએ તેવી ભાવનાઓ જોઈ શકાતી, અનુભવી શકાતી.

જવાની તૈયારીઓમાં લઈ જવાનો સામાન અને પુસ્તકો ખૂબ જ સામાન્ય ગણાય. આ બધાની તૈયારી ઘણા બધાના અનુભવોનો નીચોડ હતો તે અમને મળ્યો. આ માટે અમે બધાના આભારી છીએ. અગત્યની વાત કે ત્યાં કેવા વિષયો ભણવા પડશે, પીએચ.ડી. માટે શું શું કરવું પડશે તે બધા માટે અમે બિલકુલ તૈયારી જ કરેલી ન હતી. આ ખૂબ જ ટૂંકા સમયમાં લેવાયેલો નિર્ણય હતો. આ ખરેખરો પટેલોના ગાંડપણનો નમૂનો છે. જે થવું હશે તે થશે, જોઈ લઈશું તેનો આ દાખલો છે. તે વખતે ઇન્ટરનેટ ન હતું. ગણિત વિભાગને કાગળ લખીએ અને તેનો જવાબ તે લખે જે ટપાલથી આવે. આ સમય લે. અમેરિકાની યુનિવર્સિટીઓનાં કેટલૉગ આપણી લાઇબ્રેરીઓમાં તે સમયે ન હોઈને લાઇબ્રેરીઓમાંથી પણ તે માહિતી ન મળે. આથી જેને કહેવાય કે જરૂરી બાબત જે માટે અમે અમેરિકા જઈ રહ્યા હતા તેની અમે બિલકુલ તૈયારી કરી ન હતી. સાથે સાથે ઉમેરું કે કોઈ પણ પ્રકારનો ડર પણ ન હતો, જરૂર પડે તો પહાડ તોડી નાખીશું તેવું મનોબળ હતું. મારે શેમાં સંશોધન કરવું છે તે મનથી નક્કી જ હતું. Fluid Mechanics મને ગમતું અને તેમાં જ મારે સંશોધન કરવું છે તે મનથી નક્કી જ હતું.

અમે મુંબઈ ઍરપોર્ટથી એર-ઇન્ડિયાની ફ્લાઈટમાં ટોકિયો જવા નીકળ્યા. તે વખતે ઍર-ઇન્ડિયા સારામાં સારી ઍર-લાઇનમાંની એક ગણાતી. અમે બેંગકૉક, હૉન્ગકોન્ગ અને ટોકિયોમાં એક એક દિવસ રહેલા. એર-લાઇને અમારી રહેવાની અને જમવાની સગવડ કરેલી. સારામાં સારી હોટેલોમાં રહેવાનું અને જમવાનું અમારા માટે તદ્દ્ન નવું હતું. આ બધાને અનુકૂળ થવા નવું નવું શીખ્યા. અમે બધે જ ટૂર લીધેલી. બેંગકૉક અને ટોકિયોમાં બૌદ્ધ ધર્મનાં મંદિરો જોઈને આનંદ અને આશ્ચર્ય થયું. ઇતિહાસમાં ચીન અને શ્રીલંકામાં અશોકના સમયમાં બૌદ્ધ ધર્મની શરૂઆત થયેલી તે વાંચેલું. ભારતમાં હિન્દુધર્મની પ્રજા ઉપર જે જાતની પકડ છે તે જાતની પક્કડ બૌદ્ધધર્મની થાઇલૅન્ડ, ચીન, વિયેટનામ, લાઓસ, જાપાન વગેરે ઉપર છે તે નજરે જોવા મળ્યું. ટોકિયોમાં રાજમહેલની નજીકમાં જ હોટલ હતી. રાજકારણના કારણે વિરોધ દર્શાવતું સરઘસ જોઈને ઘરની યાદ આવી ગઈ. રાજમહેલની ટુર પણ લીધેલી. રાજમહેલ ભવ્ય અને સુંદર હોય જ !! અમે જ્યાં રહેલા

તે ટોકિયોનો મુખ્ય ભાગ હતો. બપોરના બાર વાગે લગભગ ટ્રાફિક બંધ થયો અને દુકાનોમાંથી ખુરશીઓ બહાર કાઢીને ખુલ્લામાં બેસીને જમતાં જોયા. ખરેખર ખૂબ જ આશ્ચર્ય થયું.

ટોકિયોથી સાનફ્રાન્સિકોની ફ્લાઈટ પ્રમાણમાં ઘણી લાંબી હતી, કારણ કે બંને શહેરો વચ્ચે પાણી પાણી જ છે. પાનએમ (PanAm) અમેરિકાની એર લાઈન હતી. આથી તેનો સ્ટાફ અને ખાવાપીવાનું બધું જ અમેરિકાનું, જ્યારે એર ઇન્ડિયાનો સ્ટાફ અને ખાવાપીવાનું ભારતીય હોઈને ખાસ નવું ન લાગેલું. જ્યારે પાનએમમાં બધું જ નવું જ લાગેલું. હજીયે જ્યારે જ્યારે પાનએમનો વિચાર કરું છું ત્યારે ત્યારે તે સમયે પાનએમમાં દૂધ વગરની કડકમાં કડક પીધેલી કૉફીનો સ્વાદ યાદ આવી જાય છે. રમેશ અમદાવાદમાં બર્કલીના પ્રોફેસરને મળેલો અને તેઓ અમને સાનફ્રાન્સિસ્કો ઇન્ટરનેશનલ ઍરપોર્ટ (San Francisco International Airport) ઉપર લેવા આવેલા. તેઓ અમને યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયા, બર્કલીના ઇન્ટરનેશનલ હાઉસ ઉપર મૂકી ગયા.

જેમ અમદાવાદનાં ઘણાં પરાં છે જેવાં કે નારણપુરા, નવરંગપુરા, મણિનગર, સાબરમતી વગેરે તેમ સાનફ્રાન્સિસ્કોનાં પણ ઘણાં પરાં છે. જેમ કે બર્કલી જેમાં University of California આવેલી છે, પાલો આલ્ટો (Palo Alto) જેમાં સ્ટેનફર્ડ (Staenford) યુનિવર્સિટી આવેલી છે. આ ઉપરાંત સાનફ્રાન્સિકો સ્ટેટ યુનિવર્સિટી, સનોમા સ્ટેટ યુનિવર્સિટી અને બીજી ઘણી યુનિવર્સિટીઓ સાનફ્રાન્સિસ્કો અને તેનાં પરાંઓમાં આવેલી છે. સાનફ્રાન્સિસ્કો અને તેની આજુબાજુનાં પરાંઓનો વિસ્તાર બે એરીયા (Bay area) તરીકે ઓળખાય છે. યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયા, બર્કલીનું ખર્ચ (મોટા ભાગનું) કેલિફૉર્નિયા રાજ્ય આપે છે જેમ ગુજરાત યુનિવર્સિટીનું ખર્ચ ગુજરાત રાજ્ય આપે છે. ગુજરાત રાજ્યમાં ગુજરાત રાજ્ય સંચાલિત ઘણી યુનિવર્સિટીઓ છે તેમ કેલિફૉર્નિયા રાજ્યમાં કેલિફૉર્નિયા રાજ્ય સંચાલિત ઘણી યુનિવર્સિટીઓ છે. જેમ ગુજરાતમાં નિરમા યુનિવર્સિટી, કડી સર્વ વિશ્વવિદ્યાલય વગેરે સ્વનિર્ભર યુનિવર્સિટીઓ છે તેમ કેલિફૉર્નિયા રાજ્યમાં પણ સ્વનિર્ભર યુનિવર્સિટીઓ છે જેવી કે સ્ટેનફર્ડ, સાનડિઆગો યુનિવર્સિટી વગેરે.

અમે જે સાલમાં (૧૯૬૫) બર્કલી આવ્યા તે સાલ બર્કલીમાં લગભગ ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ હતા અને તેમાં લગભગ ૧૨,૦૦૦ ગ્રેજ્યુએટ વિદ્યાર્થી હતા. ગણિત વિભાગમાં ૪૦ અધ્યાપકો હતા અને ૨૦૦ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ હતા. Mechanical Engineeringના Applied Mechanics વિભાગમાં ૭ અધ્યાપકો હતા અને ૪૦ પીએચ. ડી.ના વિદ્યાર્થીઓ હતા. લગભગ ૮થી ૧૦ અધ્યાપકોને નોબેલ પ્રાઈઝ મળેલાં હતાં. રસાયણશાસ્ત્રમાં છેલ્લાં શોધાયેલાં ઘણાં તત્ત્વો જેવાં કે બર્કેલીયમ, કેલિફૉર્નિયમ્, અમેરિકનમ્, આઈન્સ્ટાઈનેમિયમ્ વગેરેમાં ઘણાં બધાં બર્કલીમાં શોધાયેલાં. ઘણા બધા પરદેશના વિદ્યાર્થીઓ અહીંયાં ભણવા આવે છે. પરદેશના વિદ્યાર્થીઓ અને પરદેશથી મુલાકાતે આવનારા અધ્યાપકો માટે કેમ્પસના છેડે સરસ મોટું International House બાંધેલું છે. અહીંયાં Foreign Student Advisorની ઑફિસ પણ છે, જે પરદેશના વિદ્યાર્થીઓને બધા જ પ્રકારની જરૂરી મદદ કરે છે. પહેલી રાત ત્યાં રહ્યા પછી મારા વિદ્યાનગરના જૂના વિદ્યાર્થી કાન્તિભાઈ શાહ મળ્યા. તેમણે અમને ખૂબ જ મદદ કરી. કાન્તિભાઈ, રમેશ અને હું એમ ત્રણ જણે કેમ્પસની એકદમ નજીક રિજ રોડ (Ridge Road) ઉપર એપાર્ટમેન્ટ ભાડે રાખ્યું.

અમે બર્કલી પહોંચ્યા અને બે-ત્રણ દિવસમાં વર્ગો ચાલુ થયા. કેમ્પસ જોવાને કે નવું વિચારવાનો સમય જ ન મળ્યો. Linear Algebra, Complex Analysis, Ordinary Differential Equations અને Intergral Equations એમ ચાર વિષયો ભણવાના શરૂ કર્યા. આપણે ત્યાં અને અહીંયાં યુનિવર્સિટી જુદી રીતે ચાલે છે. આપણે ત્યાં જે રીતે વિષય પ્રમાણે પોસ્ટ ગ્રેજ્યુએટ વિભાગો હોય છે, તે જ રીતે અહીંયાં યુનિવર્સિટીઓમાં પહેલેથી જ વિષય પ્રમાણે વિભાગો હોય છે. અનુકૂળતા માટે સાયન્સના વિષયોના વિભાગો ભેગા કરીને સાયન્સ કૉલેજ બને, તે જ પ્રમાણે એન્જિનિયરિંગ કૉલેજ બને. એન્જિનિયરિંગના વિદ્યાર્થીને ગણિત ભણવા ગણિત વિભાગમાં જવું પડે. આ કારણે

અમે લીધેલા વિષયોના વર્ગોમાં જુદા જુદા વિભાગોના વિદ્યાર્થીઓ હતા. આના કારણે વિદ્યાર્થીઓ વચ્ચે ઘણી હરીફાઈ રહે છે અને વિદ્યાર્થીઓ પ્રમાણમાં ઘણી મહેનત કરે છે. જાણીતા સંખ્યાશાસ્ત્રી ડી. એચ. લેહમર (D. H. Lehmer) Linear Algebra ભણાવતા. ખૂબ જ ભલા અને સરસ ભણાવતા. પીની (Penney) અમને Complex Analysis અને Integral Equations ભણાવતા. આ વિષયોના વર્ગોમાં Engineering, Physics અને Mathematies વગેરેના વિદ્યાર્થીઓ હતા. ચાર્લ્સ પુગ (Charles Pugh) Ordinary Differential Equations ભણાવતા તે સમયની મારી ઉંમરના જ હતા. Hartmanનું Ordinary Differntial Equations અમે ભણતા. ચાર્લ્સ પુગ હાર્ટ મેનના વિદ્યાર્થી હતા અને Periodic Solutions ઉપરથી અગત્યના કામના કારણે ગણિત વિભાગમાં પસંદ થયેલા. અમે તેમને ઑફિસમાં પૂછવા ગયેલા અને તે સમયે ખુરશીમાં ઢીંચણ રાખીને પાટિયા ઉપર લખીને સમજાવતા. તે અમેરિકાનો સાચો (Spirit) મિજાજ બતાવતા, કોઈ પણ જાતની (Formality) ઔપચારિકતા વગરના. રોજનું રોજ લેશન, માસિક પરીક્ષાઓ અને છેલ્લે ત્રણ કલાકની પરીક્ષા અમને કામમાં જ રાખતી. મારે ભારતની યાદ રાખવાની ટેવ ભૂલવી પડેલી. આના માટે પ્રયત્ન કરવો પડેલો.

યુનિવર્સિટીની ફી (કેલિફોર્નિયા રાજ્યના અને રાજ્ય બહારના વિદ્યાર્થીઓ ફીમાં ખૂબ જ મોટો ફેર હોય છે), રહેવાનું ભાડું, જમવાનું ખર્ચ, પુસ્તકો વગેરેનો ખર્ચ ભારતના પૈસાદાર વર્ગના વિદ્યાર્થીને પણ ભારે લાગે, તો અમારા જેવાને તો ભારરૂપ લાગે જ. આથી અમારે આવતા વર્ષની Teaching Assistantship માટે પ્રયત્ન કરવાનો રહ્યો. અમે અરજી કરવામાં મોડા પડેલા. પ્રો. ચાર્લ્સ મોરે (Charles Morey) આ બધું સંભાળતા. Partial Differential Equationsમાં ખૂબ જ પ્રસિદ્ધ અને ઘણાં પુસ્તકો તેમણે લખેલાં. તેમણે કહ્યું કે દર અઠવાડિયે મને યાદ કરાવી જજો. જેવી તેમને ખબર પડી કે હું પરણેલો છું અને મારે બે બાળકો છે તેવી જ મારી જવાબદારી તેમની જવાબદારી બની ગઈ. તેમને એમ થયું કે ગણિત વિભાગની જવાબદારી મારી કાળજી લેવાની છે. ત્રણ વખત યાદ કરાવવા ગયો અને ચોથી વખત જઉં તે પહેલાં Teaching Assistant (T.A.) તરીકેનો appointment letter આવી ગયો. ભારતનો ભણાવવાનો અનુભવ ધ્યાનમાં લઈને શક્ય તેટલા વધારેમાં વધારે પૈસા આપેલા. રમેશને પણ Teaching Assistantiship મળી ગઈ.

અમારાં લગ્ન મે ૧૫, ૧૯૬૦ના રોજ વડોદરા થયેલાં. લતિકા તે સાલ અઢાર વર્ષની વયે એસ.એન.ડી.ટી.માંથી હિન્દી અને ગુજરાતી સાથે B. A. થયેલી. તે વડોદરા શહેરમાં ઊછરેલી. અમારું કુટુંબ અમારા ગામ શેરથામાં રહે. ખેતી ભરપટ્ટે થતી અને ભેંસો પણ હતી. અમારા લગ્ન વખતે શેરથામાં મારાં બા, બાપુજી, મોટાભાઈ અને તેમનું કુટુંબ શેરથામાં રહે. લતિકાએ ખેતી કે ભેંસોનું ખાસ કામ જોયેલું ન હતું. પાણી પણ કૂવેથી ભરી લાવવું પડતું. તે સમયે ઘરોમાં જાજરૂની વ્યવસ્થા ન હતી. કોઈ પણ જાતની ફરિયાદ વગર આનંદથી ગામમાં સર્વે સાથે હળીમળીને ગામની ચાહના મેળવી તે મારા માટે ખૂબ જ ગર્વની વાત છે. ૧૯૬૦માં લગ્ન પછી તુરત જ અમદાવાદમાં હિન્દી હાઈસ્કૂલમાં (દિલ્હી દરવાજા બહાર) ભણાવવાનું શરૂ કર્યું અને જ્યારે હું સરદાર પટેલ યુનિવર્સિટીમાં જોડાયો ત્યારે હિન્દી હાઈસ્કૂલમાંથી રાજીનામું આપ્યું. આ પહેલાં લતિકાએ S.T.C. પૂરું કરેલું. મારા બર્કલીમાં જવાની સાથે લતિકા અમારાં બે બાળકો સાથે શેરથા મારા બા, બાપુજી અને મારા મોટા ભાઈના કુટુંબ સાથે રહેતી. એક બાજુ મારા કુટુંબની જવાબદારી મારાં માતાપિતાએ ઉપાડી લીધી અને બીજી બાજુ ગમે તેવા સંજોગો સહન કરી લેવાની લતિકાની તૈયારી. મારા જેવું નસીબદાર કોઈ ખરું ?

બર્કલીમાં બે-ત્રણ મહિના થયા અને વિચારતો હતો કે પ્રો. આર. ડી. પટેલ, રસાયણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી જેઓ મારા માટે વડીલ સમાન હતા તે અહીંયાં આવે તો કેવું ? બીજા દિવસે સવારના કોઈ કારણસર ઇન્ટરનેશનલ હાઉસમાં ગયો અને તેની લૉબીમાં પ્રા. આર. ડી. પટેલ બેઠેલા. મને ત્યાં જોઈને આભા બની ગયા અને કહ્યું, ''અલ્યા ! તું અહીં ક્યાંથી ?'' ઘણી બધી વાતો થઈ. આવું મારી જિંદગીમાં

બે વખત બન્યું છે. રમેશને રાંધવાનો અનુભવ જ્યારે મને ચા બનાવવા વગર બીજું કંઈ ન આવડે. વાસણો સાફ કરવાનું અને શાક સમારવાનું મારું કામ. પ્રો. આર. ડી. પટેલને જમવા માટે બોલાવ્યા. જમીને જતાં જતાં કહેતા ગયા, "ભણવાનું પૂરું થાય અને ભારત પાછો આવે તો વલ્લભવિદ્યાનગર જ આવજે. બીજે ક્યાંય ગયો તો તારું આવી બન્યું માનજે." નોકરી માટે ભારત આવવાનો સમય જ ન આવ્યો. સિમે'સ્ટર પૂરું થયું. સ્વામી ચિન્નમયાનંદજી તે વખતે ખૂબ પ્રસિદ્ધ થયેલા ન હતા. રમેશને લાડુ કરીને આવા સંતોને જમાડવાનો શોખ. આથી ઉનાળાની રજાઓમાં સ્વામી ચિન્નમયાનંદજીને લાડુ કરીને જમાડેલા. અમારા એડવાઈઝર (Advisor) તે સમયે પ્રો. એ. એચ. ટૉબ (A. H. Tanb) હતા. તેમનું સંશોધનનું કામ Relativity અને Numerical Analaysisમાં હતું. તે જ ઉનાળામાં પ્રો. ટૉબની ભલામણથી કૉર્નેલ યુનિવર્સિટીના (Cornell) કૅમ્પસ ઉપર એક મહિનાની Relativity અને Astrophysicsની સમર સ્કૂલમાં અમને બંનેને જવા મળ્યું.

કૉર્નેલ યુનિવર્સિટી, ઇથેકા (Ithaka) ન્યૂયોર્ક રાજ્યમાં આવી. સરસ મઝાનું કૅમ્પસ છે. પ્રો. ચંદ્રશેખર બે અઠવાડિયાં દરરોજ એક કલાક શીખવતા. અમેરિકા અને યુરોપના Relativity અને Astrophysicsમાં કામ કરતા કે કામ કરવાની ઇચ્છા ધરાવનારા લગભગ બધાં જ અહીં હતાં. બર્કલીમાં અમારે Analysis, Algebra અને Differential Equationsની ત્રણ કલાકની મૌખિક પરીક્ષા આપવાની હતી અને આ પાસ થયા પછી થીસિસ આવે. અમારું ધ્યાન મૌખિક પરીક્ષા ઉપર હોઈને સમર સ્કૂલમાં જોઈએ તેવું ધ્યાન ન અપાયું. મારું ધ્યાન Fluid Mechanics ઉપર જ હતું. મારી મોટામાં મોટી નબળાઈ કે શક્તિ એક જ છે : હું ફક્ત એક જ જગ્યાએ ધ્યાન રાખું છું. બે-ત્રણ જગ્યાએ ધ્યાન રાખવા જઉં તો મને તકલીફ પડે છે. હું જ્યારે ગુજરાત યુનિવર્સિટીમાં પ્રો. વૈદ્ય જોડે કામ કરતો હતો ત્યારે Relativityમાં પૂરેપૂરો ડૂબેલો હતો તે સમયે ગુજરાત કૉલેજમાં Analysis, Functional Analysis વગેરેની સમર સ્કૂલ હતી. તેનો લાભ ન લેવાયો. બરાબર આવું જ ફરીથી બન્યું. કૉર્નેલની નજીક જ નાયગ્રાનો ધોધ હોઈને અમે બંને જણ જોવા ગયેલા.

કૉર્નેલથી બર્કલી પાછા આવતાં વૉશિંગ્ટન (D. C., હાલની રાજધાની) જોવા રોકાયા. વૉશિંગ્ટનમાં સૅનેટ, કૉંગ્રેસ હાઉસ જોતા હતા અને ત્યાં ઊભા રહેલા ભાઈને કોઈ જગ્યા, (કઈ જગ્યા તે હાલમાં યાદ નથી) ક્યાં આવી તે માટેનો સવાલ પૂછ્યો. વાતમાં વાત નીકળતાં તેમને ખ્યાલ આવ્યો કે અમે વૉશિંગ્ટન એક જ દિવસમાં જોવા માગીએ છીએ, જે તેમને નવાઈભર્યું લાગ્યું. અમારી પાસે એક જ દિવસ હતો. આથી અમને બંનેને તેમની ગાડીમાં બેસાડીને આખો દિવસ યોગ્ય જગ્યાઓ બતાવી અને સાંજના તેમના ત્યાં નાસ્તો કરાવીને અમે જ્યાં રોકાયેલા ત્યાં YMCAમાં મૂકી ગયા. કેવા ભલા માણસો !! આપણને ભારત કે અમેરિકા કે ગમે તે દેશ હોય, કોઈને કોઈ ભલા માણસો મળે છે જેના કારણે આપણને પણ એવા ભલા થવાની પ્રેરણા આપે છે.

બર્કલી આવીને ગ્રૂપ થિયરીના (Group Theory) ક્લાસમાં જઈને ગ્રૂપ થિયરી તૈયાર કરી દીધી. ઑગસ્ટથી શરૂ થતા સિમે'સ્ટરમાં Measure Theory, Advanced Abstract Algebra અને Applied Math એમ ત્રણ Courses લીધા. Teaching Assistantને ઘણા પ્રકારનું કામ હોય છે. અમારા ભાગ આ સિમે'સ્ટરમાં Calculus શીખવતા અધ્યાપકને મદદ કરવાનું આવ્યું. કેલક્યુલસના વર્ગમાં ૧૦૦થી ૧૫૦ વિદ્યાર્થીઓ હોય છે. અઠવાડિયામાં ત્રણ દિવસ પ્રોફેસર શીખવે અને દરરોજનું લેશન પણ આપે. T.A.ને આ વર્ગમાં જવાનું હોય છે. જેથી તેમને શું લેશન અપાયું તેનું ધ્યાન રહે. આ ૧૦૦થી ૧૫૦ વિદ્યાર્થીઓને ૨૫થી ઓછા વિભાગોમાં વહેંચવામાં આવે. આ ઓછા વિદ્યાર્થીઓને અઠવાડિયામાં એક દિવસ T. A. શીખવે. જે Home work ક્લાસમાં આપ્યું હોય તે અને બીજા પ્રશ્નોના જવાબ આપવાના. પરીક્ષાઓ બધા જ T. A. ભેગા મળીને તપાસે અને પ્રોફેસર જે રીતે ગ્રેડ નક્કી કરે તે પ્રમાણે તેમના વિભાગના વિદ્યાર્થીઓને T. A. ગ્રેડ આપે.

**Applied Mechanics, Mechanical Engineering**

અમને Applied Mathનો Class ભણાવનાર પ્રો. કાટો (Kato) અમારા નવા એડવાઈઝર (Advisor) હતા. મૂળ જાપાનના અને તેમનું લખેલું Functional Analysisનું પુસ્તક ઘણું જાણીતું છે. મારા મગજમાં Fluid Mechanics હતું અને તે સમયે ગણિત વિભાગમાં કોઈનેય Fluid Mechanicsના સંશોધનમાં રસ ન હતો. એક દિવસ વિદ્યાર્થીઓ માટે નક્કી કરેલા સમયે હિંમત કરીને પ્રો. કાટોને મળવા ગયા. તેમને Fluid Mechanicsની વાત કરી અને કહ્યું કે આના માટે ક્યાં જવું ? શું કરવું ? તેમણે પાંચેક મિનિટ બરાબર વિચાર કર્યો અને યુનિવર્સિટીનું કેટેલૉગ જોઈને બોલ્યા કે અહીંયાં Dynamics, Elasticity, Plasticity, Fluid Mechanics વગેરે Mechanical Engineeringના Applid Mechanics, Aeronautics & Astronautics વિભાગોમાં શીખવામાં આવે છે. તેમણે અમને Applied Mechanics, Mechanical એન્જિનિયરિંગના Graduate Advisor જોડે મોકલ્યા. અમે એમને મળ્યા. Dynamics, Continuum mechanics, Elasticity, Plasticity વગેરે જે અમે શોધતા હતા તે Applied Mechanics વિભાગમાં હતું. Fluid Mechanicsમાં પ્રો. લીબરને (Lieber) રસ હતો અને તેમના હાથ નીચે ઘણું કામ થયેલું, આથી અમને તેમને મળવા મોકલ્યા. અમારા આશ્ચર્ય વચ્ચે તેમના હાથ નીચે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ (અમદાવાદ)ના બે વિદ્યાર્થીઓ શ્રીકાન્ત દેસાઈ અને કિરીટ યાજ્ઞિકે પીએચ.ડી.ની થીસિસો Fluid Mechanicsમાં લખેલી. તેમનું કામ જોયું, તે સમયે સમજ ન પડી પણ એવું લાગ્યું કે આવું કામ કરવાનું હોય તો મઝા પડે. સિમે'સ્ટર પૂરું થતાં અમે Applied Mechanics, Mechanical Engineeringમાં જોડાઈ ગયા. કેટલી સરળતા !! હું નથી માનતો કે ભારતમાં ગણિતવાળાને Mechanical Engineeringવાળા પેસવા દે. એક વર્ષના અંતે આખરે અમને મનગમતું ઘર મળ્યું.

શ્રીકાન્ત અને કિરીટભાઈ L. D. Engineeringના ગોલ્ડ મેડાલિસ્ટ હતા. શ્રીકાન્તનું કામ ખરેખર અદ્‌ભુત હતું. તેમની ચારસો પાનાની થીસિસમાં એક પણ ભૂલ કાઢી ન શકો. શ્રીકાન્તને બીજા ઘણામાં રસ હતો. Bio-Engineeringની શરૂઆત તેમણે કરાવેલી. બનતાં સુધી બે પેટન્ટ્સ પણ તેમની હતી. એલ. ડી. એન્જિનિયરિંગ અને આઈ. આઈ. ટી.નું બર્કલીમાં બહુ જ મોટું નામ હતું. બર્કલીના પ્રોફેસરો એલ. ડી. એન્જિનિયરિંગ અને I.I.T.ના વિદ્યાર્થીઓને તેમના હાથ નીચે પીએચ. ડી. કરવા માટે શોધતા તેમને Research Assistantship પણ આપતા. આઈ. આઈ. ટી., કાનપુરના ઘણા પ્રોફેસરો Ph. D. કરવા માટે આવતા.

Applied Mechanics વિભાગની Ph. D.ની જરૂરિયાતો ગણિત વિભાગની જરૂરિયાતો કરતાં જુદી હતી. Applied Mechanics વિભાગમાં Ph. D.ના પ્રોગ્રામમાં દાખલ થવા માટે Dynamics, Continuum Mechanics, Elasticity, Vibration, Optimization વગેરેની છ કલાકની લેખિત પરીક્ષા હતી. આ છ કલાકની લેખિત પરીક્ષામાં સારું કરો તો જ Ph. D.ના પ્રોગ્રામમાં લેવામાં આવે નહિતર M. S. થઈને પૂરું થયું. Ph. D.ના પ્રોગ્રામમાં જોડાયા પછી ત્રણ કલાકની મૌખિક પરીક્ષા જુદા જુદા વિભાગોના પાંચ પ્રોફેસરો લે અને એમાં પાસ થયા પછી શિસિસ તૈયાર કરવાની. જાણે કે તમે થીસિસ આ પરીક્ષાની તૈયારીની સાથે તૈયાર કરી શકો. થીસિસ કમિટી થીસિસ પાસ કરે ત્યારે તમે Ph. D. થયા ગણાવ.

Applied Mechanics વિભાગમાં જરૂરિયાતના Courses જેવા કે Dynamics, Continuum Mechanics, Calculusનું Variations & Optimization, Vibration, Plasticity, Applied Math લીધા. ૧૯૬૬ની ઉનાળાની રજાઓમાં (જૂનથી ઑગસ્ટ) એક મિનિટનો બગાડ કર્યા વગર છ કલાકની લેખિત પરીક્ષાની બરાબર તૈયારી કરી. ડિસેમ્બર ૧૯૬૬માં લેવાયેલી પરીક્ષા અમે બંને સારી રીતે પાસ થયા અને પીએચ.ડી.ના પ્રોગ્રામમાં જોડાયા. અમે ગણિત વિભાગમાં Teaching Assistant હતા અને અમારી Teaching Assistantship જૂન ૧૯૬૭ સુધી ચાલુ રહી. એક વર્ષ Calculusના Classને ભણાવવામાં ગયું અને બીજું વર્ષ Applied Mathના Graduate

Classનાં હોમવર્કનાં પેપરો તપાસવામાં ગયું. હવે અમારે ત્રણ કલાકની મૌખિક પરીક્ષા લેવાની રહી.

લતિકાને શેરથા મારા પિતાજી અને બા સાથે અનુકૂળ આવતું હતું. મારી આર્થિક પરિસ્થિતિ મારાં બાળકો અને લતિકાનું અમેરિકામાં ભરણપોષણ કરી શકે તેવી ન ગણાય. આથી મારા માટે જેમ બને તેમ જલદીથી પીએચ. ડી. પૂરું કરવું તે ખૂબ જ અગત્યનું હતું. ઈશ્વરભાઈને લતિકા શેરથા રહે તે બિલકુલ પસંદ ન હતું. આથી તેમણે રસ્તો કાઢ્યો : મિહિર અને હેમાક્ષી તેમની સાથે અમદાવાદ રહે અને લતિકા અમેરિકા જાય. લતિકાને આ બિલકુલ પસંદ ન હતું. તેને શેરથા ફાવતું હતું. પીએચ. ડી. પતી ગયા પછી બધાંયે સાથે અમેરિકા આવશે તેમ તેનું માનવું હતું. મને પણ ઈશ્વરભાઈનો રસ્તો યોગ્ય લાગેલો. આજે વિચારું છું તો અમારી જવાબદારી ઈશ્વરભાઈ ઉપર નાખવાની મારી મોટી ભૂલ હતી પણ વહી ગયેલા પાણીનો વિચાર કરી સમય ન બગાડાય. લતિકા ઑગસ્ટ ૧૯૬૭માં બર્કલી આવી.

આલ્બનીમાં (Albany) યુનિવર્સિટીનાં પરણેલા ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં સસ્તાં એપાર્ટમેન્ટ્સ છે. જરૂરિયાતવાળાને યુનિવર્સિટી ભાડે આપે છે. બીજા વિશ્વયુદ્ધ વખતની લશ્કરી બૅરેક છે. અમને યુનિવર્સિટીએ એક બેડરૂમનું એપાર્ટમેન્ટ માસિક ૪૫ ડોલરના ભાડામાં આપ્યું. આ ભાડામાં પાણી, ગૅસ અને ઇલેક્ટ્રિસિટી પણ આવી જાય. અમે ત્યાં રહેવાનું શરૂ કર્યું. બસમાં હું કેમ્પસ ઉપર જતો. અહીંયાં પણ ઘણા મિત્રો બન્યા. એલ. ડી. એન્જિનિયરિંગના ગોલ્ડ મેડાલિસ્ટ કંદર્પભાઈ ઓઝા અહીં ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં પીએચ. ડી. કરતા. ખૂબ જ હોશિયાર. શનિ કે રવિવારે તેમની ગાડીમાં ગ્રોસરી લેવા સ્ટોરોમાં લઈ જતા. અમારી જિંદગી તેમણે સરળ બનાવી દીધી. બીજા મિત્ર મનહરભાઈ શાહ પણ ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં પીએચ. ડી. કરતા હતા.

(Albany) આલ્બનીમાં અમે જૂનો ટી. વી. ખરીદ્યો, પણ મારે મૌખિક ત્રણ કલાકની પરીક્ષાની તૈયારી કરવાની હોવાના કારણે ક્લૉસેટમાં (Closet) મૂકી રાખેલો. મને બરાબર તારીખ યાદ નથી, પણ આશરે ઑક્ટોબર કે નવેમ્બરમાં ત્રણ કલાકની મૌખિક પરીક્ષા લીધી. બે સરળ પ્રશ્નોના જવાબો મને ન આવડ્યા. આ આવડવું જ જોઈએ. નસીબજોગે મને નાપાસ ના કર્યો. ઘેર આવીને ટી. વી. બહાર કાઢીને ચાલુ કર્યો. રાતના ટી. વી.. જોતો હતો ત્યારે જ ટી. વી. ઉપર રૉબર્ટ કેનેડીનું ખૂન થતું જોયું. જૉહ્ન એફ. કેનેડી (John F. Kennedy) અમેરિકાના પ્રમુખ હતા. તેમના નાના ભાઈ રૉબર્ટ કેનેડી (Robert Kennedy) તેમના મંત્રી મંડળમાં એટર્ની જનરલ હતા. જૉહ્ન એફ. કેનેડીનું ખૂન થયું અને તે પછી તેમના નાના ભાઈ રૉબર્ટ કેનેડીને અમેરિકાના પ્રમુખ થવું હતું. આ પ્રમુખ થવાનું પહેલું પગલું તેમને તેમના ડેમોક્રેટિક પક્ષના પ્રમુખ તરીકેના ઉમેદવાર બનવું પડે. આ કઈ રીતે થવાય તે સમજવા અમેરિકાની પદ્ધતિ સમજવી પડે.

આપણે ત્યાં રાજકીય પક્ષોનાં બૉર્ડ, વિધાનસભા, પાર્લામેન્ટ અને રાજ્યસભાના તેમના પક્ષના સભ્યો નક્કી કરે. આવા દરેક રાજકીય સભ્યો વચ્ચે ચૂંટણી થાય. જે જેના માટે જીત્યો તે તેનો સભ્ય. રાજકીય પક્ષોના બૉર્ડ વતી અમેરિકન પદ્ધતિમાં જે તે જગ્યાના તે પક્ષના સભ્યો પસંદ કરે. દા. ત., ગાંધીનગર જિલ્લાની ભાજપના પાર્લામેન્ટના ઉમેદવાર નક્કી કરવા માટે, ગાંધીનગર જિલ્લાના ભાજપના જે કોઈ સભ્યોને પાર્લામેન્ટના ઉમેદવાર થવું હોય તેમણે નામ નોંધવવાનું. આ બધાં નામોમાંથી ભાજપના સભ્યો એક ઉમેદવાર ચૂંટી કાઢે. આ ચૂંટાયેલો ભાજપનો ગાંધીનગર જિલ્લાનો પાર્લામેન્ટનો ઉમેદવાર. આવા બધા પક્ષોના ઉમેદવારોમાંથી ગાંધીનગર જિલ્લો ફક્ત એક જ પાર્લામેન્ટનો સભ્ય ચૂંટી કાઢે. કેલિફૉર્નિયા રાજ્યના ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ તરીકેના ઉમેદવાર બનવા માટે રૉબર્ટ કેનેડીને કેલિફૉર્નિયાની આ માટેની ચૂંટણીમાં ઊભા રહેવું પડે અને ચૂંટાવું પડે. તે જ દિવસે આ માટેની ચૂંટણી હતી. મોડી રાતે જાહેર થયેલાં પરિણામોમાં રૉબર્ટ કેનેડી બહુ મોટી બહુમતિથી ચૂંટાયેલા. આથી લગભગ આવા જ સંજોગો રહે તો રૉબર્ટ કેનેડી અમેરિકાના પ્રમુખ બને તેની શક્યતા ઘણી મોટી ગણાય.

ઇઝરાઇલ અને પેલેસ્ટાઈનના સંબંધો ભારત અને પાકિસ્તાનથી પણ વધારે ખરાબ છે. ઇઝરાઇલને અમેરિકાના યહૂદીઓનો (Jews) મોટો ટેકો છે. અમેરિકાના યહૂદીઓ સામાન્ય રીતે ડેમોક્રેટ હોય છે અને

ઘણા ખૂબ પૈસાવાળા પણ હોય છે. ડેમોક્રેટિક પ્રમુખને યહૂદીઓનો બધી જ રીતે મોટો ટેકો હોવાથી ડેમોક્રેટિક પ્રમુખ ઇઝરાઇલને મન ફાવે તે કરવા દે. જ્યારે રિપબ્લિકન પ્રમુખને યહૂદીઓનો ખાસ ટેકો ન હોવાથી, ઇઝરાઇલ અને પેલેસ્ટાઈનને સરખો ન્યાય મળે તે માટે પ્રયત્ન કરે. ડેમોક્રેટિક રૉબર્ટ કેનેડી જો અમેરિકાના પ્રમુખ બને, તો પેલેસ્ટાઈનને સરખો ન્યાય ન મળે. આથી રૉબર્ટ કેનેડીને અમેરિકાના પ્રમુખ બનતાં અટકાવવા માટે પેલેસ્ટાઈનિયન સિરહાન બી સિરહાને જૂન ૫, ૧૯૬૮ના મોડી રાતના જ્યારે રૉબર્ટ કેનેડી તેમની જીત તેમના મિત્રો અને પ્રચારકો સાથે લૉસ એન્જેલસમાં વિશાળ હોટલમાં ખુલ્લામાં ઊજવી રહ્યા હતા ત્યારે રૉબર્ટ કેનેડીને બંદૂકની ગોળી મારી. ટી. વી. ઉપર વારંવાર આ બતાવતા હતા.

હવે થીસિસ ઉપર બરાબર ધ્યાન કેન્દ્રિત કર્યું. સાથે સાથે Boundary Layer Theory અને Numerical Methodsના Courses પણ લીધા. આ બંને કોર્સીસ મને જિંદગીમાં ખૂબ જ ઉપયોગી થયા છે.

મારાં સૌથી મોટાં બહેનનો ભાણો રસિક અમારે ત્યાં રહીને ભણતો હતો, તે પણ એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગમાંથી બી.ઈ. થયો. તેના ક્ષેત્રની તેને નોકરી મળતી ન હોઈને કોઈ બિલ્ડરના ત્યાં નોકરી કરતો હતો. તે નિરાશ થાય તે પહેલાં અમેરિકા આવી જાય તો સારું. અમદાવાદ અને ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયામાંથી સાનફ્રાન્સિસ્કોની હીલ્ડ એન્જિનિયરિંગ કૉલેજમાં (Heald Engineering College) જતા. આથી મેં રસિકનું હીલ્ડ એન્જિનિયરિંગ કૉલેજમાં એડમિશન લઈને તે કૉલેજનું 'I-20' રસિકને મોકલી આપ્યું. તે વખતે બધું સરળ હોઈને વિઝા મળી ગયા. તે પણ ફેબ્રુઆરી ૧૯૬૮માં અહીં આવી ગયો. આલ્બનીથી હીલ્ડમાં રોજ બસમાં જતો. અમારી બંનેની કૉલેજની ફીઓ, આવવા જવાનાં બસનાં ભાડાંઓ, પુસ્તકો વગેરેનું ખર્ચ મારી રિસર્ચ આસિસ્ટન્ટશિપમાંથી કઈ રીતે કાઢ્યું હશે તે ભગવાન જાણે. લતિકા આલ્બનીમાં એક બાળકની કાળજી રાખતી જેના દરરોજના $ ૫ મળતા જે અમારા ત્રણે જણનું ખાવાનું ખર્ચ કાઢતું. પછી તો રસિકને Southern Methodist Universtyમાં M.S.માં એડમિશન મળી ગયું. હમ્બોલ્ટનો શરૂઆતના મહિનાઓનો પગાર તેના ભણતરના ખર્ચ પાછળ ગયો. રસિક બોઈંગ (Boeing) કંપનીમાં ઇલેક્ટ્રિકલ એન્જિનિયર તરીકે વર્ષોથી કામ કરે છે. તેના ભાઈઓ, બહેન, માતાપિતા, સાસુ, સસરા, સાસુ અને સસરાનું આખું કુટુંબ લૉસ એન્જેલસમાં સ્થાયી થયાં છે.

**થીસિસ (Thesis)**

બર્કલીમાં અમે હતા ત્યારે જે વાતાવરણ હતું તેનો ખ્યાલ ન આપું તો બધું અધૂરું ગણાય. અમે જોડાયા ત્યારે Free Speech Movement ચાલતી હતી. આ વિદ્યાર્થીઓની યુનિવર્સિટી સામે વિદ્યાર્થીઓના હક્કોની સૈદ્ધાંતિક લડાઈ હતી. દરરોજ આ માટે વિદ્યાર્થીઓ દેખાવો કરતા અને પોલીસો પણ આવતા. અને એક વખત ઘણા વિદ્યાર્થીઓને જેલમાં પણ પૂરેલા. આ બધું શાંતિપૂર્વક થતું. આ જ સમયે વિયેટનામની લડાઈ પણ ચાલતી હતી. ઘણા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સૈદ્ધાંતિક રીતે વિયેટનામની લડાઈ વિરુદ્ધ હતા. વારંવાર આ લડાઈના વિરુદ્ધ પણ દેખાવો થતા. અધ્યાપકો પણ સરકારની મરજી વિરુદ્ધ અધિવેશનોમાં રશિયા જતા અને તેની કિંમતો હસતા મોઢે ચૂકવતા. સરકારની મરજી વિરુદ્ધ રશિયા ગયેલા અધ્યાપકોની સંશોધન કરવા આપેલી ગ્રાન્ટો સરકાર અધ્યાપકો રશિયા જઈ કેમ્પસ ઉપર આવે તે પહેલાં બંધ કરી દેતી. બહુ જ ઓછા આવા અધ્યાપકો હતા. હતા તે હકીકત છે.

દર વર્ષે નોબેલ પ્રાઈઝ કયા વિષયમાં કોને આપવામાં આવ્યું તે જાહેર થાય છે. આ જાહેર કરવાનો સમય હોય છે. આ સમયના થોડાક સમય પહેલાં કેમ્પસ ઉપર આ વર્ષે કોને નોબેલ પ્રાઈઝ મળવાની શક્યતા છે તેની ચર્ચાઓ થતી અને હવામાં જાણે પ્રોત્સાહન ભર્યું હોય તેવું લાગતું. આવા સમયનું વાતાવરણ જ અનોખું લાગતું.

દેશ-પરદેશના ઘણા બધા સ્કૉલરો, રાજનીતિજ્ઞો બર્કલી આવતા અને ભાષણો આપતા. આપણાં વિજ્યા લક્ષ્મી પંડિત પણ આવેલાં. ભારત અને પાકિસ્તાનની લડાઈ (૧૯૬૬ ?) પછી પાકિસ્તાનના ફૉરેન મિનિસ્ટર

(Foreign Minister) ઝુલ્ફિકાર અલિ ભુટ્ટો (Zulfikar Ali Bhutto) બર્કલી આવેલા અને તેમણે જાહેર ભાષણ આપેલું અને તેમણે ભાષણની શરૂઆત, ''You Indian Dogs get out of Kashmir...''થી કરેલી. કોઈ પણ વિવેકી અને શાણો માણસ આવી અવિવેકી અને તોછડાઈથી ભાષણની શરૂઆત ન કરે. તેમના દેશે તેમને ફાંસીની સજા કરેલી તે કદાચ યોગ્ય હશે. હું જ્યાં ભણાવતો હતો તે હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ મિલ્ટન ડૉબકિન (Milton Dobkin) ભુટ્ટોના મિત્ર અને સહાધ્યાયી હતા. તેમણે અમેરિકાના સેક્રેટરી ઑફ સ્ટેટ દ્વારા આ સજા માફ કરવા વિનંતી કરેલી, પણ પાકિસ્તાનની સરકારે ભુટ્ટોને ફાંસી આપેલી.

Mechanical Engineering માટે Etchvery Hall છે જે છ માળનું મકાન છે. ભોંયરામાં રિસર્ચ આસિસ્ટન્ટની ઑફિસો છે. તેમાં બેસીને ૧૯૬૮ની ઉનાળાની રજાઓમાં મારી થીસિસ ઉપર કામ કરતો હતો. પ્રો. લીબરને નેવીની ગ્રાન્ટ Fluid Mechanicsમાં સંશોધન કરવા મળતી અને આ ગ્રાન્ટમાંથી અમોને પગારો મળતા. કૂપર (Cooper) આ ગ્રાન્ટ સંભાળતા અને હું તેમને બે વખત મળ્યો પણ છું. પ્રો. લીબર બહારગામ ગયા હોવાથી મારા ઉપર ફોન હતો અને તેમણે મને પૂછ્યું, ''પ્રો. લીબર ઑગસ્ટથી યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયાના ઇઝરાયલના કેમ્પસના ડિરેક્ટર તરીકે જવાના છે તેના લગતી માહિતીની મને કોઈ ખબર છે ?'' આ સમાચાર મારા માટે બૉમ્બના ધડાકા જેવા હતા. હવે હું પૂરેપૂરો સમય થીસિસ માટે કાઢી શકું તેવી પરિસ્થિતિમાં આવ્યો, ત્યારે પ્રો. લીબર અહીં નહીં હોય તો હું કરીશ શું ? આવું જ અમદાવાદ પણ બનેલું. વહાણ કિનારે પહોંચવાની તૈયારીમાં છે, ત્યાં જ અડચણોની શરૂઆત થઈ. જ્યાં સુધી પ્રો. લીબર બહારગામથી પાછા ન આવ્યા ત્યાં સુધી હું ઊંઘી શકેલો નહિ.

પ્રો. લીબર બહારગામથી આવ્યા અને હું તેમને મળવા ગયો, ત્યારે તેમણે જ જણાવ્યું કે તે U. C.ના ડિરેક્ટર તરીકે ઇઝરાયેલ જવાના છે અને આના કારણે તેમણે પ્રો. આઇન્સ્ટાઈનને મને થીસિસમાં મદદ કરવા કહ્યું છે અને તેમણે મને મદદ કરવાનું સ્વીકાર્યું છે. આ સમાચારે મને ખૂબ જ રાહત આપી. પ્રો. આઇન્સ્ટાઈન મારી મૌખિક પરીક્ષા લેનારા હતા અને મારી થીસિસ કમિટીમાં પણ હતા. આથી હું તેમને ઘણી વખત મળેલો. મને ગમતા પણ ખરા.

પ્રો. હન્સ આલ્બર્ટ આઇન્સ્ટાઈન (Hans Albert Einstein) જાણીતા આલ્બર્ટ આઇન્સ્ટાઈનના પુત્ર જ. તેઓ સિવિલ એન્જિનિયરિંગના Hydraulics વિભાગમાં Distinguished પ્રોફેસર. તેમને જઈને મળ્યો અને હકીકત જણાવી એટલે તુરત જ તેમણે પ્રો. લીબરને ફોન કર્યો અને જણાવ્યું કે આપણે ત્રણે જણ મળીએ અને સમજી લઈએ કે મારે શું કરવાનું છે. અમે ત્રણે જણ પ્રો. લીબરની ઑફિસમાં મળ્યા અને બધાના વચ્ચે સમજ થઈ.

સામાન્ય રીતે આપણે કોઈ નદીના પુલ ઉપર ઊભા હોઈએ અને નીચે નજર નાખીએ તો જો નદીમાં ભરપેટ પાણી વહેતું હોય તો પુલના નીચેના ગોળ ગોળ થાંભલાઓની આસપાસ વમળ હોય છે (પાછળના ભાગમાં). મારે આ જાતનાં વમળો જાણીતા નેવિયર-સ્ટોક્સ (Navier - Stokes) સમીકરણોમાંથી મેળવવાનાં.

નેવિયર-સ્ટોક્સ સમીકરણો સરળ સમીકરણો ન હોઈને તેના ઉકેલો માટે કોઈ જાણીતી રીત નથી. આના ઉકેલો શ્રીકાન્ત દેસાઈએ શરૂ કરેલી ફોરિઅર સિરિઝની (Fourier Series) રીતે મેળવી શકાય અથવા સીધે સીધી Numerical Methodsનો ઉપયોગ કરીને પણ મેળવી શકાય. પ્રો. આઇન્સ્ટાઈને સીધે સીધી Numerical Methodનો ઉપયોગ કરીને ઉકેલો મેળવવા સૂચવ્યું.

કમ્પ્યૂટર યુગની શરૂઆતનો આ સમય હતો. કમ્પ્યૂટરો ધીરે ધીરે ઝડપી અને વધારે યાદ શક્તિવાળાં બન્યાં. એ સમયનાં કમ્પ્યૂટરો ઝડપી ન હતાં અને વધારે યાદ શક્તિવાળાં પણ ન હતાં. આથી એ સમયનાં કમ્પ્યૂટરોથી જે મળી શકે તે મેળવવાનું હતું. ફોર્ટ્રાન (Fortran) ભાષાની શરૂઆત હતી. ફોર્ટ્રાનનું પુસ્તક યુનિવર્સિટીના બુકસ્ટોરમાંથી ખરીદી લાવીને ફોર્ટ્રાન બરાબર શીખ્યો. ફોર્ટ્રાનનો ઉપયોગ કરીને નેવિઅર-સ્ટોકસ સમીકરણોના ઉકેલો મેળવવાના હતા. આના માટે વિકલનને તેને માટેનું યોગ્ય સૂત્ર વાપરીને Systems of

equationsમાં ફેરવ્યાં. આ Systems of equationsના ઉકેલો જાણીતા આલ્ગોરીધમ વાપરીને મેળવી શકાય. હાથથી કરવા જઈએ તો ખૂબ જ સમય લે અને થાકી પણ જવાય. આ બધાને પ્રોગ્રામ કહીએ. આ પ્રોગ્રામ કમ્પ્યૂટર વાંચી શકે અને વાંચ્યા પછી કહ્યા પ્રમાણે કરે તે જોવાનું રહ્યું. આ પ્રોગ્રામો એ સમયે કાર્ડ ઉપર લખવા પડતા. આખરે આપણા પ્રોગ્રામમાં વાક્યો હોય છે અને એક વાક્ય એક કાર્ડ ઉપર લખાય. આ લખવા માટે મશીનો આવતાં. આ મશીનો કાર્ડ ઉપર નાનાં નાનાં કાણાં પાડીને અક્ષરો, આંકડાઓ, સંજ્ઞાઓ લખતાં. આવાં બધાં કાર્ડ્ઝ તૈયાર કરીને Computer Centerમાં આપવાં પડે. યુનિવર્સિટીના ઘણા વિદ્યાર્થીઓના પ્રોગ્રામો હોય. તમારો વારો આવે ત્યારે કાર્ડ્ઝ ઉપર લખેલો પ્રોગ્રામ કમ્પ્યૂટરને બધું ગણવાનું કહે... અને આ બધું ગણાય. પ્રોગ્રામમાં રહેલી ભૂલો કમ્પ્યૂટર બતાવે. તેને સુધારીને આપો. ફરી ગણે. આ બધું સરખું કરતાં ઘણો સમય જતો. આ બધું જરાયે સરળ ન હતું. કમ્પ્યૂટર સેન્ટરમાં તૈયાર કરીને આપેલાં કાર્ડ્ઝ બીજા દિવસે પાછાં મળે, કોઈ વખત બે ત્રણ કલાકે પાછા મળે. ક્યારે પાછાં મળે તે કેટલા વાપરનારા છે તેના ઉપર આધારિત રહેતું. આથી કેમ્પસ ઉપર લગભગ રાત દિવસ રહેવું પડતું. ગમે ત્યારે કેમ્પસ ઉપર આવવા જવા માટે ગાડી રાખવી પોસાય તેમ ન હોઈને જૂની સાઇકલ ખરીદી જે ખૂબ જ ઉપયોગી નીવડી.

આઇન્સ્ટાઈન સાહેબના તેમના વિભાગના મિત્ર પ્રો. હાર્ડર (Harder) હતા જેઓ Numerical Methods અને ફોર્ટ્રાનમાં પારંગત હતા. આઇન્સ્ટાઈન સાહેબ Distingushed પ્રોફેસર હતા, પણ તેમની ઑફિસ નાના ક્યુબિકલ (Cubical Cell) સેલ જેવી હતી. તેમની ઑફિસમાં અમે ત્રણે જણ અઠવાડિયામાં બેથી ત્રણ વખત એકથી બે કલાક માટે મળતા. ધીરે ધીરે પણ જે સમીકરણોના ઉકેલો મેળવવાના હતા તે ઉકેલો મેળવતો ગયો. પ્રયોગોમાં મળેલાં પરિણામોને આપણે મેળવેલા પરિણામો સાથે સરખાવતો પણ ગયો. મને બધુ સંતોષકારક લાગતું. એક દિવસ બપોરના બે વાગે પ્રો. આઇન્સ્ટાઈનને મળવા ગયો. સામાન્ય રીતે લન્ચનો સમય ૧૧.૩૦થી ૧.૩૦ ગણાય. તેમની Fluid Mechanics અને ભૌતિકશાસ્ત્રની સમજ અદ્‌ભુત હતી. જો મળેલા ઉકેલો પ્રયોગમાં મળેલા પરિણામો સાથે બરાબર બંધ ન બેસે તો ક્યાં અમારી ભૂલ થઈ હોય તે સ્પષ્ટતાપૂર્વક જોઈ શકતા. બેથી ચાર ચર્ચા ચાલી. ચાર વાગે કામ પૂરું કરીને અમે બંને Liftમાં નીચે ઊતરતા હતા ત્યારે મારાથી પ્રો. આઇન્સ્ટાઈનને પૂછાઈ ગયું, ''Where are you going Prof. Einstein ?'' તેમણે જવાબ આપ્યો, ''Still I have not had my lunch, would you like to join me ?'' હું તેમની સાથે ગયો અને વાતમાં ને વાતમાં મેં તેમને મારી થીસિસ અંગે પૂછ્યું. તેમણે કહ્યું કે મારે નોકરી શોધી કાઢવી જોઈએ, તેમની રીતે પ્રો. લીબરે જે જણાવેલું તે કામ પૂરું થયું છે. મારા જેવો કોઈ નસીબદાર ખરો ? આવા સરળ અને મદદરૂપ અધ્યાપક મને મળ્યા. મારી જિંદગીમાં મને ત્રણ વ્યક્તિઓ એવી મળી છે કે હું તેમના જેવો થવા ખૂબ જ પ્રયત્ન કરી રહ્યો છું : અમારી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના આચાર્ય નાથાભાઈ સાહેબ, આઇન્સ્ટાઈન સાહેબ અને મારા પિતાજી જે ફક્ત ગુજરાતી ચાર ચોપડી ભણેલા.

અમે નવો સરસ કૅમેરા ખરીદેલો. લતિકાને ફોટા પાડવાનો ખૂબ જ શોખ છે; યાદગીરી માટે. એક દિવસ અમે બંને પ્રો. આઇન્સ્ટાઈનની ઑફિસે ગયાં અને તેમનો ફોટો લેવા માટે વિનંતી કરી. તેમની ઑફિસની બહાર અગાશીમાં ફોટા માટે બહાર આવ્યા. અમારા બંનેના લતિકાએ ત્રણ ફોટા પાડ્યા. કોણ જાણે નવો કૅમેરા અમારા ઉપર શા કારણે ગુસ્સે થયો હશે તેની અમને સમજ ન પડી, પણ કૅમેરાએ અમને દાદ ન આપી. મારા આઇન્સ્ટાઈન સાહેબની સ્મૃતિ મારા હૃદયમાં જ રહી.

મેં નોકરી શોધવાનો વિચાર કરવા માંડ્યો. અમારા વિભાગના ઘણા મિત્રોને સંરક્ષણ કંપનીઓમાં કે બીજી અન્ય કંપનીઓમાં તે સમયે વાર્ષિક ૨૦,૦૦૦ ડૉલરના પગારે નોકરીઓ મળેલી. મારી થીસિસમાં Numerical Methods અને કમ્પ્યૂટરના પ્રોગ્રામો હોઈને, ખૂબ જ સરળતાથી સંરક્ષણને લગતી કંપનીઓમાં નોકરી મળી શકે. મને ભણાવવું ખૂબ જ ગમતું હોવાથી, મારે ભણાવવું જ હોવાથી મારે યુનિવર્સિટી કે કૉલેજોમાં અરજી કરવાનું વિચારવાનું રહ્યું.

હું ગણિત અને Mechanical Engineeringમાં અરજી કરી શકું, પણ મેં કોણ જાણે ગણિત વિભાગમાં જોડાવવાનો વિચાર કર્યો. ઘણી બધી જગ્યાએ અરજીઓ કરેલી. ત્રણ ચાર જગ્યાએથી ગંભીરતાપૂર્વક નોકરીની ઑફરો મળેલી.

હમ્બોલ્ટ સ્ટેટ કૉલેજ, આર્કેટામાં ગણિત વિભાગના એક પ્રોફેસર સેબેટિકલ લીવ (Sabbatical Leave) ઉપર જતા હોઈને તેમની જગ્યાએ એક વર્ષ માટે નોકરીની ઑફર આવી. સાથે સાથે તેવું પણ જણાવ્યું કે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જતી હોવાના કારણે મને કાયમી નોકરી આપી શકશે. મેં મારા પ્રો. એટકિનસનને (Atkinson) હમ્બોલ્ટ સ્ટેટ સંબંધે પૂછ્યું અને તેમનો અભિપ્રાય સારો હતો. આથી હમ્બોલ્ટની ઑફર સ્વીકરવાનો નિર્ણય કર્યો. તે લોકોએ ભારતનો અનુભવ ધ્યાનમાં લઈને આસિસ્ટન્ટ પ્રોફેસરના પગારનું છેલ્લામાં છેલ્લું સ્ટેપ આપ્યું અને તે વાર્ષિક ૯૫૦૦ ડૉલર થાય. ક્યાં ૨૦,૦૦૦ ડૉલર અને ક્યાં ૯૫૦૦ ડૉલર. મનમાં ઘણી ગડમથલ થઈ. એમ થયું કે ઇન્ડસ્ટ્રીમાં નોકરી શોધી કાઢીએ. પણ આખરે એમ થયું કે મને ભણાવવું ગમે છે, આથી ગમે તેટલો ઓછો પગાર હોય તોપણ ભણાવીશ જ !! મેં ઑગસ્ટ ૧૯૬૯થી Humbldt State Collgeની નોકરીનો સ્વીકાર કરી લીધો.

કેલિફૉર્નિયા રાજ્યે મારા જોડાયા પછી હમ્બોલ્ટ સ્ટેટ કૉલેજનું નામ બદલીને કેલિફૉર્નિયા સ્ટેટ યુનિવર્સિટી, હમ્બોલ્ટ રાખ્યું. ઘણા કારણોસર કેલિફૉર્નિયા રાજ્યે કેલિફૉર્નિયા સ્ટેટ યુનિવર્સિટી, હમ્બોલ્ટ નામ બદલીને હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી નામ રાખ્યું છે.

(નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,
મુ. પો. શેરથા, જિ. ગાંધીનગર.
મો. ૯૪૨૮૦ ૧૯૦૪૨)

## સ્વરાજ-વૃક્ષનું બીજ

મારી જિંદગીની અંદર મેં અનેક કાર્યો કર્યાં છે. તેમાંનાં ઘણાં કાર્યોને માટે મારા મનમાં હું મગરૂરી પણ માનું છું; કેટલાંકને સારુ પશ્ચાત્તાપ પણ થાય છે. એમાંનાં ઘણાં મોટી જવાબદારીવાળાં હતાં. પણ અત્યારે જરાયે અતિશયોક્તિ વિના હું કહેવાને ઇચ્છું છું કે, મેં એવું એક પણ કાર્ય નથી કર્યું કે જેની સાથે આજે કરવાના કાર્યનો મુકાબલો થાય. અત્યારે આપણે સ્વતંત્રતાનું જે બીજ રોપી તેને પાણી પાઈ તેમાંથી સ્વરાજનું સુંદર વૃક્ષ બનાવવું છે તે ચારિત્રથી જ ઊછરશે. એ અચલિત શ્રદ્ધા મારામાં નહીં હોત, તો હું નિરક્ષર આ કુલપતિનું સ્થાન કબૂલ ન જ કરત. એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં ઋષિનું કામ કર્યું છે.

વિદ્યાર્થીઓને મારી વિનંતી છે કે તમારા અધ્યાપકોમાં શ્રદ્ધા રાખજો. પણ જો તમે તમારા અધ્યાપકોને બળહીન જુઓ, તો તે સમયે તમે પ્રહ્લાદના જેવા અગ્નિથી એ અધ્યાપકોને ભસ્મ કરી નાખજો અને તમારું કામ આગળ ચલાવજો. એ જ મારો વિદ્યાર્થીઓને આશીર્વાદ છે. અંતમાં હું પરમેશ્વરને પ્રાર્થના કરું છું અને એ પ્રાર્થનામાં તમે સહુ નિર્મળ હૃદયથી જોડાજો :

હે ઈશ્વર ! આ મહાવિદ્યાલયને એવું બનાવ કે જે સ્વતંત્રતાનો જાપ આપણે રાતદિવસ જપીએ છીએ તે સ્વતંત્રતા તેની અંદરથી મળો. અને એ સ્વતંત્રતાથી એકલું હિંદુસ્તાન જ નહીં, પણ જેમાં હિંદુસ્તાન એક બિંદુમાત્ર છે તે આખું જગત સુખી થાઓ.


**મો૦ ક૦ ગાંધી**

[ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયના ઉદ્ઘાટનમાં : ૧૯૨૦]

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત ગાંધી-ગંગા ભાગ-૧માંથી સાભાર)

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**




**Gandhian Peace, Non-Violence and Empowerment Way : Celebreting Hundred Years of 'Satyagrah' (1906-2006) / ed. by Anand Sharma. New Delhi : Academi Foundation, 2007. 320p. ISBN 13_ 978817886487. Rs. 3000/-**


મહાત્મા ગાંધીનાં વિચારવારસો, આધ્યાત્મિકતા અને કાર્યપ્રણાલીનો ભારે મોટો પ્રભાવ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. ગાંધીજીએ ખરા અર્થમાં 'સત્યાગ્રહ'નું આચરણ કરીને દેશ અને દુનિયાને કોઈ પણ સમસ્યાના ઉકેલ માટેનો એક શ્રેષ્ઠ ઉપાય સાબિત કરી આપ્યો છે. વિશ્વભરના ચિંતકોએ ગાંધીચીંધ્યા માર્ગને મુક્તકંઠે આવકારવાની સાથે સાથે તેનું અનુસરણ પણ કર્યું છે. ટ્રાન્સવાલમાં રહેતા પ્રત્યેક હિન્દુસ્તાનીએ પરવાના મેળવવાના કાનૂન કે જેને ગાંધીજીએ 'ખૂની કાયદો' ગણાવેલ છે તેનો શાંતિપૂર્ણ રીતે પ્રતિકાર કરવા માટે ગાંધીજી દ્વારા જોહાનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા)માં યહૂદીઓની એક નાટકશાળા ભાડે રાખીને તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ સભા બોલાવવામાં આવી હતી, જેમાં આ હિલચાલ ને 'પ્રેસિવ રિઝિસ્ટન્સ' તરીકે ઓળખાવવામાં આવી હતી. પરંતુ આ અંગ્રેજી શબ્દનો ઉપયોગ 'શરમભરેલો' લાગતાં સારામાં સારો શબ્દ શોધવા 'ઇન્ડિયન ઓપિનિયન'માં જાહેરાત આપતાં મગનલાલ ગાંધી દ્વારા સૂચવવામાં આવેલ 'સદાગ્રહ' શબ્દના આધારે ગાંધીજીએ 'સત્યાગ્રહ' શબ્દ પ્રયોજ્યો. ગાંધીજીએ ૧૯૦૬માં આરંભેલ 'સત્યાગ્રહ'ને વર્ષ ૨૦૦૬માં સો વર્ષ પૂરાં થયેલ હોવાથી તેની સમુચિત અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવાના હેતુસર અથવા કહો કે આ નવ્ય વૈચારિક ચેતનામાં અતૂટ પ્રતિબદ્ધત્તા દર્શાવવા માટે 'ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ' દ્વારા ''Peace, NonViolence and Empowerment : Gandhian Philosophy in the 21st Century'' વિષય હેઠળ નવી દિલ્હીમાં તા. ૨૯-૩૦ જાન્યુઆરી, ૨૦૦૭માં આંતરરાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અધિવેશનમાં વિશ્વના ૯૧ દેશો અને ૧૨૨ સંસ્થાઓના ૩૦૦થી અધિક અગ્રણી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં પ્રખર બૌદ્ધિકો, નોબેલ પારિતોષિક વિજેતાઓ, રાજનીતિજ્ઞો ઉપરાંત અનેક રાષ્ટ્રોના નીતિનિર્ધારકો જેમ કે ચાલુ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ, વડાપ્રધાનો, મંત્રીઓ, રાજકીય અગ્રણીઓ વગેરેનો સમાવેશ હતો. અર્થાત્ આ અધિવેશનમાં વિશ્વભરનું ટોચનું નેતૃત્વ ઉપસ્થિત રહ્યું હતું. આ હાજરી વર્તમાન વૈશ્વિક સમસ્યાઓ જેમ કે આતંકવાદ, હિંસા, ધિક્કારનું વાતાવરણ પેદા કરવું વગેરેનો પડકાર ઝીલવા અને તેની સાથે સાથે આ વૈવિધ્યપૂર્ણ અને બહુવાદી સમાજમાં શાંતિપૂર્ણ રીતે સહઅસ્તિત્વની ભાવના ટકાવી રાખવા માટે ગાંધીજીવનદર્શનમાં અતૂટ આસ્થાની પ્રસ્તુતતાની પ્રતીતિકારક બની રહી હતી.

પ્રસ્તુત ગ્રંથમાં અધિવેશનમાં રજૂ કરવામાં આવેલા લેખો પૈકી ૪૧નો અક્ષરશઃ પાઠ અને ૩૩નો સારાંશ ગ્રંથસ્થ કરવામાં આવ્યો છે. આ બધા લેખોને મુખ્ય પાંચ પેટા વિષયો હેઠળ : ૧. ૨૧મી સદીમાં ગાંધીદર્શન, ૨. સંઘર્ષ નિવારણ અને શાંતિની પ્રસ્થાપના માટે અહિંસક અભિગમ, ૩. ગાંધીદર્શન ગરીબી નાબૂદી, શિક્ષણ અને પ્રજાના સામર્થ્યશીલ માટે, ૪. લોકો અને સંસ્કૃતિઓ વચ્ચે સંવાદ અને ૫. ન્યુક્લિઅર શસ્ત્રોમાંથી મુક્તિ અને અહિંસક વિશ્વ વ્યવસ્થા તરફ પ્રયાણ – વર્ગીકૃત કરવામાં આવ્યા છે. લેખો રજૂ કરનારાઓ પૈકી નોબેલ પારિતોષિક વિજેતાઓ પૈકી મુહમ્મદ યુનુસ, ડેસમોન્ડ ટુટુ, લેસ વાલેસા, પ્રખર રાજનીતિજ્ઞ – બૌદ્ધિકો પૈકી જીન શાર્પ, ભીખુ પારેખ, સી. કે. પ્રહ્લાદ, રાધાકુમાર, અસ્મા જહાંગીર, ઇતિહાસકાર મુશરીલ હસન, ગાંધી-જીવનદર્શનનાં પ્રખર અનુયાયી – અભ્યાસી ઇલા ગાંધી, રાજીવ વોરા, મેવા રામગોબિન, અહમદ કથરાડ, રાજકારણીઓ નેલ્સન મંડેલા, ડૉ. મનમોહનસિંહ, કેનેથ કોન્ડા વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ બધા જ લેખોનો સૂર પ્રવર્તમાન સમસ્યાઓના નિવારણ માટે અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે ગાંધીજીવનદર્શન અપનાવવાની હિમાયતનો રહ્યો છે. Gene Sharp એ સ્પષ્ટ નોંધ્યું છે કે : ''In the future, as in the past, non-violent struggle may be used for objectives that many of us would not support. Even that is a major advance. Would we prefer that those same objectives were supported by violence ? As non-violent struggle spreads, it is replacing reliance on violence and war and also is empowering people who have often left helpless before the violence of their oppressors. A heavy responsibility continues to rest on all of us who respect Gandhi and take his insights and example seriously.'' લોર્ડ ભીખુ પારેખે ગાંધીદર્શનની ગરીબી નાબૂદી અને લોકોને સામર્થ્યશીલ બનાવવા સંદર્ભેની પ્રસ્તુતતાની વિશદ છણાવટ કરીને તેની ઉપયોગિતા પ્રતિપાદિત કરવાની સાથે સાથે ગાંધીજીએ કૉંગ્રેસનું વિસર્જન કરવાની કરેલ અપીલનો વિરોધ કરતાં સ્પષ્ટ અભિમત આપ્યો છે કે હકીકતમાં સ્વતંત્ર ભારતમાં સરકાર ચલાવવા અને દેશને એક સાથે રાખવા માટે સુનિયોજિત રાજકીય પક્ષની ભારે જરૂરિયાત હતી – 'The Congress not only had great organisational stength but also enjoyed considerable moral and political legitimacy which passed on to the nascent state'. ઇલા ગાંધી ગાંધીજીની મહાનતા તેમના દર્શનથી અધિક તેમની માન્યતાઓને કાર્યમાં પરિણામવાના સામર્થ્યમાં અને લોકજુવાળ ઊભો કરી પોતાની સાથે કાર્યમાં જોતરવામાં જુએ છે. ગાંધીભક્ત કેનેથ કોન્ડાએ ગાંધીમૂલ્યોની ભરપૂર સરાહના કરીને અપીલ કરતાં જણાવ્યું છે કે પ્રવર્તમાન સમયમાં ઘાતક અને ખર્ચાળ યુદ્ધો બિનજરૂરી છે અને તેનો અંત આવવો જોઈએ. ઉદેશ પ્રાપ્તિ માટે લશ્કરીનો વિકલ્પ નિષ્ફળ પુરવાર થયો છે, તેથી ''To save humanity from destruction in the 21st century the world must be armed, not with weapons of mass destruction, but with the values and wisdom... it has the potential to act as the organised consience of the people and a vital bridge between society and the state espoused by Gandhi and embodied by the Satyagraha movement as the hope of future''. ડૉ. મનમોહનસિંહનો લેખ મહાત્મા ગાંધી વિશેની અતૂટ આસ્થાનો પ્રતીક છે. તેમનું ભાષણ પ્રત્યક્ષ રીતે સાંભળતા હોઈએ તેવી પ્રતીતિ અનુભવાય છે. તેમનો પ્રત્યેક શબ્દ હૃદયસ્પર્શી છે. તેમણે નોંધ્યું છે કે : ''As long as we live in a world of conflict, as long as human socities are divided by differnances, as long as people resort to might to assert their right, there will always be a Gandhian to remind us of the power of truth, of love, of compassion, of peace.

That is why I believe Mahatma Gandhi was the most modern thinker of the 20th century... As long as the 'idea of India' lives in our hearts and minds, the legacy of the Mahatma will live on.''

સમગ્રતયા પ્રવર્તમાન સમયમાં વિશ્વનેતૃત્વ મહાત્મા ગાંધીજીને કઈ દૃષ્ટિએ જુએ છે, મૂલવે છે અને પ્રસ્તુત ગણે છે તેનું નિરૂપણ કરતો આ ગ્રંથ ગાંધીસાહિત્યમાં મોંઘેરી મિરાત સમાન છે. કૉંગ્રેસ દ્વારા હાથ ધરાયેલ આ સુચિંતનીય કાર્ય ગાંધીવિચારના પ્રચાર-પ્રસારમાં તેમજ તેમાં આસ્થા-પ્રતિબદ્ધત્તાના દૃઢિકરણ માટે ખૂબ જ ઉપયોગી હોઈ સર્વાંશે શ્લાઘનીય છે. ગાંધીવિચારને ઘેર ઘેર પહોંચાડવા માટે કૉંગ્રેસના કર્ણધારો આ ગ્રંથ દેશનાં યુનિવર્સિટી તથા પસંદગીનાં સાર્વજનિક વગેરે ગ્રંથાલયોમાં પહોંચાડવાનું તથા આ ગ્રંથનું ભારતીય ભાષાઓમાં અવતરણ કરાવે તે અપેક્ષિત બની રહે છે. કમ સે કમ કૉંગ્રેસના ગુજરાત એકમે આ ગ્રંથના ગુજરાતી અનુવાદ માટે પહેલ કરવી રહી !

ગાંધી વિચારવારસાની સમૃદ્ધિની સાથેસાથે ગાંધીજી વિષયક અને પ્રસ્તુત અધિવેશન સંબંધી અઢળક દસ્તાવેજી દૃશ્ય સામગ્રીથી ખચિત તથા ઉચ્ચ ગુણવત્તાયુક્ત કાગળ ઉપરના કલાત્મક મુદ્રણ તથા ગેટ–અપથી આ ગ્રંથ સોહે છે. ગ્રથાન્તે મહાત્મા ગાંધી તવારિખી અને લેખ રજૂ કર્તાઓનો મિતાક્ષરી છતાં અર્થપૂર્ણ પરિચય, બધા જ ડેલિગેટ્સના પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ્સ વગેરે ધ્યાનકર્ષક બની રહે છે. એક નોંધપાત્ર બાબત એ કે આ અધિવેશનના અંતમાં 'સત્યાગ્રહ'ના હાર્દને કેન્દ્રમાં રાખીને વિશ્વના લોકો અને સંયુક્ત રાષ્ટ્રસંઘને ૨૯ જેટલાં નિવેદનો – declaration – કરવામાં આવ્યાં હતાં. આ પૈકી સંયુક્ત રાષ્ટ્રસંઘને મહાત્મા ગાંધીના જન્મદિન **૨જી ઑક્ટોબરને 'વિશ્વ અહિંસા દિન'** તરીકે જાહેર કરવા સંબંધી અપીલ કરવામાં આવી હતી, જેનો સંયુક્ત રાષ્ટ્રસંઘની ૧૫ જૂન, ૨૦૦૭ની સભામાં સર્વાનુમતે ઠરાવ પસારને અમલ કરવામાં આવ્યો. આ અધિવેશનની આ એક મોટી ઉપલબ્ધિ છે.




**The Philosophy of Mahabharat and not Just the Story, 2 Vols. Dr. Mahendra Shah. Oak Brook : Dr. Leena M. Shah (614, Ringwood Court, Oak Brook, Illinois, USA-60523, Email : mahabharat614@gmail.com); Distributor : Vadodara : Gujarat Pustakalaya Sahayak Sahakri Mandali Ltd., 2013-2014. Rs. 650/- More volumes to be published.**

ભારતીય સંસ્કૃતિની અણમોલ ધરોહર સમાન આપણાં બે આર્ષ મહાકાવ્યો પૈકીનું એક મહાકાવ્ય તે 'મહાભારત' કે જે એક લાખ જેટલા શ્લોકો ધરાવતું હોવાથી 'શતસાહસ્રી સંહિતા' તરીકે ઓળખાય છે. વધુમાં તેમાં સંચિત થયેલી ગૂઢાર્થ જ્ઞાનરાશિના કારણે તેને 'પાંચમો વેદ', 'ભારતીય સંસ્કૃતિ કોશ', 'વિરાટ કાવ્ય', 'લોકમહાકાવ્ય', 'ભારતની રાષ્ટ્રીય પ્રજ્ઞાનું વીરકાવ્ય', 'મહાકાવ્યોનું મહાકાવ્ય', 'ચિરંતન માનવભાવોનું મહાકાવ્ય', વગેરે ઉપાધિઓથી નવાજવામાં આવે છે. અહીં પ્રાચીન ભારતીય ધર્મ, દર્શન, ઇતિહાસ, રાજનીતિ, અર્થશાસ્ત્ર, સમાજજીવન તથા જ્ઞાન વિજ્ઞાનના અનેકવિધ વિષયોના ગહન નિરૂપણની સાથે સાથે તેના વ્યવહારિક પાસાંઓને કથાઓના માધ્યમથી રજૂ કરવામાં આવેલ હોવાથી તેમજ તેમાં જિવાતા જીવનનો ધબકાર ઝિલાયો હોવાથી સમાજજીવનના હરકોઈ ક્ષેત્રના વ્યક્તિ માટે શાશ્વત મૂલ્ય ધરાવે છે. આ ગ્રંથનું મહિમાગાન તેના સર્જક કૃષ્ણદ્વૈપાયન વ્યાસે 'આદિપર્વ'ના ૬૨માં અધ્યાયમાં ભારે ગર્વપૂર્વક કર્યું છે. તેના અંતિમ શ્લોક નંબર ૫૩માં વ્યાસે સ્પષ્ટપણે નોંધ્યું છે કે –

**ધર્મે ચાર્થે ચ કામે ચ મોક્ષે ચ ભરતર્ષભ ।**
**યદિહાસ્તિ તદન્યત્ર યન્નેહાસ્તિ ન તત્ ક્વચિત્ ॥**

(અર્થાત્ હે ભરતશ્રેષ્ઠ ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંદર્ભે જે વાત આ ગ્રંથમાં છે, તે અન્યત્ર પણ છે.

જે અહીં નથી તે ક્યાંય પણ નથી.)

આવા આ ગૌરવશીલ અને વિશાળ ગ્રંથમાં તેના કર્તા વેદવ્યાસે કથાવસ્તુની રચનાની સાથે સાથે પ્રસંગોપાત્ત વિષયવસ્તુને અનુરૂપ માનવજીવનદર્શનને અભિવ્યક્ત કરતાં વિચારમૌક્તિકોની સુપેરે ગૂંથણી કરી છે, જેમાં આ ગ્રંથનું હાર્દ સમાયેલું છે. આ ગ્રંથમાંથી વિચારમૌક્તિકો – વિચારરત્નો – રત્નકણિકાઓની શોધ કરવી એટલે મહાસાગરના તળિયેથી મોતી વીણવા સમાન કાર્ય ! અહીં ગ્રંથનું શીર્ષક સૂચવે છે તેમ તેના ગ્રંથકર્તાનો ઉદ્દેશ મહાભારતની કથા ન રજૂ કરતાં તેનું તત્ત્વજ્ઞાન રજૂ કરવાનો રહ્યો છે. ડૉ. શાહે આદિપર્વ અને સભાપર્વના અનુક્રમે ૯૬૨૬ અને ૪૦૫૬ શ્લોકોમાંથી પ્રથમ ખંડમાં ૨૦૦ શ્લોકો અને વનપર્વના ૧૨૨૭૬ શ્લોકોમાંથી દ્વિતીય ખંડમાં પસંદગીના ૨૪૬ શ્લોકોનો મૂળ પાઠ અને તેનો હિન્દી, ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી અનુવાદ સરળ અને સુબોધગમ્ય ભાષા-શૈલીમાં આપ્યો છે. અહીં ધર્મનું મહત્ત્વ, સત્ય, ઉદારતા, ધૈર્ય, શાંતિ, દયા, કરુણા, ક્રોધ, ક્ષમા, મિત્રતા, આદર્શજીવન વગેરે અનેકવિધ સદ્‌ગુણોના સેવનના ફાયદા તથા કામાતુર સ્વભાવ, જુગાર મદ્યપાન વગેરે દુર્ગુણોના સેવનથી થતા વિનિપાતને દર્શાવતાં વિચારમૌક્તિકો પસંદ કરવામાં આવ્યાં છે. સંપાદક – અનુવાદકે આ ગ્રંથ તત્ત્વજ્ઞાનના બોધથી બોઝિલ ન થઈ પડે તે હેતુસર જે તે ગુણ કે અવગુણ દર્શાવતા શ્લોકોના પૂર્વે સંક્ષેપમાં કથાસંદર્ભ દર્શાવેલ હોવાથી કથારસ જળવાઈ રહે છે. ઉદા. તરીકે શુકુન્તલોપાખ્યાન, શુક્રાચાર્ય અને દેવયાની સંવાદ, શૌનક – યુધિષ્ઠિ સંવાદ, વિદુર – યુધિષ્ઠિર સંવાદ, નળ-દમયંતી ઉપાખ્યાન, સાવિત્રી કથા, યુધિષ્ઠિર દ્વારા યક્ષના પ્રશ્નોના ઉત્તરો આપવા વગેરેમાંથી પસંદ કરવામાં આવેલા શ્લોકોની પૂર્વે સંક્ષેપમાં તેની કથા વર્ણવવામાં આવી છે. તેમજ પ્રસંગોપાત્ત કથાને અનુરૂપ સુંદર ચિત્રો પણ આપ્યાં છે. ઉદા. તરીકે દુષ્યંત-શકુન્તલા મિલન, શકુન્તલાનું ભરત સાથે દુષ્યંતના દરબારમાં આગમન, દ્રૌપદી વસ્ત્રાહરણ વગેરે. આ સાથે જ ઉલ્લેખિત શ્લોક કોના મુખેથી ઉચ્ચારવામાં આવ્યો છે. ઉદા. તરીકે શૌનક, વિદુર, યુધિષ્ઠિર, માર્કન્ડેય, પુલસ્ત્ય, અષ્ટાવક્ર, દ્રૌપદી, સાવિત્રી, વગેરેનાં નામ તેમજ પર્વ, અધ્યાય અને શ્લોક નંબરની પણ વિગતો આપવામાં આવી છે, તેમજ સંસ્કૃત પાઠ ગીતા પ્રેસ, ગોરખપુરની આવૃત્તિના આધારે નોંધવામાં આવ્યો છે તેના ઉલ્લેખમાં સંપાદક – અનુવાદકના સંશોધકીય અભિગમનાં – સાધાર વિગતો રજૂ કરવાના વલણનાં દર્શન થાય છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના સંપાદક – અનુવાદક – સંશોધક ડૉ. મહેન્દ્ર શાહ (M.B.B.S., M.D.,F.A.C.P.) વડોદરાના મૂળ નિવાસી છે. બરોડા મેડિકલ કૉલેજમાંથી સ્નાતક થયા બાદ ઈ.સ. ૧૯૭૧થી અમેરિકામાં સ્થાયી થયા છે. તેઓશ્રી કૅન્સર અને બ્લડના વિશેષજ્ઞ તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. તેમણે માણસના ભૌતિક સ્વાસ્થ્યની સુખાકારીની સાથે સાથે મનોજગતના સુસ્વાસ્થ્ય માટે ભારતીય સંસ્કૃતિનાં ઉન્નાયક તત્ત્વોને લોકહિતાર્થે રજૂ કરવાના હેતુસર આપણા આર્ષગ્રંથોને મૂળસ્વરૂપમાં વાંચવા – સમજવા માટે સંસ્કૃત ભાષાનો એકાદ દશક સુધી ગહન અભ્યાસ કર્યો તેમજ વિદ્વાનો સાથે વિચાર વિમર્શ કરીને મહાભારતરૂપી મહા-સાગરમાંથી પસંદગીનાં વિચારમૌક્તિકો વીણીને-રજૂ કરીને મહામહોપાધ્યાય ડૉ. ગૌતમભાઈ પટેલના શબ્દોમાં 'મહાભારતકાર્ય' કર્યું છે. પ્રસ્તુત ગ્રંથ ડૉ. શાહની ભારતીય સંસ્કૃતિમાં અતૂટ આસ્થા અને અધ્યયન નિષ્ઠાનો પ્રતીતિકારક બની રહે છે. આ માટે ડૉ. શાહ આપણા સૌના વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. આ સાથે અપેક્ષા બની રહે છે કે મહાભારતના બધા જ પર્વોના શ્લોકસંચયનનું કાર્ય પૂર્ણ થયા બાદ તેના અંતિમ ખંડમાં વિષયસૂચિ અને શ્લોકોની વર્ણાનુક્રમસૂચિ અનિવાર્યપણે આપવામાં આવે.

**મણિભાઈ પ્રજાપતિ**

ગગનવિહારી હોવાનો હું ઇન્કાર કરું છું. હું સંતપણાનો દાવો સ્વીકારતો નથી. હું સામાન્ય માટીનો બનેલો સામાન્ય માનવી છું. તમારી જેમ જ હુંયે નબળાઈઓ તરફ ઢળું છું. પરંતુ મેં દુનિયા જોઈ છે. મારી આંખો ખુલ્લી રાખીને હું દુનિયામાં જીવ્યો છું. મારે માણસના નસીબમાં લખેલી બધી જ અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થવું પડ્યું છે. એ સાધનામાંથી હું પસાર થયો છું. **મો૦ ક૦ ગાંધી** ['હરિજનબંધુક્ક : ૨૮-૬-૧૯૪૨]

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### એન. એસ. એસ.

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના N.S.S. પ્રોગ્રામ ઑફિસર પ્રો. ડૉ. રણછોડ રથવીને વર્ષ ૨૦૧૩-૧૪ના **રાજ્યકક્ષાનો Best Programme officer – NSS તરીકેનો ઍવોર્ડ** એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા. ઉલ્લેખનીય છે કે ડૉ. રથવી શારીરિક શિક્ષણના અધ્યાપક તરીકેની પોતાની મૂળભૂત ફરજો ઉપરાંત છેલ્લાં ૧૨ વર્ષથી NSSની જવાબદારી કુશળતાપૂર્વક સંભાળી રહ્યા છે. તેમના નેતૃત્વમાં વૃક્ષારોપણ કાર્યક્રમ, બ્લડ ડોનેશન કેમ્પ, બાળકોને પોલિયોની રસી પિવડાવવી, થેલેસેમિયા જાગૃતિ અભિયાન, નેત્ર નિદાન કેમ્પ વગેરે જેવા અર્થપૂર્ણ કાર્યક્રમો સતત યોજાતા રહ્યા છે. વધુમાં તેમણે NSS ટીમ લીડર તરીકે નવી દિલ્હી ખાતે સતત એક માસ સુધી સફળતાપૂર્વક ફરજ બજાવી હતી. અભિનંદન.

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં એફ. વાય. બી. કોમ. સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને એન. એસ. એસ.ના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓથી પરિચિત કરાવવા તથા વિદ્યાર્થીઓમાં સમાજસેવાની ભાવના કેળવવાના ઉદ્દેશ્યો સાથે તા. ૧૪-૮-૧૪ના રોજ ફાર્મસી કૉલેજના હૉલમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્ય એન. એસ. એસ. વિભાગના વડા શ્રી કમલકર હાજર રહ્યા હતા, જેમણે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને સમાજ સેવા માટે તત્પર બની રહેવા શીખ આપી હતી. આ ઉપરાંત તા. ૨૦-૮-૧૪ના રોજ ૨૩૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરીને વૃક્ષારોપણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ બંને કાર્યક્રમોનું સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું.

* તા. ૨૮થી ૩૧-૮-૨૦૧૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે એલ. ડી. આર્ટ્સ કૉલેજના યજમાન પદે યોજાયેલ એન. એન. એસ.ના રાજ્ય કક્ષાના વર્કશોપમાં વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૧૦ યુનિવર્સિટીઓની ૬૨ કૉલેજોના ૫૩૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં ઊમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની બહેનોએ નીચે મુજબ સિદ્ધિ મેળવી. વક્તૃત્વ સ્પર્ધા : કુ. માનસી મેંદપરા (પ્રથમ); એક પાત્રીય અભિનય : કુ. પ્રિયંકા સોજીત્રા (પ્રથમ); સમૂહ નૃત્ય (પ્રથમ), રંગોળી સ્પર્ધા : કુ. હિરલ પટેલ (દ્વિતીય) અને નિબંધ સ્પર્ધા : કુ. અનિતાબા વાઘેલા (તૃતીય). આ સ્પર્ધાઓ માટે કૉલેજનાં આચાર્યશ્રી ડૉ. અમૃતાબહેન પટેલ, પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભારતીબહેન દલવાડી, એન. એસ. એસ. કમિટીના સભ્યશ્રીઓ ડૉ. બિંદુબહેન ભટ્ટ, ડૉ. રૂપાબહેન ચાવડા, પ્રા. રાકેશભાઈ પ્રજાપતિ, ડૉ. પ્રણવ જોશીપુરા અને ડૉ. કીર્તિકમલ વાઘેલાએ વિદ્યાર્થિનીઓને વિશેષ તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં હતાં. આ કૉલેજની NSS યુનિટની વિદ્યાર્થિનીઓ કુ. દેવાંશી પોકાર અને કુ. માનસી મેંદપરાની આંધ્રપ્રદેશના રાજમુદરી ખાતે તા. ૧૨થી ૨૧ ઑક્ટોબર, ૨૦૧૪ દરમિયાન યોજાનાર પ્રિ. રિપબ્લિક ડે પરેડ કેમ્પ માટે પસંદગી થયેલ છે. સમગ્ર રાજ્યના ૪૪ વિદ્યાર્થીઓમાં પસંદગી પામેલ આ વિદ્યાર્થિનીઓને એ. એ. પટેલ કૉમર્સ કૉલેજના પ્રા. ડૉ. રણછોડભાઈ રથવીએ વિશેષ માર્ગદર્શન તથા આ કૉલેજના પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભારતી દલવાડીએ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### કાનૂની શિક્ષણ શિબિર

* સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરમાં જિલ્લા કાનૂની સત્તામંડળ અને જિલ્લા

ન્યાયાલય દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કાનૂની સહાય તથા મહિલાઓ અને બાળકોના કાયદા અને અધિકાર અંતર્ગત શ્રી એમ. એન. ઉકાણીએ બાળકોના કાયદા અને અધિકારો, શ્રી પી. એમ. પટેલે મહિલાઓના કાયદા પૈકી બાળલગ્નો, ઘરેલૂ હિંસા વગેરે, સંજયભાઈ પટેલે જે. જે. બોર્ડ એક્ટ અને ગાયત્રીબહેને પોસ્કો – ICPS સ્કીમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. શિબિરમાં કૉલેજની ૩૦૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## કાર્યકુશળતા શિબિર

* કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કેરિયર શેપરના સંયુક્ત ઉપક્રમે ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, KSVના વિદ્યાર્થીઓ માટે તા. ૧૭થી ૨૪-૦૯-૨૦૧૪ સુધી એમ્પ્લોયેબિલિટી સ્કીલ ડેવલોપમેન્ટ વિશેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં પોર્ટફોલિયો, રિઝ્યુમ, ઇન્ટરવ્યુ ટૅક્નિક પ્રેઝન્ટેશન, પોઝિટિવ એટીટયુડ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ, વુમન એમ્પાવરમેન્ટ, કમ્પ્રેહેનશન વગેરેમાં કાર્યકુશળતા કેળવવા વિશે કેરિયર શેપરના તજજ્ઞોએ માહિતી આપી હતી. આ શિબિરમાં બી. એડ્. અને એમ. એડ્.ના ૨૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## ગાંધીનગર સ્થાપનાદિન

* વન વિભાગ, વનશ્રી નેચર ક્લબ તથા ભોળાભાઈ પટેલ બી. બી. એ. કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાના 'વન મહોત્સવ' અંતર્ગત 'વૃક્ષારોપણ' કરી હરિયાળા ગાંધીનગરને વધુ હરિયાળું બનાવવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બી. બી. એ.ના ૧૧૫ વિદ્યાર્થીઓએ પ્રા. માર્ગી દેસાઈના માર્ગદર્શન હેઠળ તેમજ વનશ્રી નેચરલ ક્લબના ૫૦ સ્વયંસેવકોએ શ્રીમતી અંજના નીમાવતના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ સંબંધી કામગીરી કરી હતી. આ ઉપરાંત ૬૦,૦૦૦ છોડનું વિતરણકાર્ય પણ કરવામાં આવ્યું હતું.

## પરિસંવાદ

* ભોળાભાઈ પટેલ બી.બી.એ. કૉલેજ, ગાંધીનગર તથા આઈસીઆઈસીઆઈ સેન્ટર ફોર ફાઇનાન્સિયલ લર્નિંગના સંયુક્ત ઉપક્રમે 'Seminar on Capital Market & Indian Financial System Learning through Stock Mind Game Competition'' વિશે ત્રિદિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૧૩-૯-૧૪ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે આયોજિત ''My Clean and Beautiful World'' શીર્ષક હેઠળની નિબંધસ્પર્ધામાં કૉલેજના ૫૩૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

* સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજમાં પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શૈક્ષણિક વિષયો પર અધ્યાપકોના માર્ગદર્શન નીચે તાલીમાર્થી બહેનો દ્વારા વિવિધ શૈક્ષણિક ટૅક્નોલોજીના ઉપયોગ સંદર્ભે લેખોનું વાચન કરવામાં આવ્યું હતું.

## પીએચ. ડી.

* કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph. D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**1 Education**

1. Patel, Dipakkumar Sukhalalbhai : ''A Comparative Study of Psychological state of Std-X High & Low Achiever Students of Gujarat State''. / Subject : Education / Guide : Dr. Ramesh B. Ukavat
2. Trivedi, Manojkumar Chandulal : ''Construction and Validation of Computarized Criterion Referenced Test for 12th Standard for Organic Chemistry'' / Subject : Education / Guide : Dr. J. H. Pancholi

**2. Bio-technology**

3. Varjani, Sunita Jagdishbhai : ''Hydrocarbon Degrading and Biosurfactants

(Bio-Emulsifiers) Producing Bacteria From Petroleum Oil Wells''. / Subject : Biotechnology / Guide : Dr. Vivek Upasani

**3. Chemistry**

4. Patel, Rita Rupeshbhai : ''Novel Interacting Blends on Acryl Terminatad Oligpimides And Vinyl Monomers''. / Subject : Chemistry / Guide : Dr. Mukesh C. Patel

**4. Commerce**

5. Ganatra, Rajesh Parmanandbhai : ''Prospects of E-Banking in Gujarat''. / Subject : Commerce / Guide : Dr. J. A. Sarvaiya

**5. Management**

6. Chawla, Prakash Motiram : ''Real Option : Valuation & Applications (Case-Studies of Indan Projects)''. / Subject : Management / Guide : Dr. Chinnam Reddy

**6. Pharmaceutical Science**

7. Bhatt, Shailendra : ''Formulation & Evaluation of Fast Dissolving Tablet of Anti Emetic Drugs''. / Subject : Pharmaceutical Science / Guide : Dr. Priti D. Trivedi
8. Dave, Hiral Narendrakumar : ''Development and Validation of Analytical Methods for Some Drugs Used in the Treatment of Some Respiratory Disorders in Pharmaceutical Dosage Forms''. / Subject : Pharmaceutical Science / Guide : Dr. Ashlesha G. Makwana
9. Gondaliya, Rajeshkumar Jagdishbhai : ''HPLC-Ms/Ms Methods for Quantification of Drugs Acting of Cardio Vascular System and Central Nervous System in Human Biological Matrices and their Application to Bioequivalence Studies''. / Subject : Pharmaceutical Science / Guide : Dr. Ashlesha G. Makwana

## પુસ્તક પ્રદર્શન

* સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ, કડીના પુસ્તકાલય દ્વારા પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવતાં. જેનો તાલીમાર્થી બહેનો અને અધ્યાપકોએ ભરપૂર લાભ લીધો હતો. આ પ્રસંગે કૉલેજ પુસ્તકાલય તથા તેની સમૃદ્ધ વાચન સામગ્રી તથા જીવનમાં પુસ્તકો અને વાચનના મહત્ત્વ વિશે લાઇબ્રેરિયન શ્રી કલ્પનાબહેન દવેએ રસપ્રદ અને સુબોધગમ્ય શૈલીમાં સમજ આપી હતી. આ ઉપરાંત તા. ૪/૯/૧૪ના રોજ આયોજિત મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત મહિલા આયોગ નિગમનાં શ્રી ઝંખનાબહેન ત્રિવેદીએ મહિલા સશક્તિકરણનાં વિવિધ પાસાંઓ વિશે સુચિંતનીય વક્તવ્ય આપ્યું હતું.

## પ્રદર્શન

* સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા 'ઑડિયો વિઝ્યુઅલ સાધનો' વિષયક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેનું માર્ગદર્શન પ્રા. હિમાલી પ્રજાપતિ, પ્રા. પ્રેક્ષા પટેલ અને પ્રા. દિપલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રવેશોત્સવ

* સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત K. C. G. દ્વારા તા. ૦૪/૦૮/૧૪ના રોજ પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં K. C. G.ના પ્રોગ્રામ ઑફિસર જ્યોતિ જૈન, પ્રિ. ડૉ. જે. કે. પટેલ, (વી. આર. કૉલેજ ઑફ કૉમર્સ, મહેસાણાના), ડૉ. કે. જી. પટેલ (એમ. એન. કૉલેજ, વિસનગર) તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં

યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં મહેમાનશ્રીઓનું પ્રિ. ડૉ. બાબુભાઈ આર. પટેલ દ્વારા સ્વાગત અને પરિચય આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ પ્રા. જગદીશભાઈ પટેલ દ્વારા કૉલેજનો ટૂંકમાં પરિચય અને પ્રેઝન્ટેશન બાદ સપ્તધારાગાન અને K.C.G. Initiative ફિલ્મ બતાવવામાં આવી તેમજ આમંત્રિત મહેમાનો દ્વારા તાલીમાર્થીઓનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જે. કે. પટેલ દ્વારા તાલીમાર્થીઓને સપ્તધારા પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સંકલ્પ કરાવવામાં આવ્યો હતો.

## પ્લેસમેન્ટ

* ભોળાભાઈ પટેલ બી.બી.એ. કૉલેજ ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ પ્લેસમેન્ટ આયોજન અંતર્ગત Phoenix IT Park વેબ ડેવલપમેન્ટ કંપની દ્વારા ૧૨/૯/૧૪ના રોજ BBAના ૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## બૅંક સેવા

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં બૅંકિંગ યુનિટ અંતર્ગત ક્લિયરિંગ સેટલમેન્ટ અને પેમેન્ટ વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન માટે તા. ૨૬/૮/૧૪ના રોજ શ્રી વિકાસ ચાવલા (બૅંક ઑફ બરોડા – સિનિયર મૅનેજર – તાલીમ વિભાગ)ને નિમંત્રિત કરવામાં આવતાં તેમણે આ વિષય સંદર્ભે સૈદ્ધાંતિક ચર્ચા કરીને તેના વ્યવહારિક પ્રશ્નો અને પોતાના અનુભવો વિશે વિગતે સમજાવ્યું હતું.

## રમતગમત

* ગુજરાત યુનિવર્સિટી હૅન્ડબૉલ (બહેનો)ની સ્પર્ધામાં ઉમા આટ્‌ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની ટીમે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ અમદાવાદને ૧૦/૮ ગોલથી હરાવી સતત પંદરમી વાર ગુજરાત યુનિવર્સિટીની ચેમ્પિયનશિપ જાળવી રાખી છે. મહિલા કૉલેજની ટીમનું પ્રતિનિધિત્વ વસાવા રાધિકા, બ્રહ્મભટ્ટ કિંજલ, મેંદપરા માનસી, વસૈયા નીલમ, અસારી પ્રેમાલા, ગજ્જર ડાયના અને તન્ના અમીધારાએ કર્યું હતું. અભિનંદન.

## રાઇફલ શૂટિંગ

* ગાંધીનગર જિલ્લા રાઇફલ એસોસિએશન દ્વારા જિલ્લાસ્તરની સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં મમતા સ્પોટ્‌ર્સ સેન્ટરના નીચેના વિદ્યાર્થીઓએ મેડલ પ્રાપ્ત કરેલ છે. જુનિયર : જીલ પટેલ (ગોલ્ડ); સિનિયર : એસ. ગોકુલકુમાર (સિલ્વર); વૈશાલી એચ. કાપડિયા (ગોલ્ડ), દીપિકા ચાવડા (સિલ્વર) અને વાસુકી પ્રજાપતિ (બ્રોન્ઝ) ઓપન : અનુજ વી. પટેલ (સિલ્વર); સોનમ ઠક્કર (સિલ્વર) અને ચેતના ચાવડા (બ્રોન્ઝ).

## શિક્ષક દિન

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા ૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ 'શિક્ષક દિન'ની ઉજવણી ખીમજી વિસરામ હૉલમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ડાયરેક્ટરશ્રી પ્રો. ડી.ટી. કાપડિયા, ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. વીણાબહેન પટેલ, ડૉ. આર. જે. વ્યાસ, પ્રિ. ડૉ. અમૃતા પટેલ, પ્રિ. ડૉ. જે. જે. ભટ્ટ, પ્રિ. ડૉ. રવિના ક્રિશ્ચિયન, ડૉ. એન. એન. જાની, વિવિધ શાળા કૉલેજોના આચાર્યશ્રીઓ–શિક્ષકો, ૧૨૧૩ વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉજવણીની નોંધપાત્ર વિશેષતા એ છે કે આ પ્રસંગે શિક્ષકની મહત્તા દર્શાવતું અને સંસ્થાના અત્યાર સુધીના સર્વ શ્રેષ્ઠ શિક્ષકોને બિરદાવતો વિડિયો દર્શાવવામાં આવ્યો હતો. વિવિધ શાળા / કૉલેજોમાંથી પસંદગી પામેલા ૭ વિદ્યાર્થીઓએ 'જીવનમાં શિક્ષકનું મહત્ત્વ' વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને પોતાના શિક્ષકો પાસેથી શ્રેષ્ઠ બુદ્ધિ કૌશલ્ય મેળવીને રાષ્ટ્રની સેવા કરવા પ્રતિબદ્ધ રહેવાની શીખ આપી હતી. ડૉ. કનુભાઈ ડી. પટેલ દ્વારા શિક્ષક ધર્મની વિભાવના સમજાવીને શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રસંગોચિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડૉ. એન. એન. જાનીએ આભારદર્શન અને કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણીએ કર્યું હતું.

* સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ, કડીના યજમાનપદે કડી કૅમ્પસમાં 'શિક્ષકદિન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ, ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, મંત્રીશ્રી મહેશભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની બી. એડ્. અને એમ. એડ્. કૉલેજોમાં તા. ૫/૯/૧૪ના રોજ 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓએ વિવિધ ભૂમિકામાં રહીને 'શિક્ષક દિન'ને સાર્થક રીતે ઊજવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજાણી જિગીસા અને એની ફરનાન્ડીઝને બેસ્ટ ટીચર તરીકે તેમજ બેસ્ટ સ્પીકર તરીકે દવે પ્રતીકને સંસ્થા પરિવાર તરફથી ટ્રોફી અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

* અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ શિક્ષકદિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૩૯ વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને ભાગ લીધો હતો.

* બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા આયોજિત શિક્ષકદિનની ઉજવણીમાં ૭૨ વિદ્યાર્થીઓએ વિવિધ ભૂમિકાઓ નિભાવી હતી.

## સાહિત્ય

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV) અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે તા. ૪/૯/૧૪ના રોજ કાવ્યરચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળા – કૉલેજોમાંથી વિદ્યાર્થી, શિક્ષકો અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત તા. ૮/૮/૧૪ના રોજ વાર્તા સાહિત્ય સ્વરૂપ વિશેની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત ડૉ. બિંદુબહેન ભટ્ટે ટૂંકી વાર્તા એટલે શું ? વાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, વાતાવરણ, ટૅક્નિક, કલ્પના, સંવાદકલા અને સંઘર્ષનું તત્ત્વ કેવું હોય છે તેની રસપ્રદ સમજૂતી આપી હતી.

## સંસ્કૃત ગરબા મહોત્સવ

* તા. ૩૦/૦૯/૨૦૧૪ના રોજ ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના સંસ્કારભવનમાં સંસ્કૃત ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યા ડૉ. અમૃતા પી. પટેલના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ ડૉ. યોગિનીબહેન વ્યાસે સંસ્કૃત ગરબાની લાક્ષણિકતાઓનો પરિચય કરાવ્યો હતો. વિદ્યાર્થિનીઓએ વૈવિધ્યપૂર્ણ સંસ્કૃત ગરબા ગાનની પ્રસ્તુતિ કરીને પોતાની કલા અને ઉત્સાહનાં દર્શન કરાવ્યાં હતાં.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

* 'પ્રધાનમંત્રીશ્રી જન–ધન યોજના' અંતર્ગત તા. ૨૮/૮/૧૪ના રોજ અખિલ ભારતીય સ્તરે દેના બૅંકનો કાર્યક્રમ ગાંધીમંદિર ખાતે યોજાયેલ, જેનું ઉદ્‌ઘાટન મુખ્ય મંત્રીશ્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સર્વ વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ગણેશસ્તુતિ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી આનંદીબહેનના હસ્તે આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને રૂ. ૫૧૦૦ રોકડ પુરસ્કાર અને ૧૦ વિદ્યાર્થિનીઓને ફ્રુટ બાસ્કેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## સ્વચ્છતા અભિયાન

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલની પ્રેરણાથી 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત 'મારું સ્વચ્છ અને સુંદર વિશ્વ' વિષય હેઠળ વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી તથા ગાંધીનગર શાખાની તમામ શાળા – કૉલેજોમાં અભ્યાસ કરતાં અંદાજિત ૫૨૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૨૭૨૯૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'સ્વચ્છતા અભિયાન'ના થીમને કેન્દ્રમાં રાખીને ધોરણ ૩થી ૮નાં બાળકો માટે 'સ્વચ્છ ઘર,

સ્વચ્છ શાળા, સ્વચ્છ ગામ / શહેર', ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છતા લાવે સુંદરતા' અને સ્નાતક – અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છ ભારતના નિર્માણ માટે મારી ભૂમિકા' વિષયો નક્કી કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ બૌદ્ધિક સ્તર અનુસાર આ વિષય પસંદગી પાછળનું મૂળભૂત કારણ એ કે વિદ્યાર્થીઓ પોતે પોતાના આસપાસના પરિવેશ તે સ્વચ્છ રાખવા માટે શો ફાળો આપી શકે, પોતાની શી ભૂમિકા હોવી જોઈએ તે સંબંધી વિચારતા – ચિંતન કરતા થાય અને પોતાના પરિવેશને સ્વચ્છ રાખવા પ્રેરાય તે રહેલ છે. આ બધા વિષયો હેઠળ પ્રાપ્ત નિબંધો પૈકી પ્રત્યેક વિભાગ અને શાળા-કૉલેજ દીઠ શ્રેષ્ઠ ૧૦ નિબંધો પસંદ કરવામાં આવ્યા હતા. હવે, આ પૈકી જે તે વિભાગ અને શાળાદીઠ પ્રથમ ત્રણ ક્રમે પસંદ કરવામાં આવનાર નિબંધોના વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવશે. આ સ્પર્ધાના કૉ-ઓર્ડિનેટર તરીકે અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના પ્રા. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સંભાળવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ કેળવણી મંડળ દ્વારા સંચાલિત શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૧૨માં 'તમારી માતાને હસાવો' વિષય હેઠળ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

* ભારત સરકાર તથા ગુજરાત સરકાર પ્રેરિત ભારત 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૦૨/૧૦/૨૦૧૪ના રોજ 'સ્વચ્છ ભારત અભિયાન સપ્તાહ'નો સમાપન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે સર્વધર્મ પ્રાર્થના બાદ NSS પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભારતીબહેન દલવાડીએ આ અભિયાનની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ત્યાર બાદ આચાર્યશ્રી ડૉ. અમૃતાબહેન પટેલ તથા પ્રા. ભારતીબહેન દલવાડીના માર્ગદર્શનમાં રચાયેલી સ્વચ્છતા સમિતિ અને સમગ્ર કૉલેજ પરિવારે સ્વચ્છ ભારતના શપથ ગ્રહણ કર્યા હતા. કાર્યક્રમને અંતે મહાત્મા ગાંધીને પ્રિય એવા નરસિંહ મહેતાના ભજન વૈષ્ણવજનનું સમૂહગાન કરવામાં આવ્યું હતું.

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV)ની બી.એડ્. અને એમ.એડ્. કૉલેજોના સમગ્ર પરિવાર દ્વારા તા. ૧/૧૦/૧૪ના રોજ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્વયે ત્રણેય કૉલેજોમાં સઘન સફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું, તેમજ તા. ૧૩/૯/૧૪ના રોજ 'સ્વચ્છ ભારત માટેના નિર્માણ માટેની મારી ભૂમિકા' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓનો સૂર રહ્યો હતો કે સ્વચ્છ ભારત માટેના નિર્માણ માટે લોકોને જાગૃત કરવા માટે સ્વચ્છતાને લગતી ફિલ્મો, નાટકો, ગીતો, રેલી વગેરેનું આયોજન કરવું જોઈએ.

## હિન્દી દિવસ

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV) ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૫/૯/૧૪ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં તાલીમાર્થીઓએ હિન્દી ભાષામાં પ્રાર્થના, દોહા, ગીત, નૃત્ય, સુવિચાર વગેરેની ઉમંગભેર રજૂઆત કરી હિન્દી દિવસના મહત્ત્વ વિશેની જાણકારી આપી હતી.

* સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજ, કડીમાં પ્રશિક્ષણાર્થીઓ હિન્દી ભાષાનું મહત્ત્વ સમજે એ હેતુથી હિન્દી દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થી બહેનો દ્વારા હિન્દીમાં દોહા, નાટક, વક્તવ્ય, સમૂહગીત, દેશભક્તિ ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં.

# શાળા વિભાગ

## કાનૂની શિક્ષણ શિબિર

* તારીખ ૪/૮/૧૪ ના રોજ શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને એસ. બી. પટેલ ઉ. મા. કન્યાશાળા, ગાંધીનગર દ્વારા નાથીબા હૉલમાં વિદ્યાર્થિનીઓ કાનૂની કાયદાઓથી પરિચિત થાય તે હેતુથી કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટના સિનિયર વકીલ શ્રીમતી ક્ષમાબેન ચૌહાણ તથા સામાજિક કાર્યકર અને સેશન કોર્ટના કાયમી સમાધાન પંચના સભ્યશ્રી સુધીરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

તેમણે વિવિધ કાયદાઓ, લોક - અદાલત તેમજ મહિલા અને બાળસુરક્ષા અંગેના કાયદાઓની જાણકારી આપી હતી. આ શિબિરમાં સમગ્ર શાળા–પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમના અંતમાં આચાર્યબહેનશ્રી સુધાબહેન પટેલે સૌ પ્રતિ આભાર વ્યક્ત કર્યો.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

* તા. ૧૩/૯/૧૪ના રોજ ગાંધીનગર શહેર કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન શિક્ષકોના સહિયારા પ્રયાસથી પાંચ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પૈકીની નીચેની ચાર કૃતિઓની પસંદગી જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે કરવામાં આવી છે. ૧. મૂળ માપ કરતાં મોટી આકૃતિ દોરવા માટેનું સાધન-પેન્ટોગ્રાફ : પટેલ જીનલ જી. અને પટેલ જય વી. (શિક્ષક : પટેલ અશોકભાઈ એસ.) ૨. કુદરતી હોનારતોની અગમચેતી દર્શાવતું મોડેલ : પટેલ પૂજન જે. અને માંડણકા ધ્રુવ બી. (શિક્ષક : પટેલ અરવિંદભાઈ એમ.) ૩. ઓટોમેટિક સોલાર વાયપર : શાહ મીત એસ. અને પ્રજાપતિ કુંજલ આર. (શિક્ષક : પટેલ દિનેશભાઈ કે.) ૪. વિદ્યુત ચુંબકથી ચાલતી બસ : વાઘેલા રાજવીરસિંહ વી. અને પટેલ મયૂર ડી. (શિક્ષક : પટેલ નિમેષભાઈ એસ.)

## ગ્રૂપ ડાન્સ

* શ્રી ભુવનેશ્વરી મહાદેવ યુવકમંડળ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ આયોજિત શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, ગાંધીનગર સેક્ટર-૬ ડી દ્વારા ગ્રૂપ ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૨૦ જેટલાં ગ્રૂપોએ ભાગ લીધો હતો. આ પૈકી શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

## ટપાલ ટિકિટ પ્રદર્શની

* સિનિયર સુપરિન્ટેન્ડન્ટન્સ ઓફ પોસ્ટ – ઑફિસ, ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષાનું ટપાલ ટિકિટ પ્રદર્શન તા. ૨૫/૭/૨૦૧૪ ના રોજ યોજવામાં આવ્યું હતું, જેમાં ભારતમાં ટપાલ વિભાગની શરૂઆત થઈ ત્યારથી વર્ષ ૨૦૧૪ દરમિયાન બહાર પાડેલ તમામ ટિકિટોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેની મુલાકાત શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને એસ. બી. પટેલ ઉ. મા. કન્યા- શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ લીધી હતી. આ ઉપરાંત ક્વીઝ સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો.

## ટોય હાઉસ

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી કૅમ્પસમાં 'શ્રીમતી મંગળાબહેન ઈશ્વરભાઈ પટેલ (ઊંટવાવાળા) 'ટોય હાઉસ' ' નિર્માણ કરવામાં આવતાં તેનું ઉદ્‌ઘાટન દાતાશ્રી ઈશ્વરભાઈ એમ. પટેલના વરદહસ્તે તારીખ ૩૦/૮/૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, મંત્રીશ્રી મણિભાઈ પટેલ, મંત્રીશ્રી મહેશભાઈ પટેલ, ડૉ. બાબુભાઈ, કડી નગરપાલિકાના ચીફ ઑફિસર નરેશભાઈ પટેલ, અન્ય પદાધિકારીશ્રીઓ, દાતાશ્રીઓ, સભ્યશ્રીઓ, ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ, કર્મચારીગણ, વાલીઓ તથા બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ટોય હાઉસના કન્વીનરશ્રી, રાજકુમાર વર્માએ શ્રીમતી ગોમતીબહેન રામભાઈ પટેલ કિન્ડર ગાર્ટન પરિવાર તેમજ બાળકલાકારોને રંગબેરંગી અને કલાત્મક વેશભૂષામાં સજ્જ કરી તેમના દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાવ્યો હતો. અદ્યતન ટૅક્નોલોજીના વિનિયોગથી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તૈયાર થયેલ આ ટોય હાઉસ ખરા અર્થમાં કલાત્મક, દર્શનીય અને નયનાભિરમ્ય છે.

## દેશભક્તિ ગીત સ્પર્ધા

* શ્રીમતી કે. એ. પટેલ શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીમાં તારીખ ૧૩/૮/૧૪ના રોજ દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૧૪/૮/૧૪ના રોજ જન્માષ્ટમીની ઉજવણી અંતર્ગત નૃત્ય, નાટક તથા મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા. ૨૯/૮/૧૪ના રોજ શાળામાં કારકિર્દી માર્ગદર્શન સલાહ અંતર્ગત નિબંધ તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

* એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગર તા. ૧૩ ઑગસ્ટ–૨૦૧૪ ના રોજ ધોરણ ૫થી ૮ ના વિદ્યાર્થીઓ માટે દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'યે દેશ હૈ વીર જવાનોં કા', 'સત્ય મેવ જયતે' 'કંધો સે કંધે' 'મિલ જાયે' આઓ બચ્ચોં તુમ્હેં અને 'મા તુઝે સલામ' જેવાં દેશભક્તિ ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. સ્પર્ધાના અંતે પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિજેતાં ગ્રૂપોને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

## નિબંધ લેખન

* અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા ૧૫મી ઑગસ્ટના રોજ નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પૈકી પટેલ અર્જુન (પ્રથમ), વાઘેલા શક્તિરાજસિંહ (દ્વિતીય) અને પરમાર વૈભવ તથા નાવડિયા પ્રદીપ (તૃતીય) અને જાદવ હર્ષ પાંચમા સ્થાને વિજેતા થતાં અનુક્રમે રૂ. ૨૦૦, રૂ. ૧૦૦, રૂ. ૫૦ અને રૂ. ૨૫નું રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું હતું.

## પ્રકૃતિઉધાન

* શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને એસ.બી. પટેલ ઉ.મા. કન્યાશાળા, ગાંધીનગરની વિજ્ઞાનપ્રવાહની વિદ્યાર્થિઓની ઇન્દ્રોડા પાર્કની મુલાકાતનું તા. ૨૬/૭/૨૦૧૪ રોજ આયોજન કરવામાં આવ્યું. આ મુલાકાતમાં શાળાની ધો.૧૧ અને ૧૨ની કુલ ૩૦૦ વિદ્યાર્થિનીઓ અને ૧૦ શિક્ષકો જોડાયા હતા.

## મહિલા દિવસ

*શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને એસ. બી. પટેલ ઉ. મા. કન્યા શાળા, ગાંધીનગર દ્વારા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલા દિવસની ઉજવણી તા. ૮/૮/૧૪ ના રોજ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ. એમ. બારડે ગુજરાત રાજ્યનાં મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેનના મહિલાઓ પ્રતિના સંદેશની ઝાંખી કરાવી ગુજરાતની મહિલાઓ પગભર અને આત્મવિશ્વાસ કેળવે, સશક્ત અને સંસ્કારી બને તેવો સંદેશ શાળાની વિદ્યાર્થિનીઓને આપ્યો હતો. શ્રી ધવલભાઈએ સોફ્ટવર વિશે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. શ્રીમતી ક્ષમાબહેને કૉલ સેન્ટરમાં નોકરી દરમિયાન કઈ કઈ કાળજી રાખવી તેમજ જાતીય સતામણીના સંજાગોમાં ક્યાં ફરિયાદ કરવી અને કેવી રીતે તેની કામગીરી થાય છે તેની ઊંડી સમજ આપી હતી. શ્રી મલિકે (ટેક–મહિન્દ્ર કંપની) એ મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું, મહિલાઓએ પોતાના પર્સમાં સ્વરક્ષણાર્થે કઈ કઈ વસ્તુઓ રાખવી અને પોતાની જાતને કઈ રીતે બચાવવી તે અંગેની સમજ પૂરી પાડી હતી. આચાર્યશ્રી સુધાબેન પટેલે આભારવિધિ કરી હતી.

## મહિલા સુરક્ષા

* પોલીસ અધીક્ષકની કચેરી, ગાંધીનગર દ્વારા મહિલા સુરક્ષા અંતર્ગત વિદ્યાર્થિનીઓના જાતીય હુમલા વિરુદ્ધ સ્વ-રક્ષણની પ્રાથમિક તાલીમ કાર્યક્રમનું આયોજન શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને એમ. બી. પટેલ ઉ.મા. કન્યાશાળા, ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પી. આઈ. કે. એમ. જોસેફ, પી. એસ. આઈ. એસ. એમ. ચૌધરી અને A.S.I દિલીપસિંહ ચાવડા અને બ્લેક બેલ્ટ પ્રજ્ઞેશભાઈ મેસરીયાએ ખાસ ઉપસ્થિત રહી ધો. ૯ અને ૧૧ની ૭૦૦ વિદ્યાર્થિનીઓને પ્રશિક્ષણ પૂરું પાડ્યું હતું. શ્રી જોસેફ શાળાની બહાર અસામાજિક તત્ત્વોથી દૂર રહેવા તથા તેવાઓની જાણ વાલી દ્વારા અથવા તો પોતે નામી કે અનામી રીતે પોલીસ-સ્ટેશને કરવા, અજાણ્યા લોકાની બાઈક અથવા કારમાં કયારેય લિફ્ટ ન લેવા, કોઈ મુશ્કેલી હોય ત્યારે હેલ્પલાઈન નંબર ૧૦૯૮ અને મહિલા હેલ્પલાઈન – ૧૦૯૧ પર જાણ કરવા વગેરે સંબંધી શીખ આપી હતી. બ્લેક બેલ્ટ પ્રજ્ઞેશભાઈ મેસરીયા દ્વારા વિદ્યાર્થિનીઓએ સ્વ–બચાવ માટે પોતાના પર્સમાં સ્પ્રે. મરચાની ભૂકી રાખવા, ડ્રેસમાં સેફ્ટી પીન ભરાવી રાખવા, તેમ જ આંખકાન, ગરદન પર કઈ રીતે મારવું, કમર નીચે કઈ રીતે ઈજા પહોંચાડવી, પગના એન્ગલ પર કઈ રીકે ઈજા કરવી વગેરે ટેક્નિકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું,

તેમ જ આ બધી જ ટેકનિકો નું પેક્ટિકલ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ આચાર્યશ્રી સુધાબેન પટેલે કરી હતી.

* મહિલા સુરક્ષા માટે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા 'સુરક્ષા સેતુ' કાર્યક્રમ તા. ૬-૮-૧૪ના રોજ ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના ખીમજી વિસરામ હૉલમાં યોજાઈ ગયો. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ હોસ્ટેલોની ૧૨૦૦ જેટલી છાત્રાઓ ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમમાં શ્રી ડી. ટી. સોની (જિલ્લા ન્યાયાધીશ), શ્રુતિ મહેતા (ડી.વાય.એસ.પી.), અંજનાબા ચૌહાણ (પી.એસ.આઈ.), ડી. એમ. વ્યાસ તથા એમ. એ. મીરઝા (જિલ્લા ન્યાયાલય) વગેરે નિષ્ણાતોએ કાનૂની અને રક્ષણાત્મક વિશે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી સોની સાહેબે આપણી સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. શ્રી ધનાકાકા તથા વર્તમાન પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલની સંસ્થાસેવા – નિષ્ઠાઓને ખૂબ જ ભાવપૂર્વક બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા અને સંચાલન હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રીમતી કૌશલ્યાબહેને કર્યું હતું.

## માઈન્ડ પાવર વર્કશોપ

* બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા તા. ૬/૭/ ૨૦૧૪ના રોજ માઈન્ડ પાવર વર્કશોપ ખીમજી વિશરામ હૉલમાં યોજાઈ ગયો, જેમાં આર. જી. કન્યા માધ્યમિક શાળાના શિક્ષક શ્રી રામભાઈ પટેલ ઉપરાંત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગની ૬૫ વિદ્યાર્થિનીઓ પોતાના વાલીઓ સાથે હાજર રહી હતી. આ વર્કશોપમાં ડૉ. બંકિમચંદ્ર જાની દ્વારા હકારાત્મક અભિગમ અંગે તથા અજાગૃત મનમાં રહેલી શક્તિઓ, અભ્યાસની રીત વગેરે અંગે સમજણ આપવામાં આવી હતી.

## મેડિકલ પ્રવેશ

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર સંચાલિત વિવિધ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પૈકી વર્ષ ૨૦૧૩-૧૪માં મેડિકલ MBBSમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની યાદી.

**શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર** ૧. દીપ જગદીશભાઈ કાપડિયા (બી. જે. મેડિકલ કૉલેજ), ૨. સ્મિત રમણભાઈ પટેલ (બી. જે. મેડિકલ કૉલેજ), ૩. સાફીન મુસ્તુફાભાઈ મનસૂરી (બી. જે. મેડિકલ કૉલેજ), ૪. રામાણી ગુંજન વિનોદભાઈ (બી. જે. મેડિકલ કૉલેજ), ૫. પિનલ રામુભાઈ ભોઆ (બી. જે. મેડિકલ કૉલેજ), ૬. રીમા દિનેશભાઈ પટેલ (બરોડા), ૭. ડેનિકા વિષ્ણુભાઈ પટેલ (બરોડા), ૮. કાજલ બિપિનભાઈ પટેલ (બરોડા), ૯. હિરેન ડાહ્યાભાઈ વાઘેલા (બરોડા), ૧૦. દિવ્ય રમેશભાઈ ચાવડા (બરોડા), ૧૧ હીલી દીપકકુમાર પટેલ (ગાંધીનગર), ૧૨. ભૂમિ નરેશભાઈ પટેલ (ગાંધીનગર), ૧૩. ફોરમ દિનેશભાઈ પટેલ (જામનગર), ૧૪. કેયૂર રાજેન્દ્રકુમાર પંડ્યા (જામનગર), ૧૫. અનિષ વિષ્ણુભાઈ પટેલ (જામનગર), ૧૬. કાજલ પુરુષોત્તમભાઈ પટેલ (રાજકોટ), ૧૭. રિંકલ દિનેશભાઈ ગોહિલ (રાજકોટ), ૧૮. મિત અજયકુમાર વ્યાસ (રાજકોટ), ૧૯. સાગર કિશોરભાઈ ચૌહાણ (રાજકોટ), ૨૦. અક્ષય હસમુખભાઈ પરમાર (રાજકોટ), ૨૧. ક્રિદા અશોકભાઈ પટેલ (પાટણ), ૨૨. ઉદય વિઠ્ઠલદાસ પટેલ (પાટણ), ૨૩. નિતિ શૈલેશભાઈ ગોર (ગુજરાત કૅન્સર સોસાયટી), ૨૪. પ્રિયા કિરીટભાઈ ચૌધરી (એલ.જી.), ૨૫. અભિષેક ચંદ્રકાન્તભાઈ પટેલ (વી.એસ), ૨૬. ભૂમિકુંવરબા ચંપકસિંહ પરમાર (એલ.જી.), ૨૭. ધ્રુવેન કનૈયાલાલ પટેલ (સુરેન્દ્રનગર), ૨૮. મૌલિન યશવંતસિંહ રાઠોડ (સુરત), ૨૯. નિરાલી પરેશભાઈ વાસ્વે (જામનગર), ૩૦. મિલન અશોકકુમાર પટેલ (સોલા), ૩૧. રાઠોડ નિલય હેમચંદ્રભાઈ (ગુજરાત કૅન્સર સોસાયટી), ૩૨. રચના મહેન્દ્રકુમાર પટેલ (સુરત), ૩૩. ફેની ભરતભાઈ પટેલ (સુરત), ૩૪. પ્રજાપતિ નિકીતા રાકેશકુમાર (સુરેન્દ્રનગર), ૩૫. ભુદરા મૌલિક કાન્તિભાઈ (ગુજરાત કૅન્સર સોસાયટી), ૩૬. શેઠ શૈલેષકુમાર (સોલા). **એમ. બી. પટેલ ઇંગ્લિશ મિડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,** ગાંધીનગર : ૧ ઝાલા કૃષ્ણપાલ (ગોમેડ, ગોત્રી, વડોદરા). **શ્રીમતી આર. જી. કન્યા સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,** ગાંધીનગર : ૧. રાઠવા ધર્મિકા બી. (બી. જે મેડિકલ,

અમદાવાદ), ૨. દેસાઈ આરતી ડી. (પાટણ), ૩. પરમાર અસ્મિતા જે. (કરમસદ), ૪. પાન્ડોર કોરલ વી. (સુરેન્દ્રનગર), ૫. ચૌહાણ કિન્નરી એન. (ગાંધીનગર). **શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,** ગાંધીનગર : ૧. પરમાર રંજનબહેન ધનાભાઈ (બી. જે. મેડિકલ, અમદાવાદ), ૨. ગઢવી વિક્રમસિંહ મુકેશદાન (એલ.જી. ગાંધીનગર), ૩. ચૌધરી જૈમીકકુમાર સવજીભાઈ (એલ.જી. અમદાવાદ), ૪. ચૌધરી ઋષભ ઈશ્વરભાઈ (નાસિક), ૫. ચૌધરી હેમલ હર્ષદભાઈ (નાસિક).

## રક્ષાબંધન પર્વ

*શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં તા. ૯/૮/૨૦૧૪ રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વનું માહાત્મ્ય સમજાવ્યું હતું. આ પ્રસંગે ભગિની સંસ્થા શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની બહેનોએ શાળામાં પધારી તમામ વિદ્યાર્થી ભાઈઓએ રાખડી બાંધી હતી અને ભાઈઓના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. ભાઈ–બહેનના અતૂટ પ્રેમની પ્રતીતિ કરાવતા રક્ષાબંધન પર્વની ઉજવણીના ભાગરૂપે પર્વને અનુરૂપ ગીતો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં.

* શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ. બી. પટેલ ઉ.મા. કન્યાશાળા ગાંધીનગર દ્વારા તા. ૯/૮/૧૪ ના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થના સભામાં શાળાની વિદ્યાર્થિનીઓને રક્ષાબંધન પર્વની સમજ તથા મહત્ત્વ સમજાવવામાં આવ્યાં. આ સાથે જ શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા રક્ષાબંધન પર્વ આધારિત ભાઈ-બહેનના પ્રેમને લગતાં ગીતો 'ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ', 'ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના', 'એક હજારોં મેં મેરી બહેના હૈ', 'રક્ષા બાંધું છું મારા વીરને રે' ગીતો રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત, મંડળ દ્વારા પણ સમગ્ર કેમ્પસમાં રક્ષાબંધન પર્વની સામૂહિક રીતે ઉજવણી કરવામાં આવતાં. શાળાની વિજ્ઞાનપ્રવાહની વિદ્યાર્થિનીઓએ ફાર્મસી કૉલેજ ભાઈઓને રક્ષા બાંધી હતી.

## રથયાત્રા

* હીરાબહેન વિઠ્ઠલભાઈ પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગરમાં તા. ૨૮/૬/૧૪ના રોજ રથયાત્રાની ઉજવણીના ભાગરૂપે બાલમંદિરનાં ભૂલકાંઓએ રામ, બલરામ, સુભદ્રા અને હનુમાનની વિવિધ વેશભૂષાઓમાં તૈયાર થઈને રથયાત્રાનું અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું. પ્રભુ જગન્નાથજીએ તેમનાં ભાઈ-બહેનની સાથે કડી સંકુલના કેમ્પસમાં ફરીને પદયાત્રા કરેલ. સમગ્ર કેમ્પસ ''જય રણછોડ માખણ ચોર''ના નારાથી ગાજી ઊઠ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાલમંદિરનાં આચાર્ય શ્રી હસુમતીબહેન તેમ જ ક્રિએટીવ જોનનાં ઇન્ચાર્જ શ્રી કિરણબહેનના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.

## રમતગમત

* ગાંધીનગર શહેર પશ્ચિમ વિભાગ વ્યાયામ મંડળ આયોજિત રમત-ગમત સ્પર્ધામાં એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ખો-ખોની ટીમ જિલ્લા કક્ષાએ વિજેતા બની હતી.આ ટીમમાંથી શ્રુતિ એચ. ગામીત અને કિના એન. પટેલની રાજ્યકક્ષાની ટીમ માટે પસંદગી કરવામાં આવી છે, જ્યારે શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પૈકી ૧૦૦ મીટર દોડ : ચરપોટ ધ્રુવ લખજીભાઈ (પ્રથમ) અને પટેલ હેત વિક્રમભાઈ (દ્વિતીય); વિઘ્નદોડ : પટેલ હેત વિક્રમભાઈ (પ્રથમ) અને ચૌધરી હર્ષ પ્રવીણભાઈ (દ્વિતીય); ગોળાફેંક : દેસાઈ હેમાંગ અમૃતભાઈ (પ્રથમ) અને ચક્રફેંક : શાહ નિસર્ગ રાજેશભાઈ (પ્રથમ ક્રમે) વિજેતા થયેલાં છે. ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની રમત-ગમત સ્પર્ધામાં આ શાળાના વિદ્યાર્થીઓ : વિઘ્નદોડ : પટેલ હેત વિક્રમભાઈ (પ્રથમ), રીલે દોડ (ટપ્પા દોડ) : પટેલ હેત વિક્રમભાઈ, પટેલ હેમાંગ અમૃતભાઈ, ચૌધરી હર્ષ પ્રવીણભાઈ અને ચરપોટ ધ્રુવ લખજીભાઈ પ્રથમ ક્રમે વિજેતા થયાં જ્યારે શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ પૈકી ગોળાફેંકમાં ગામેતી નિધિ ડી. (ધો. ૮બ; પ્રથમ નંબર) અને દેસાઈ કેશર બી. (ધો. ૮ઈ - તૃતીય નંબર); ૧૦૦ મીટર દોડ : પટેલ આંચલ એ. (ધો. ૮ડ - પ્રથમ નંબર) તથા લાંબી કૂદમાં ગોહિલ મેઘલ

બી. (ધો. ૮બ - તૃતીય નંબર) પ્રાપ્ત કરેલ છે. આ પૈકી ગામેતી નિધિ અને પટેલ આંચલ રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે.

## રાઇફલ શૂટિંગ

* તા. ૧૪/૮/૧૪ના રોજ આયોજિત મહેસાણા જિલ્લા રાઇફલ શૂટિંગ સ્પર્ધામાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓ U-૧૪ ભાઈઓ : ૧. પટેલ જૈમિન (ધો. ૮), ૨. પટેલ મલ્હાર (ધો. ૮) અને ૩. પ્રજાપતિ હિમીલ એચ. (ધો. ૮); U-૧૭ ભાઈઓ : ૧. માલવી ફૈયાઝ એ. (ધો. ૯) અને ૨. સોલંકી વિક્રમ (ધો. ૯); U-૧૯ ભાઈઓ : ૧. લુહાર નીકેત એમ. (ધો. ૧૨) અને ૨. પટેલ તૃપલ (ધો. ૧૧) એ જિલ્લામાં પ્રથમ સ્થાને વિજેતા થતાં રાજ્યકક્ષાની રાઇફલ શૂટિંગ સ્પર્ધા માટે પસંદગી પામેલા છે.

## વકતૃત્વ સ્પર્ધા

* નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈ જન્મદિન પ્રસંગે તા. ૧૨ ઑગસ્ટના રોજ ધોરણ ૫થી ૮ ના વિદ્યાર્થીઓ માટે 'વિજ્ઞાન ટેક્નોલોજીમાં ડૉ. વિક્રમ સારાભાઈનો ફાળો' વિષય હેઠળ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૮-બી ના વિદ્યાર્થી જીનલ ઘનશ્યામભાઈ પટેલે તૃતીય સ્થાન પ્રાપ્ત કરતાં પુરસ્કાર પેટે ૩૦૦ રૂપિયા રોકડા અને પ્રમાણપત્ર મેળવેલ છે.

## વાચન સ્પર્ધા

* એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં બાળકો માટે તા. ૨૬મી જુલાઈના રોજ વાંચન સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ધોરણ ૧થી ૪નાં ૬૯ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાળકોની કક્ષા અનુસાર કાવ્ય વાંચન, વાર્તા વાંચન અને વર્તમાનપત્ર વાચન કરવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ

* AFS અંતર્ગત (૧) ડેનિવો (યુ.એસ.એ.), (૨) જોર્ડન (ઇન્ડોનેશિયા) અને (૩) એલેકજાન્ડર (ઇટાલી) ૧ વર્ષ માટે એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં અભ્યાસ માટે આવ્યા છે. ૨૦૦૬થી અત્યાર સુધીમાં ૮ વિદ્યાર્થીઓ વિવિધ દેશોમાંથી અહીં અભ્યાસ માટે આવ્યા હતા અને આ શાળાના ૪ વિદ્યાર્થીઓ વિવિધ દેશમાં વિદ્યાભ્યાસ માટે ગયા હતા. ચાલુ વર્ષે આ શાળાનાં પ્રેક્ષા રાવલ (સ્વિટ્ઝરલૅન્ડ) અને પૂર્વા શર્મા (યુ. એસ. એ.) અભ્યાસ માટે જશે.

## શિક્ષકદિન

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૫/૯/૧૪ના રોજ 'શિક્ષકદિન'ની ઉજવણી કરવામાં આવી. આ દિવસે વિદ્યાર્થિનીઓએ વિવિધ ફરજો બજાવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિની પટેલ અનુશ્રીએ 'મારા જીવનમાં શિક્ષકનું મહત્ત્વ' વિશે મંતવ્ય રજૂ કર્યું હતું.

* આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૫/૯/૧૪ના રોજ 'શિક્ષકદિન'ની ઉજવણી અંતર્ગત સમગ્ર શાળાનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ૭૧ વિદ્યાર્થીઓએ વિવિધ સ્તરની કામગીરી બજાવી હતી. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ પૈકી પુરાણી જય અશોકભાઈ (ધોરણ-૮/સી)ની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આચાર્યશ્રી દશરથભાઈ કે. પટેલે પ્રસંગોચિત પ્રવચનમાં શિક્ષકની ગરિમાને ઊજાગર કરી હતી.

## શિક્ષકોનું સન્માન

* ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં સાત વર્ષના પુરસ્કૃત શિક્ષકો પૈકી મહારાષ્ટ્ર સરકારે કુલ ૭ શિક્ષકોને પસંદ કરીને તેમની કાર્યપદ્ધતિને બિરદાવી પ્રત્યેકને માનદ્ ઉપાધિ તથા રૂ. ૫૦૦૦/- રોકડ ઇનામ, ટ્રોફી અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ સન્માનિત શિક્ષકો પૈકી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરનાં શિક્ષિકા ડૉ. વર્ષા બી. પારેખને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## શૈક્ષણિક પ્રવાસ

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા,

ગાંધીનગર દ્વારા તા. ૮-૧૦-૧૪ના રોજ ધો. ૪,૫,૬ની વિદ્યાર્થિનીઓ માટે કાંકરિયા, વૈષ્ણોદેવી, અડાલજની વાવ અને ત્રિમંદિરની શૈક્ષણિક પિકનીકનું તથા ધોરણ ૭ તથા ૮ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૯ થી તા. ૧૩-૧૦-૧૪ સુધી ભૂજ, કોટેશ્વર, નારાયણ સરોવર, માતાનો મઢ, માંડવી, અંબેધામ અને અંજારના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક શિબિર

* બાળકોમાં શ્રેષ્ઠ સંસ્કાર સિંચન થઈ શકે તે હેતુથી શિક્ષકોને સજ્જ કરવા માટે ગાયત્રી પરિવાર શાંતિકુંજ, – હરિદ્વાર દ્વારા શૈક્ષણિક કાર્યશિબિરનું આયોજન વૅકેશન દરમિયાન હરિદ્વાર ખાતે તા. ૧થી ૩ જૂન, ૨૦૧૪ દરમિયાન કરવામાં આવેલ, જેમાં ગુજરાત રાજ્યની વિવિધ શાળાઓના શિક્ષકોને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. આ અન્વયે શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરના શિક્ષક શ્રી મનુભાઈ એચ. પટેલ અને શ્રીમતી પ્રીતિબહેન વી. શુક્લએ હાજરી આપી હતી.

## શ્રેષ્ઠ શાળા

* વર્ષ ૨૦૧૩-૧૪માં ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગર તથા શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા સમગ્ર ગુજરાતની શ્રેષ્ઠ શાળાઓની પસંદગી યોજના અંતર્ગત રાજ્યના પ્રત્યેક જિલ્લાની શ્રેષ્ઠતમ ત્રણ શાળાઓની પસંદગી કરવામાં આવી. શ્રેષ્ઠ શાળાની પસંદગીની પ્રક્રિયા અંતર્ગત શાળા ભાવાવરણ, અસરકારક વર્ગકાર્ય, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરિણામો, પરિણામલક્ષી લોકભાગીદારી, શાળાની પ્રેરક વિશેષતાઓ, શાળા દ્વારા ઊભી કરાયેલ ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, સામાજિક ભાગીદારી, વાલીઓ–વિદ્યાર્થીઓનું શાળામાં યોગદાન વગેરે ચોક્કસ માળખાને આધારે શાળાનું મૂલ્યાંકન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવતાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા સેકન્ડરી અને શ્રીમતી એસ. વી. પટેલ કન્યા હાયર સેકેન્ડરી સ્કૂલ, ગાંધીનગરને ગાંધીનગર જિલ્લાની દ્વિતીય ક્રમની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી થતાં રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ)નો ચેક DEO કચેરી દ્વારા એનાયત કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે પ્રથમ ક્રમે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, કલોલ અને તૃતીય ક્રમે માણસા તાલુકાના ખરણા ગામની પંચશીલ વિદ્યાલય રહેલ છે. આ ત્રણેય શાળાના સંચાલકો અને આચાર્યો / શિક્ષકોને હાર્દિક અભિનંદન. અત્રે ઉલ્લેખનીય છે કે આ શાળા વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમિયાન રાજ્ય સરકારની 'થર્ડ પાર્ટી ઈવેલ્યુએશન' યોજના હેઠળ પણ રાજ્યની ૧૦ શ્રેષ્ઠ શાળાઓમાં પસંદગી પામી હતી.

## સ્કેટિંગ

* એન. જી. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલ, મહેસાણા ખાતે તા. ૧૨/૮/૧૪ના રોજ જિલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ ગઈ, જેમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓ U-૧૧ બહેનો : ૧ પટેલ કૃષા એસ. (ધો. ૬) અને ૨. પટેલ ધ્રુવી જે. (ધો. ૩); U-૧૪ બહેનો : ૧. પટેલ પૂજા એ. (ધો. ૭) U-૧૪ ભાઈઓ : ૧. પટેલ જય જે. (ધો. ૬), ૨. પટેલ તીર્થ વી. (ધો. ૬) અને ૩. ચંચલકુમાર એસ. (ધો. ૬); U-૧૧ ભાઈઓ : ૧. વાઘેલા અંકિત વાય. (ધો. ૪) એ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

◆

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૪, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૪, સળંગ અંક : ૨૩**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી કેમ્પસમાં 'શ્રીમતી મંગળાબેન ઈશ્વરભાઈ પટેલ (ઊંટવાવાળા) ટૉય હાઉસ'ના ઉદ્‌ઘાટન પ્રસંગનાં દૃશ્યો

શ્રીમતી મંગળાબેન ઈશ્વરભાઈ પટેલ (ઊંટવાવાળા) 'ટૉય હાઉસ'



'ટૉય હાઉસ'ના દાતાશ્રી ઈશ્વરભાઈ પટેલ 'ટૉય હાઉસ'નું ઉદ્‌ઘાટન કરી રહ્યા છે.



'ટૉય હાઉસ'ના આંતરિક વિભાગનું ઉદ્‌ઘાટન કરતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ



'ટૉય હાઉસ'ના એક અન્ય આંતરિક વિભાગનું ઉદ્‌ઘાટન કરતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ ધ. પટેલ

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 4, Issue No. 5 September, October, 2014**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના વરદ્દહસ્તે લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર
શ્રી રઘુવીર ચૌધરીને એનાયત કરવામાં આવતો 'મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર'

